MARKET 4U
જંગ-એ-ગુજરાત
અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । શનિવાર । તા. ૧૫-૦૨-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

2 ભારતની નીચલી અદાલતોમાં કુલ ૨.૯૧ કરોડ કેસ પેન્ડિંગઃ ચોંકાવનારા આંકડા

7 હવે ચિલ્ડ્રન યુનિવર્સિટીની ભરતી પ્રક્રિયા પણ વિવાદના ઘેરામાં...?

10 ટીકટોક સ્ટાર કિર્તી પટેલને ઘુવડ સાથેના વીડિયો મામલે ૨૫ હજારનો દંડ ફટકાર્યો

12 સુરત રોબોટથી ગટરની સફાઇ કરનારું રાજ્યનું પ્રથમ શહેર બનશે

એજીઆર મામલે સુપ્રિમે ટેલિકોમ કંપનીઓ અને સરકારને રીતસર ખખડાવી નાંખી

દેશમાં કાયદો બચ્યો છે ખરો...? કોર્ટને તાળાં મારી દો : સુપ્રિમ

- ૧.૪ લાખ કરોડ ૧૭ માર્ચ સુધી ચૂકવવા આદેશ નહિતર અવમાનનો કેસ નોંધાશે, તમામ કંપનીઓના મેનેજરોને હાજર થવા આદેશ
- બાકી નાણાં ન આપનાર ટેલિકોમ કંપનીઓને કોર્ટના અવમાનના કેસ માટે તૈયાર રહેવા ચેતવણી

કંપની	બાકી(રૂપિયા)
વોડાફોન-આઈડિયા	૫૩,૦૩૮ કરોડ
ભારતી એરટેલ	૩૫,૫૮૬ કરોડ
ટાટા ટેલી	૧૩,૮૨૩ કરોડ
જીઓ, રિલાયન્સ કોમ્યુનિકેશન્સ, BSNL-MTNL પર દેવું	૪૫,૦૦૦ કરોડ
કંપનીઓ પર વ્યાજ, પેનલ્ટી સહિત દેવું	૧,૪૭૦૦૦ કરોડ
રિલાયન્સ જીઓએ ચુકવ્યા	-૧૯૫ કરોડ
હવે અન્ય કંપનીઓ પર દેવું	૧,૪૬,૮૦૫ કરોડ

આ દેશમાં રહેવા કરતા તો સારું છે દેશ છોડીને જતા રહેવું જોઈએ,કોઈ અધિકારી કોર્ટના આદેશ વિરુદ્ધ જવાની હિંમત કેવી રીતે કરી શકે છે?: સુપ્રિમનું અવલોકન



ન્યુ દિલ્હી

કાયદાકીય ક્ષેત્રે એજીઆર તરીકે જાણીતા એક કેસમાં દેશની ટેલિકોમ કંપનીઓને ૨૩ જાન્યુઆરી સુધીમાં સરકારના બાકી નિકળતા નાણાં અંદાજે ૧.૪ લાખ કરોડ ચૂકવી આપવા સુપ્રિમ કોર્ટના આદેશ સામે સરકારના જ ઓસ્ક પરના એક અધિકારીએ કોર્ટના આગામી આદેશ સુધી વસૂલાત પર પ્રતિબંધ મૂકીને કંપનીઓને રાહત આપતા અને તે ગંભીર બાબત કોર્ટના ધ્યાન પર આવતાં કોર્ટ દ્વારા કેન્દ્ર સરકાર સામે કદાચ પહેલીવાર એવી કડકમાં કડક ફટકાર લગાવી હશે જેમાં કોર્ટે ભારે નારાજગી સાથે એવું અવલોકન કર્યું કે જો કોઇ અધિકારી કોર્ટના આદેશ પર રોક લગાવવાની હિંમત કરી શકે છે તો કોર્ટ બંધ કરી દેવી જોઇએ....! સુપ્રીમના આદેશ છતા વોડાફોન,એરટેલ સહિતની મોટાભાગની કંપનીઓએ બાકીની રકમ જમા કરાવી નથી. આ અંગે સુપ્રીમ કોર્ટે કંપનીઓને પુછ્યું કે, તમારા વિરુદ્ધ કોર્ટના અવમાનનાની કાર્યવાહી કેમ ના કરવામાં આવે? કંપનીઓને બાકી રકમ જમા કરાવવાનો આદેશ આપીને સુપ્રીમ કોર્ટે ભારે હૈયે એમ પણ કહ્યું કે, 'શું આ દેશમાં કોઈ કાયદો બચ્યો છે ખરો? આ દેશમાં રહેવા કરતા તો બહેતર છે દેશ છોડીને જતા રહેવું જોઈએ.....! કાયદાના નિષ્ણાતોના મતે, દેશની સર્વોચ્ચ અદાલત દ્વારા કેન્દ્ર સરકાર સામે આ પ્રકારની

અનુસંધાન પાના નં. ૬

જજોની સમક્ષ હાથ જોડી અનેક આજીજી કરી,હાઇકોર્ટે નિર્ણય સુરક્ષિત રાખ્યો

બ્રિટન હાઇકોર્ટમાં બે હાથ જોડી ભાગેડુ માલ્યા રડ્યોઃ હું ૧૦૦ ટકા રકમ આપવા તૈયાર છું



લંડન

અનેક બેંકોના પૈસા લઈને લંડનથી ભાગી ગયેલા દારૂના વેપારી વિજય માલ્યા ગુરુવારે બ્રિટિશ હાઇકોર્ટમાં રડી પડ્યા હતા. માલ્યાએ કોર્ટમાં હાથ જોડીને કહ્યું કે ભારતીય બેંક તાત્કાલિક પૈસા પાછા લઈ લે.. રોયલ કોર્ટ જસ્ટિસની બહાર, માલ્યાએ કહ્યું, 'હું મૂળ રકમના ૧૦૦ ટકા પાછા આપવા તૈયાર છું. સીબીઆઈ અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ મારા માટે જે કરી રહ્યા છે તે કોઈ પણ રીતે સારું નથી. ૬૪ વર્ષીય વિજય માલ્યા પર ભારતીય બેંકોના ૯ હજાર કરોડની છેતરપિંડી અને મની લોન્ડરિંગનો આરોપ છે. આ કેસની તપાસ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઇડી) અને સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશનના હાથમાં છે.

માલ્યાએ કહ્યું, 'ઇડીએ બેંકોની ફરિયાદ પર મારી સંપત્તિ જપ્ત કરી હતી કે હું ચૂકવતો નથી. મેં મની લોન્ડ્રિંગ નિરોધક કાયદા હેઠળ ગૂનો નથી કર્યો કે ઇડી મારી સંપતિ જપ્ત કરી લે.

ભારત સરકાર વતી રજૂ

અનુસંધાન પાના નં. ૬

ભાવમાં વધારા બાદ સરકારે ગ્રાહકોને મોટી રાહત આપી

હવે એલપીજી સિલિન્ડર પર મોદી સરકાર બમણી સબસિડી આપશે

ન્યુ દિલ્હી

રાંધણ ગેસ સિલિન્ડરના ભાવમાં ભારે વધારા બાદ વિરોધથી ઘેરાયેલી કેન્દ્રની મોદી સરકારે ઘરેલૂ ગેસ ગ્રાહકોને મોટી રાહત આપી છે. કેન્દ્ર સરકારે ઘરેલૂ ગેસ સિલિન્ડર પર આપવામાં આવી રહેલી સબસિડીને લગભગ બમણી કરી દીધી છે. પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રાલયે એક નિવેદન જાહેર કરી જાણકારી આપી હતી. સાથે જ ગેસના ભાવમાં વધારાનું કારણ જણાવ્યું હતું.

પેટ્રોલિયમ મંત્રાલય દ્વારા જણાવવામાં આવ્યું છે કે દિલ્હીમાં અત્યાર સુધી ૧૪.૨ કિલોના સિલિન્ડર પ્ર ૧૫૩.૮૬ રૂપિયાની સબસિડી મળતી હતી, જેને વધારીને ૨૯૧.૪૮ રૂપિયા કરી દીધી છે. આ પ્રકારે વડાપ્રધાન ઉજ્જ્વલા યોજના હેઠળ વહેંચવામાં આવેલા કનેક્શન પર અત્યાર સુધી જે ૧૭૪.૮૬ રૂપિયા પ્રતિ સિલિન્ડર સબસિડી મળતી હતી, તેને વધારીને ૩૧૨.૪૮ રૂપિયા પ્રતિ સિલિન્ડર કરી દેવામાં આવી છે.

તમને જણાવી દઇએ કે સબસિડીવાળા ઘરેલૂ એલપીજી ૧૪.૨ કિલોના એલપીજી સિલિન્ડરના ભાવમાં ૧૪૪.૫૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. બીજી તરફ સબસિડીવાળા ઘરેલૂ એલપીજી સિલિન્ડરની કિંમત ૭૧૪થી વધારીને ૮૫૮.૫૦ રૂપિયા કરી દેવામાં આવી છે.

કાશ્મીર મામલે તુર્કીએ પાકિસ્તાનને બિનશર્તી ટેકો જાહેર કર્યો

અમારા માટે કાશ્મીર મુદ્દો પાકિસ્તાન જેટલો જ ખાસઃ તુર્કી રાષ્ટ્રપતિ

ઇસ્લામાબાદ

ભારત અને પાકિસ્તાન વચ્ચે કાશ્મીરનો મુદ્દો ખૂબ જ ગંભીર છે અને વર્ષોથી અટવાયેલો છે. આ મુદ્દા પર આખા વિશ્વના દેશોની પણ નજર છે. ત્યારે હવે તુર્કીના રાષ્ટ્રપતિ રિસેપ તૈયપ એર્દોગાન ને કાશ્મીર મુદ્દે દખલગીરી કરી છે. સાથે જ પાકિસ્તાનના પીએમ ઇમરાન ખાનને બેશરતે સમર્થન આપવાનો વાયદો પણ કર્યો છે.

મીડિયા રિપોર્ટ મુજબ એર્દોગાનને કહ્યું કે કાશ્મીરમાં લોકો પર અત્યાચાર થઈ રહ્યો છે. એર્દોગાનનું આખું ભાષણ ઇસ્લામ અને મુસલમાનોની નજીક ફરતું રહ્યું. મુસ્તફા કમાલ પાશા ઉર્ફે અતાતુર્કની ધર્મનિરપેક્ષ સાંસ્કૃતિક વારસાની વિરુદ્ધ અર્દોગાન દુનિયાભરના મુસલમાનોના નેતા બનવાની કોશિશ કરી રહ્યા છે એમ લાગી રહ્યું હતું. તેમણે કહ્યું કે કોઈ જમીન પર બનાવેલ સરહદ ઇસ્લામ માનનારાઓને અલગ કરી શકતી નથી.

આ સાથે એર્દોગાનને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ

અનુસંધાન પાના નં. ૬

MARKET 4U ફ્રેન્ચાઈઝી નિમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) મૂડી રોકાણ કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા

ફ્રેન્ચાઈઝી

તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નિમવાના છે. ઇચ્છા ધરાવતી વ્યક્તિઓ સંપર્ક કરે.
(નફાનું ધોરણ ટર્ન ઓવરના ૪% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

સ્કીમ : ફ્રેન્ચાઈઝી બની એક સાથે ૩૦ જોઈનિંગ પીન ખરીનાર પહેલા ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી વચ્ચે ડ્રો થશે જેમાં
પહેલું ઇનામ : રૂપિયા એક કરોડ (૧ વ્યક્તિ ને)
બીજું ઇનામ : રૂપિયા એક લાખ (૫ વ્યક્તિ ને)
ત્રીજું ઇનામ : રૂપિયા ૫૦ હજાર (૨૫ વ્યક્તિને) આપવામાં આવશે.

શરતો

૧. ડ્રો ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી પુરા થયે જ કરવામાં આવશે
૨. ડ્રો ની રકમ માંથી સરકારી TDS ૫% કાપવામાં આવશે.
૩. ડ્રો જાહેરમાં ફંકશન યોજી કોમ્પ્યુટરાઈઝ્ડ સિસ્ટમ થી કરવામાં આવશે.
૪. ડ્રો ની રકમ ની ચુકવણી NEFT થીજ કરવામાં આવશે.
૫. ડ્રો નો એડમીન ચાર્જ ૨% ડ્રો ની રકમ માં થી અલગ થી કમાશે
૬. આ ડ્રો બાબતે કંપની લેખિત માં લખાણ કરી આપશે જે પિન ખરીદીના ૧૫ દિવસમાં ફ્રેન્ચાઈઝીના નોંધાયેલ એડ્રેસ પર આરપીએડી થી મોકલશે
૭. ફ્રેન્ચાઈઝી બનવા પહેલા મેમ્બર બનવું ફરજીયાત છે જે માટે નિયત રકમ એડવાન્સ ભરવાની રહેશે.
૮. પિન મેમ્બરના વોલેટમાં મળશે. જેના પર પીનદીઠ કમિશન રૂપિયા ૨૫ અલગ થી વોલેટમાં જમા થશે.
૯. મેમ્બર અથવા ફ્રેન્ચાઈઝી બનવા સંપર્ક કરો 9978406257
૧૦. ફ્રેન્ચાઈઝી પીન કંપની પાસેથી ખરીદી હશે તેજ વ્યક્તિ ડ્રોમાં ભાગીદાર ગણાશે. માટે ડ્રોમાં ભાગ લેનારે કંપની પાસેથીજ પીન ખરીદવી ફરજીયાત રહેશે.
૧૧. ફ્રેન્ચાઈઝી એક આઈડી પર એકજ વખત આ સ્કીમનો લાભ લઈ શકશે બીજી વાર લાભ લેવા અલગથી મેમ્બર બની ત્યારબાદ ૩૦ પિન સામટી લઈ લાભ લઈ શકાશે.

9978406257 Whats-App Time 10 am to 5 pm

વિનયની માનસિક સ્થિતિ સારી છેઃ સુપ્રિમ

સુપ્રીમ કોર્ટે દોષિત વિનય માનસિક રોગી હોવાની અરજી ફગાવી દીધી

સુનાવણી દરમિયાન જસ્ટિસ આર ભાનુમતિ બેભાન થયા

ન્યુ દિલ્હી

સુપ્રીમ કોર્ટે નિર્ભયાના દોષી વિનયની અરજી ફગાવી દીધી છે. કોર્ટે કહ્યું કે, મેડિકલ રિપોર્ટ પ્રમાણે દોષી વિનયની માનસિક સ્થિતિ પણ સારી છે. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, નવા મેડિકલ રિપોર્ટ પ્રમાણે વિનયની શારીરિક સ્થિતિ સારી હોવાની સાથે સાથે તેની માનસિક સ્થિતિ પણ ઘણી સારી છે. નિર્ભયાના દોષિતોને અલગ-અલગ ફાંસી આપવાની કેન્દ્રની અરજી પર સુનાવણી દરમિયાન જસ્ટિસ આર ભાનુમતિ બેભાન થઈ ગયા હતા.

ટ્રાયલ કોર્ટે નિર્ભયા કેસમાં દોષી પવન ગુપ્તા માટે ગુરુવારે વકીલની નિમણૂક કરી છે. જોકે પવને ડિસ્ટ્રિક્ટ લીગલ સર્વિસ ઓથોરિટી દ્વારા આપવામાં આવેલા વકીલની સેવા લેવાનો ઈંકાર કરી દીધો છે. જોકે આ વિશે કોર્ટ તરફથી નારાજગી વ્યક્ત કરવામાં આવી છે કે, પવન તેની લીગલ પ્રક્રિયામાં વાર કરી રહ્યો છે. મુકેશ, અક્ષય, વિનય તેમના દરેક કાયદાકીય વિકલ્પ વાપરી ચૂક્યા છે. માત્ર પવન જ એવો છે કે તેની પાસે હજી ક્યુરેટિવ પિટીશન અને દયાની અરજીનો વિકલ્પ

અનુસંધાન પાના નં. ૬

મુખ્યમંત્રી જગમોહન રેડ્ડી અને વડાપ્રધાન મોદી વચ્ચે મુલાકાત થઈ હોવાની ચર્ચા

દિલ્હી પરિણામો ભાજપ માટે ખતરાની ઘંટીઃ મોદી મંત્રીમંડળના વિસ્તરણની તૈયારીઓ

બિહાર ચૂંટણીને જોતાં જેડીયૂને પણ મહત્ત્વ અપાય તેવી ચર્ચા,વાએસઆર કોંગ્રેસને લોકસભા ડેપ્યૂટી સ્પીકરનું પદ મળે તેવી શક્યતા

ન્યુ દિલ્હી

દિલ્હી વિધાનસભા ચૂંટણી પરીણામો પછી ભાજપને ભવિષ્યનો ખતરો દેખાઈ રહ્યો છે. દિલ્હી વિધાનસભા ચૂંટણી પરીણામો પછી મોદી દ્વારા કેબિનેટના પ્રથમ વિસ્તરણની હલચલો શરૂ થઈ ગઈ છે. બુધવારે આંધ્રપ્રદેશના સીએમ જગમોહન રેડ્ડી સાથે પીએમ મોદીની દોઢ કલાકની મુલાકાતને આ સાથે જોડવામાં આવી રહી છે.

આ ક્રમમાં બિહારના મુખ્ય પ્રધાન નીતિશ કુમારને પણ ધ્યાનમાં લેવાઈ રહ્યા છે. કહેવાય છે કે બજેટ સત્રના બીજા ચરણ પહેલા પ્રધાનમંત્રી પ્રથમ મંત્રી મંડળનું પહેલું વિસ્તાર કરી શકે છે. આ વિસ્તારણ પર બજેટ સત્ર પહેલા વિચાર વિમર્શ ચાલી રહ્યો છે. દિલ્હી ચૂંટણીના પરિણામો બાદ બિન-કોંગ્રેસ વિરોધી પક્ષોની એકતા વધવાની સંભાવનાને પગલે હંગામો તીવ્ર બન્યો છે. ઉલ્લેખનીય છે કે સાથી પક્ષો સાથે તાલ રાખવા ઉપરાંત એનડીએની બહારના પક્ષોને સરકાર મદદ કરવા માંગે છે.

ભાજપ ઇચ્છે છે કે વાયએસઆર કોંગ્રેસને મંત્રીમંડળમાં શામેલ કરવામાં આવે. જો પક્ષ સહમત નહીં થાય, તો તેમને લોકસભાના ડેપ્યુટી સ્પીકરનું પદ આપી શકાય છે. જો જગન મંત્રી પદ માટે સંમત થાય, તો નવીન પટનાયકની બીજેડીને ડેપ્યુટી સ્પીકરનું પદ મળી શકે છે.

મહત્વનું છે કે જ્યારે લોકસભાની ચૂંટણી હતી એ સમયે જ આંધ્રપ્રદેશમાં વિધાનસભાની ચૂંટણી હતી. જેમાં મોદીના કટ્ટર શત્રુ ચંદ્રાબાબુ નાયડુને જગનમોહન

અનુસંધાન પાના નં. ૬

સુપ્રિમમાં ૫૮૭૦૦ તથા વિવિધ હાઈકોર્ટમાં ૪૪ લાખ કેસો પેન્ડિંગ

ભારતની નીચલી અદાલતોમાં કુલ ૨.૯૧ કરોડ કેસ પેન્ડિંગઃ ચોંકાવનારા આંકડા

દેશમાં પ્રતિ ૧૦ લાખ લોકો પર ફકત ૧૮ ન્યાયધીશ છે જે હોવા જોઈએ ૫૦,પદોની સંખ્યા વધારીને ત્રણ ગણી કરવી પડશે

ન્યુ દિલ્હી

વર્તમાનમાં ભારતની નીચલી અદાલતોમાં લગભગ ૨,૯૧,૬૩,૨૨૦ કેસ પેન્ડીંગ છે. ન્યાયધીશોની અછત તથા દેશભરમાં જનસંખ્યાની તુલનામાં ન્યાયધીશોની ઓછી સંખ્યાવાળા રાજ્યો જેમ કે યુપી, પ.બંગાળ અને બિહારમાં પેન્ડીંગ કેસોની સંખ્યા વધુ છે. આમા સિવીલ કેસની સંખ્યા ૮૪,૫૭,૩૨૫ અને ક્રિમીનલ કેસોની સંખ્યા ૨,૦૭,૦૫,૮૯૫ છે. યુપી, પ.બંગાળ, બિહાર, ઓડીસા, તામીલનાડુ, રાજસ્થાન અને કેરળ એવા રાજયો છે જયાં પેન્ડીંગ કેસોની સંખ્યા વધુ હોવાનું કારણ ન્યાયધીશોની સંખ્યા ઓછી છે.

યુપીમાં પ્રતિ ન્યાયધીશ લગભગ ૩૫૦૦ મામલા પેન્ડીંગ છે. આની વિપરીત પંજાબ, મ.પ્રદેશ, કાશ્મીર, સીક્કીમ અને મિઝોરમ એવા રાજયો છે જયાં રાજયોમાં પેન્ડીંગ કેસોની સંખ્યા ઓછી હોવાનું કારણ ન્યાયધીશોની સંખ્યા ઓછી છે.

ભારતના મુખ્ય ન્યાયધીશ પણ કોર્ટની વિવિધ સમસ્યાઓને લઈને અગાઉ વડાપ્રધાનને પત્ર લખી ચૂકયા છે. જેમાં હાઈકોર્ટમાં જજોની સંખ્યા વધારવા, સુપ્રીમ કોર્ટમાં જજોની નિવૃતિ વય વધારવા અને ખાલી જગ્યાઓ ભરવા અનુરોધ કર્યો હતો.

સરકારી આંકડા અનુસાર સુપ્રીમ કોર્ટમાં ૫૮૭૦૦ તથા હાઈકોર્ટમાં લગભગ ૪૪ લાખ અને જિલ્લા તથા નિચલી અદાલતમાં ૩ કરોડ કેસ પેન્ડીંગ છે. આ પેન્ડીંગ કેસોમાંથી ૮૦ ટકાથી વધુ કેસ જિલ્લા અને તેથી નીચલી કોર્ટના છે. આનુ મુખ્ય કારણ ભારતમાં કોર્ટની અછત, ન્યાયધીશોના સ્વીકૃત પદો ઓછા હોવા તથા પદોની ખાલી જગ્યા છે.

ફાયરિંગમાં ચાર લોકો ઘાયલ

પૂંછમાં પાકિસ્તાનની નાપાક હરકતઃ સીઝફાયર ઉલ્લંઘન,૧ વ્યક્તિનું મોત

પૂંછ

પાકિસ્તાને એકવાર ફરી નાપાક હરકત કરી છે. પાક રેંજર્સે પૂંછ સેક્ટરમાં તાબડતોડ ફાયરિંગ કરી. સરહદ પારથી થયેલ કાર્યવાહી પર ભારતીય સેના જડબાતોડ જવાબ આપી રહી છે. પ્રાપ્ત માહિતી મુજબ પાક ફાયરિંગમાં એક વ્યક્તિનું મોત નીપજયું છે. જ્યારે ચાર લોકો ઈજાગ્રસ્ત થયા છે. પુલવામા આતંકી હુમલાની વરસી પર આ પ્રકારની કાર્યવાહી થતા બંને દેશો વચ્ચે તંગદિલી વધુ વધી શકે છે.

આપને જણાવી દઈએ કે એક વર્ષ પહેલા આજના દિવસે કાશ્મીરના પુલવામામાં સીઆરપીએફના જવાનોની એક બસ પર આત્મઘાતી હુમલો થયો હતો. જેમાં ૪૦ જવાનો શહીદ થયા હતા. ત્યારે હવે એક વર્ષ પછી નાપાક પાકિસ્તાન દ્વારા ફરી કાયરતા પૂર્ણ કાર્યવાહી કરવામાં આવી છે. આ પહેલા આઠ ફેબ્રુઆરીએ પણ પાકિસ્તાને સંઘર્ષ વિરામ(સીઝફાયર) નું ઉલ્લંઘન કરતા ગોળાબાર કર્યો હતો. જેમાં એક ભારતીય જવાને જીવ ગુમાવ્યો હતો. જો કે, ભારતીય સેનાએ અત્યાર સુધી આ અંગે કોઈ સત્તાવાર માહિતી આપી નથી. એક ન્યૂજ ચેનલે ગોળીબાર બાદ ધુમાળો નીકળતા વિઝ્યુઅલ દેખાડ્યા છે. પાકિસ્તાનની આ હરકત બાદ બંને દેશો વચ્ચે તંગદિલી વધુ વધી શકે છે.

તુર્કીના રાષ્ટ્રપતિ રિસેપ તૈયબ એર્દોગાન ઈસ્લામાબાદના પ્રવાસે છે. આ દરમિયાન તેમણે કાશ્મીર મુદ્દે દખલગીરી કરતા કોઈ પણ શરત વિના પાકિસ્તાનનું સમર્થન કરવાની વાત કહી છે. જ્યારે આ પહેલા પાકિસ્તાને પણ કહ્યું હતું કે ભારત આગામી દિવસોમાં કોઈ મોટી કાર્યવાહી કરી શકે છે.

પુલવામા હુમલાની પ્રથમ વરસી પર રાજકીય પક્ષો વચ્ચે શાબ્દિક યુદ્ધ

પુલવામા હુમલાથી કોને ફાયદો થયો, તપાસનું શું થયું?: રાહુલ ગાંધી



કોંગ્રેસ નેતાએ ટ્વિટ કરીને સરકારને ત્રણ સવાલ પૂછ્યા,સુરક્ષામાં અનેક ચૂક થઈ તેના માટે જવાબદાર કોણ..?

ન્યુ દિલ્હી

ગત વર્ષે આ જ દિવસે થયેલા પુલવામા હુમલાની આજે પ્રથમ વરસી છે ત્યારે ભારતના રાજકીય પક્ષો વચ્ચે આજે પણ શાબ્દિક યુદ્ધ જોવા મળી રહ્યું છે. જમ્મુ-કાશ્મીરના પુલવામામાં ૧૪ ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજ સીઆરપીએફના કાફલા પર જૈશ-એ-મોહમ્મદના આતંકવાદીએ આત્મઘાતી હુમલો કર્યો હતો. હુમલામાં સીઆરપીએફના ૪૦ જવાન શહીદ થયા હતા. સમગ્ર દેશ આજે પુલવામાના શહીદોને શ્રદ્ધાંજલિ આપી રહ્યો છે. આ દરમિયાન કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ કેન્દ્રની મોદી સરકારને સવાલ પૂછ્યો છે કે આ હુમલાથી કોને ફાયદો થયો. જવાનોને શ્રદ્ધાંજલિ આપતાં તેઓએ વધુ બે સવાલ પણ પૂછ્યા છે. રાહુલે ટ્વિટ કર્યું કે હુમલાની તપાસમાં શું પરિણામ સામે આવ્યું?

રાહુલ ગાંધીએ હુમલામાં અનેક સુરક્ષા ચૂક ઉપર પણ કેન્દ્ર સરકારને સવાલ પૂછ્યા છે. તેઓએ ટ્વિટ કર્યું કે હુમલો બીજેપીની સરકારના સમયે થયો હતો. સુરક્ષામાં અનેક ચૂક થઈ જેના માટે કોને જવાબદાર ઠેરવવામાં આવ્યા છે?

રાહુલ ગાંધીએ ટ્વિટ કરીને પૂછ્યા ત્રણ સવાલ...

૧) પુલવામા આતંકી હુમલાથી સૌથી વધારે ફાયદો કોને થયો?

૨) પુલવામા આતંકી હુમલાની તપાસનો નિષ્કર્ષ શું આવ્યો?

૩) સુરક્ષામાં ખામી માટે મોદી સરકાર કોને જવાબદાર માને છે?

ઈન્દિરા-રાજીવની હત્યાનો ફાયદો કોને થયો?: કપિલ મિશ્રા

રાહુલ ગાંધીના ટ્વિટ પર બીજેપી નેતા કપિલ મિશ્રા એ વળતો હુમલો કર્યો છે. કપિલ મિશ્રાએ લખ્યું કે, શરમ કરો રાહુલ ગાંધી. પૂછો છો કે પુલવામા હુમલાથી કોને ફાયદો થયો? જો દેશને પૂછવામાં આવ્યું કે ઈન્દિરા ગાંધી અને રાજીવ ગાંધીની હત્યાથી કોને ફાયદો થયો, પછી શું બોલશો. આટલી નિમ્ન રાજનીતિ ન કરો, શરમ કરો.

ભારત તેમની શહાદત ક્યારેય નહીં ભૂલેઃ મોદી

બીજી તરફ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વિટ કર્યું કે, ગયા વર્ષે ભયાનક પુલવામા હુમલામાં પોતાની જીવ ગુમાવનારા શહીદોને શ્રદ્ધાંજલિ અર્પિત કરું છું. તેઓ તમામ અસાધારણ લોકો હતા, જેઓએ આપણા રાષ્ટ્રની સેવા અને રક્ષા માટે જીવન સમર્પિત કરી દીધું. ભારત તેમની શહાદતને ક્યારેય નહીં ભૂલે.

દિલ્હીના અધ્યક્ષ અને પ્રભારીના રાજીનામા,સોનિયા ગાંધીએ સ્વિકાર કર્યો

દિલ્હી ચૂંટણીમાં કોંગ્રેસની ભૂંડી હારઃ પક્ષના નેતાઓએ જ સવાલ ઉઠાવ્યા

ન્યુ દિલ્હી

દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસને કારમી હાર ખમવી પડી છે. દિલ્હીમાં સતત બીજી વાર કોંગ્રેસને ફાળે એક પણ સીટ નથી આવી. દિલ્હી વિધાનસભાની કુલ ૭૦ સીટો હતી, જેમાં કોંગ્રેસના ૬૬ ઉમેદવારો મેદાનમાં હતા, જેમાંથી ૬૩ ઉમેદવારોની તો ડિપોઝિટ પણ જમ થઈ ગઈ હતી. જેનો અર્થ એ થયો કે આ ઉમેદવારોને તેમના મતવિસ્તારમાંથી દરેક છ મતોમાંથી એક મત પણ નહોતો મળ્યો. પાર્ટીના નેતાઓ વચ્ચે આક્ષેપ-પ્રતિઆક્ષેપનો દોર ચાલુ છે. ચૂંટણી પરિણામો પછી કોંગ્રેસના અધ્યક્ષ સુભાષ ચોપડા અને દિલ્હીના પ્રભારી પદથી પીસી ચાકોએ રાજીનામાં આપ્યાં છે. કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીએ બંનેના રાજીનામાંનો સ્વીકાર પણ કરી લીધો છે. કોંગ્રેસના કેટલાક વરિષ્ઠ નેતાઓ હાર માટે પાર્ટીની વ્યૂહરચના પર સવાલ કરી રહ્યા છે.

કોંગ્રેસ નેતા જ્યોતિરાદિત્ય સિંધિયાએ ટ્વીટ કર્યું

દિલ્હી ચૂંટણીમાં જબરદસ્ત પછડાટ મેળવ્યા બાદ કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન જ્યોતિરાદિત્ય સિંધિયાએ ટ્વીટ કરતાં કહ્યું હતું કે પાર્ટી માટે દિલ્હીના પરિણામો બહુ જ નિરાશાજનક છે. એક નવી વિચારધારા અને એક નવી કાર્યપ્રક્રિયાની તત્કાળ જરૂર છે. દેશ બદલાઈ ગયો છે એટલે દેશના લોકો સાથે આપણે પણ નવી વિચારસરણીની જરૂર છે.

પાર્ટીએ પુનરાવલોકન કરવું જોઈએઃ જયરામ રમેશ

ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન જયરામ રમેશે પણ પાર્ટીમો મોટા પરિવર્તનોની વકીલાત કરતાં કહ્યું છે કે સત્તા ગુમાવ્યાના છ વર્ષ પછી પણ અમારામાંથી કેટલાક એવો વ્યવહાર કરે છે જેમ કે અમેઆજે પણ પ્રધાન છીએ કોંગ્રેસની શરમજનક હાર અને બિહાર તથા ઉત્તર પ્રદેશ જેવાં કેટલાક રાજ્યોમાં પાર્ટીની ખરાબ હાલત પર ચિંતા વ્યક્ત કરતાં તેમણે કહ્યું હતું કે પાર્ટીએ પુનરવલોકન કરવું જોઈએ.

લોકોએ કોંગ્રેસને ગંભીરતાથી લીધી જ નહીઃ મોઈલી

કોંગ્રેસની હાર અંગે ચિંતા વ્યક્ત કરતાં કર્ણાટકના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાને પાર્ટીમાં સર્જિકલ સ્ટ્રાઇક કરવાનું આહવાન કર્યું હતું. તેમણે કહ્યું હતું કે કોંગ્રેસની વોટ બેંક આમ આદમી પાર્ટી તરફ સ્થાનાંતરિત થઈ ગઈ હતી. દિલ્હીન મતદારોએ કોંગ્રેસને ગંભીરતાથી લીધી જ નહોતી.

કેજરીવાલે પીએમ મોદીને શપથવિધિમાં પધારવા નિમંત્રણ પાઠવ્યું

૧૬મીએ દિલ્હીના રામલીલા મેદાનમાં કેજરીવાલ સીએમ પદના શપથગ્રહણ કરશે

ન્યુ દિલ્હી

દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં પ્રચંડ જીત બાદ ૧૬ ફેબ્રુઆરીના આપના સુપ્રીમો અરવિંદ કેજરીવાલ રામલીલા મેદાનમાં મુખ્યમંત્રી પદના શપથ ગ્રહણ કરશે. હવે શપથ ગ્રહણ સમારંભમાં કોને-કોને આમંત્રણ અપાશે તેના પર સૌની નજર છે. શું કેજરીવાલ પીએમ નરેન્દ્ર મોદીને શપથવિધિમાં હાજર રહેવા આમંત્રણ આપશે કે નહીં તેની અટકળોનો અંત આવી ગયો છે. કેજરીવાલની શપથવિધિ માટે વડાપ્રધાન મોદીને આમંત્રિત કરવામાં આવ્યા છે.

આમ આદમી પાર્ટીને દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં સતત બીજી ટર્મમાં ઐતિહાસિક જીત પ્રાપ્ત થઈ છે. આ વખતે આપનો ૬૨ બેઠક પર વિજય થયો છે જ્યારે ભાજપને ફક્ત આઠ બેઠકો જ મળી છે અને કોંગ્રેસને ૨૦૧૫ની જેમ શૂન્ય બેઠક મળી છે. વડાપ્રધાન મોદીએ દિલ્હી ચૂંટણી પરિણામ બાદ કેજરીવાલને જીત બદલ અભિનંદન પાઠવ્યા હતા. પીએમ મોદીએ જણાવ્યું હતું કે, હું આશા કરું છું કે અરવિંદ કેજરીવાલ દિલ્હીવાસીઓની અપેક્ષાઓને પૂર્ણ કરશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વીટ કરીને અભિનંદન આપ્યા બાદ કેજરીવાલે પણ તેમનો આભાર માન્યો હતો. કેજરીવાલે કેન્દ્ર સાથે મળીને કામ કરવા માટે ઈચ્છા વ્યક્ત કરી હતી.

યોગ્ય સમયે શાહીનબાગમાં બેઠેલી મહિલાઓ સાથે વાત કરીશઃ શ્રી શ્રી રવિશંકર

ન્યુ દિલ્હી

આધ્યાત્મિક ગુરુ શ્રી શ્રી રવિશંકરે કહ્યું કે તેઓ નાગરિકતા સુધારણા કાયદાના વિરોધમાં દિલ્હીના શાહીન બાગમાં વિરોધ પ્રદર્શન કરી રહેલી મહિલાઓ સાથે યોગ્ય સમય આવશે ત્યારે વાત કરશે. શ્રી શ્રી રવિશંકરે આ પ્રકારનું નિવેદન એક કાર્યક્રમ દરમિયાન આપ્યું હતું. કાર્યક્રમમાં તેમને પૂછવામાં આવ્યું હતું કે શું તેઓ શાહીન બાગમાં વિરોધ દર્શાવતી મહિલાઓ સાથે મુલાકાત કરશો? જેના જવાબમાં તેમણે કહ્યું હતું કે હા, હું જરૂરથી તેમને મળવા જઈશ, પણ યોગ્ય સમય આવશે ત્યારે. શ્રી શ્રી રવિશંકરના આવા જવાબ પર કાર્યક્રમના હોસ્ટે તેમને પૂછ્યું કે પરંતુ તેનો યોગ્ય સમય ક્યારે આવશે તે પણ જણાવી દો? જેના જવાબમાં રવિશંકરે કહ્યું કે તે પણ યોગ્ય સમય આવશે ત્યારે ખબર પડી જ જશે. આધ્યાત્મિક ગુરૂએ આ કાર્યક્રમમાં ઉપરાંત દેશના અન્ય ઘટનાક્રમો પર પણ પોતાનું મંતવ્ય રજૂ કર્યું હતું. આમ તેમણે શાહીન બાગમાં જઈને મહિલાઓને મળવાની વાત કહીને લોકોમાં ઉત્કંટા વધારી દીધી છે.

જાપાનમાં પ્રથમ મોત, ચીનમાં વધુ ૧૧૬ લોકોના મોત નિપજ્યા

કોરોના વાયરસઃ ચીનમાં મૃત્યુઆંક ૧૫૦૦એ પહોંચ્યો, ૬૪૬૦૦થી વધુ લોકોને ચેપ

બીજિંગ

ચીનના કોરોના વાયરસના કહેરમાં મરનારા લોકોની સંખ્યા શુક્રવારે વધીને ૧,૪૮૩ પહોંચી છે, પરંતુ સખત અસરગ્રસ્ત હુબેઈ પ્રાંતમાં નવા ચેપની સંખ્યામાં તીવ્ર ઘટાડો જોવા મળ્યો છે.

કેન્દ્રીય પ્રાંતનો આરોગ્ય આયોગે ૧૧૬ વધુ મોત અને ૪,૮૨૩ નવા કેસની માહિતી આપી છે. આ અંગેની પૃષ્ટિ તપાસ બાદ કરવામાં આવી છે. આ અગાઉ હુબેઈમાં કુલ ૨૪૨ લોકોનાં મોત થયાં હતાં, જયારે ૧૪,૮૦૦ લોકોને અસર પહોંચી હતી. ઉલ્લેખનીય છે કે, અત્યાર સુધી આ વાયરસના કારણે ૬૪,૬૦૦થી વધુ લોકોને ચેપ લાગ્યો છે. આરોગ્ય મંત્રાલયના એક અધિકારીએ કહ્યું છે કે, તપાસ બાદ લોકોની વહેલી તકે સારવારથી તંદુરસ્ત બનેલા દર્દીઓની ગણતરી કરવામાં આવી રહી છે.

જાપાનનાં સ્વાસ્થ્ય મંત્રીએ પુષ્ટી કરી છે કે ત્યાં એક ૮૦ વર્ષની વૃદ્ધ મહિલાની કોરોના વાયરસનાં કારણે મોત થયું છે. કોરોના વિશ્વનાં અન્ય દેશોમાં પણ રુદ્ધ સ્વરૂપ લઈ રહ્યું છે, ચીન પછી હોંગકોંગ, ફિલીપિન્સ અને હવે જાપાનમાં મોતનો મામલો સામે આવ્યો છે.

ત્યારે જાપાનનાં યોકોહામા તટ પર પાર્ક કરાયેલા ડાયમંડ પ્રિન્સેસ ક્રૂઝ પર કોરોનાનાં નવા ૨૮ મામલાઓ સામે આવ્યા છે, ત્યારે આ સાથે ક્રૂઝ પર કુલ ૨૧૮ મામલાઓ સામે આવી ચૂક્યા છે. સાથે ક્રૂઝમાં ફરજ પર હાજર કેટલાક અધિકારીઓ પણ ચેપગ્રસ્ત છે.

આ ક્રૂઝ પર કુલ ૩૭૧૧ યાત્રીઓ છેલ્લા એક અઠવાડીયાથી ફસાયેલા છે. સાથે ગંભીર બાબત એ છે કે આ ક્રૂઝ પર ૧૩૮ ભારતીય નાગરીકો પણ ફસાયેલા છે. જેમાં બે ભારતીયોમાં કોરોના પોઝીટીવ આવ્યો છે. ત્યારે આ સમગ્ર મામલે ભારતીય એમ્બેસી જાપાન સરકારનાં સતત સંપર્કમાં છે.

ચાર સાંસદોએ વિદેશમંત્રી પોમ્પીયોને પત્ર લખી ૩૭૦-સીએએ મુદ્દે રજૂઆત કરી

ટ્રમ્પના ભારત પ્રવાસ પહેલા અમેરિકી સાંસદોએ કાશ્મીરમાં માનવાધિકારનો મુદ્દો ઉઠાવ્યો

વૉશિંગ્ટન

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ભારતની મુલાકાતે આવવાના છે. એ પહેલાં અમેરિકાના ચાર સાંસદોએ ભારતમાં માનવ અધિકારનો મુદ્દો ઉઠાવીને કેન્દ્ર સરકારની ઝાટકણી કાઢી હતી. વિદેશ મંત્રી માઈક પોમ્પીઓને પત્ર લખીને ચાર અમેરિકન સાંસદોએ ૩૭૦-સીએએના મુદ્દે રજૂઆત કરી હતી.

અમેરિકન સાંસદો ક્રિસ વાન હોલેન, ટોડ યંગ, રીચર્ડ દર્બિન અને લિન્ડસે ગ્રેહામે પોતાને ભારતના જૂના મિત્રો ગણાવીને અત્યારની સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. આ સાંસદોએ અમેરિકાના વિદેશ મંત્રી માઈક પોમ્પીઓને પત્ર લખીને અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ભારતની મુલાકાતે જાય તે પહેલાં ૩૭૦ અને નાગરિકતા કાનૂન મુદ્દે રજૂઆત કરી હતી.

આ સાંસદોએ કહ્યું હતું કે વર્તમાન કેન્દ્ર સરકાર લઘુમતીઓની વિરૂદ્ધમાં પગલાં ભરી રહી હોવાની છાપ ઉપસી છે. નાગરિકતા કાયદામાં દેશભરમાં થયેલા ઉગ્ર દેખાવોનો ઉલ્લેખ કરીને પત્રમાં દલીલ કરવામાં આવી હતી કે મોદી સરકારે ચોક્કસ ધર્મના લોકોની અવગણના કરવા તરફના પગલાં ભરે છે.

એ જ રીતે જમ્મુ-કાશ્મીરમાં હ્યુમન રાઈટ્સનો મુદ્દો પણ આ સાંસદોએ ઉઠાવ્યો હતો. સાંસદોએ કહ્યું હતું કે કાશ્મીરમાંથી ૩૭૦ કલમ હટાવ્યા પછી કેટલાય સમય સુધી ઈન્ટરનેટની સુવિધા બંધ રાખવામાં આવી હતી. ઈન્ટરનેટની સર્વિસથી લોકોને વંચિત રાખ્યા હોય એવી એશિયામાં જે મોટી ઘટનાઓ બની છે એમાં કાશ્મીરનો પણ સમાવેશ થાય છે.

સાંસદોએ પોમ્પીઓને એવી રજૂઆત કરી હતી કે અમેરિકાના વિદેશ મંત્રાલયે આ બાબતે ટ્રમ્પની મુલાકાત વખતે ભારત સરકાર સાથે સંવાદ કરવો જોઈએ. ખાસ તો લઘુમતીઓના માનવ અધિકાર બાબતે અમેરિકાએ મોદી સરકાર સાથે વાત કરવી જોઈએ. જો ભારતમાં આવી સ્થિતિ રહેશે તો આગામી સમયમાં દક્ષિણ એશિયામાં ખૂબ જ ગંભીર પરિણામો આવશે એવી ચિંતા પણ આ સાંસદોએ વ્યક્ત કરી હતી.



જન્મના મહિના પરથી જાણો વ્યક્તિ અને વ્યક્તિત્વ કેવા પ્રકારનું છે

તમારો જન્મ કયા મહિનામાં થયો છે તેના પરથી તમારી પર્સનાલિટી વિશે ઘણું બધું જણાવી શકાય છે. તેવામાં તમે જો કોઈ વ્યક્તિનો સ્વભાવ જાણવા માંગું છું તો તેના જન્મના મહિનાના આધાર પર જરૂર ધ્યાન આપવું. આજે અમે તમને આ આર્ટીકલમાં વ્યક્તિના જન્મના મહિનાના આધાર પર તેના સ્વભાવ વિશે જણાવીશું.

જાન્યુઆરી

આ મહિનામાં જન્મેલા લોકો માં નેતૃત્વની કોલેટી હોય છે. તેઓ પોતાના લક્ષ્યને મેળવવા માટે હંમેશા સકારાત્મક વિચારો ધરાવતા હોય છે. તેમનો સ્વભાવ મિત્રતા વાળો હોય છે. તે હંમેશા અન્ય લોકોને ખુશ કરવાની કોશિશ કરતા રહે છે. પૈસાની બાબતમાં તેઓ હંમેશાં સાવધાનીથી કામ લે છે અને કોઈપણ ખરીદતા પહેલા ૧૦ વખત વિચારે છે.

ફેબ્રુઆરી

આ મહિનામાં જન્મેલા લોકો આકર્ષક પર્સનાલિટીના હોય છે. તેઓ ખૂબ જ બુદ્ધિશાળી હોય છે. તેમનો સ્વભાવ થોડો શરમાળ હોય છે. તેઓ પોતાના સંબંધો પ્રત્યે વફાદાર હોય છે. માતા-પિતા પ્રત્યે તેમનો સ્વભાવ કેરિંગ હોય છે. તેમના સપનાઓ મોટા હોય છે અને તેને પૂરા કરવા માટે તે દરેક સંભવ કોશિશ કરે છે. તેઓ ખૂબ જ સંવેદનશીલ હોય છે અને સરળતાથી તમને ખોટું લાગી જાય છે.

માર્ચ

આ લોકો ફ્રેન્ડલી નેચરના હોય છે. તેઓને વાતચીત કરવી ખૂબ જ પસંદ હોય છે. આ માસમાં જન્મેલા લોકો ખૂબ જ ઈમાનદાર હોય છે. તેઓ ખૂબ જ ભાગ્યશાળી પણ હોય છે. તેઓ જે ઈચ્છે તે તેમને નસીબના જોર પર મળી જાય છે. તેઓને ગુસ્સો ખૂબ જલ્દી આવી જાય છે.

એપ્રિલ

તેઓ એનર્જીથી ભરપૂર ભાવુક વ્યક્તિ હોય છે. તેમની અંદર નેતૃત્વના ગુણ રહેલા હોય છે. તેઓ સ્માર્ટ હોય છે અને ક્યારેક ક્યારેક જિદ્દી સ્વભાવના પણ બની જાય છે. તેમની પર્સનાલીટી જોઈને અન્ય લોકો પણ તેમના જેવું બનવાનું પસંદ કરે છે.

મે

આ મહિનામાં જન્મેલા લોકો ખૂબ જ મહેનતુ હોય છે. તેઓ કોઈ વાતને નક્કી કરી લે છે તો તેને પૂર્ણ કરીને જ શ્વાસ લે છે. તેઓ લેખન, પેન્ટિંગ, એક્ટિંગ અને મ્યુઝિક જેવા ક્રિએટિવ ફિલ્ડમાં સારા હોય છે.

જૂન

તેઓ ખુબ જ મજેદાર અને મજાકિયા સ્વભાવના હોય છે. તેઓને વાતો કરવાનો ખૂબ જ શોખ હોય છે. તેમનો વ્યવહાર પણ ખૂબ જ ફ્રેન્ડલી હોય છે. તેઓ જે જગ્યાએ જાય છે ત્યાં પોતાના મિત્રો બનાવી લે છે. અન્ય લોકોથી જલન પણ ખૂબ જલ્દી થાય છે. તેમનું હૃદય ખૂબ જ મોટું અને દયાળુ હોય છે.

જુલાઈ

આ લોકો સિન્સિયર પર્સનાલિટીના હોય છે. તેમની ભાષા સોફ્ટ અને મગજ ખૂબ જ તેજ હોય છે. આ મહિનામાં જન્મેલા લોકો ખૂબ જ હોશિયાર હોય છે. ભાવ હોવાને કારણે તેઓ ડિપ્રેશનમાં પણ ખૂબ જ જલ્દી ચાલ્યા જાય છે.

ઓગસ્ટ

તેઓ ખૂબ જ રોમેન્ટિક, વ્યવહારિક, મજાકિયા અને બહાદુર હોય છે. તેઓને કોઈ પણ વાત થી ડર લાગતો નથી. તેઓ પોતાના પ્રેમ અને અન્ય સંબંધો ની કદર કરે છે. તેઓને આઝાદી પસંદ હોય છે.

સપ્ટેમ્બર

આ લોકો જિદ્દી અને શાંત બંને સ્વભાવના હોય છે. તેઓને પોતાના જીવનમાં દરેક કામ વ્યવસ્થિત રીતે કરવું પસંદ હોય છે. તેઓ ભાવુક અને સમજદાર બંને પ્રકારના હોય છે. સંબંધોમાં તેઓ વફાદાર પણ રહે છે.

ઓક્ટોબર

આ મહિનામાં જન્મેલા લોકો ખૂબ જ ભાગ્યશાળી હોય છે. તેઓને જીવનમાં તેમની પસંદગીની વસ્તુઓ ખૂબ જ જલ્દી મળી જાય છે. તેઓ જીવનમાં ખૂબ જ સફળતા પ્રાપ્ત કરે છે. તેઓ પોતાના મિત્રો વગર રહી શકતા નથી. તેઓને જીવનમાં એડવેન્ચર પસંદ હોય છે.

નવેમ્બર

તેઓ જીવનમાં હંમેશા પોઝિટિવ રહે છે. મહેનત કરવાથી તેઓ ક્યારેય ડરતા નથી. તેઓ ભવિષ્યના પ્લાનિંગને ખૂબ જ સારી રીતે પ્લાન કરે છે. તેમનું મગજ ખૂબ જ ઝડપથી કામ કરતું હોય છે. સમજદારી માં તેમની બરાબરી કોઈ કરી શકતું નથી.

ડિસેમ્બર

આ મહિનામાં જન્મેલા લોકો ઈમાનદાર હોય છે. તેઓને પોતાના જીવનમાં એન્જોય કરવી પસંદ હોય છે. તેઓ ભાગ્યશાળી પણ હોય છે. જીવનમાં તેને સાચો પ્રેમ જરૂર મળે છે.

મહાશિવરાત્રીના પ્રસંગે બમ બમ ભોલેની ગુંજ સંભળાય છે....

પાકિસ્તાનમાં પણ શિવ મંદિરો છે

મહાશિવરાત્રીના અવસર પર ભારતમાં જ્યાં ચારેબાજુ બમ બમ ભોલેની ગુંજ અને નાંદ સાંભળવા મળે છે ત્યારે આ અવસર પર પાકિસ્તાનમા કેટલાક સ્થળ પર આ ગુંજ ભગવાન શિવની સાંભળવા મળે છે. હકીકતમાં પાકિસ્તાનમાં રહેતા હિન્દુ સમુદાયના લોકો મહાશિવરાત્રીના પ્રસંગે હિન્દુ પરંપરા મુજબ જ પાકિસ્તાનમાં ખુબ ઓછી સંખ્યામાં રહેલા શિવમંદિરમાં પહોંચ છે અને દર્શન કરે છે. સાથે સાથે જળાભિષેક કરે છે. સાથે સાથે પૂર્ણ શ્રદ્ધા સાથે શિવજીની પુજા પણ કરે છે. કેટલાક મંદિર તો માત્ર મહાશિવરાત્રીના અવસર પર જ ખોલવામાં આવે છે. પાકિસ્તાનના જે શિવ મંદિરો રહેલા છે તેમની વાત કરવામાં આવે તો સૌથી પહેલા નામ પાકિસ્તાનના પંજાબમાં સ્થિત શિવ કટાસરાજ મંદિર છે. હિન્દુ માટે આ મંદિર તીર્થ સ્થળ તરીકે ગણાય છે. પૌરાણિક કથા મુબ જ્યારે માતા સતી થયા હતા ત્યારે ભગવાન શંકરની આંખમાંથી બે આંસુ ટપકી ગયા હતા. એક આંસુ કટાસમાં જે સોરવર અમૃત કુન્ડના નામથી પ્રસિદ્ધ છે. અન્ય આંસુ અજમેરમાં ટપકી ગયુ હતુ. જ્યાં પુષ્કરરાજ તીર્થસ્થળ છે. કોઈ દેખરેખ ન હોવાના કારણે હવે કટાસ મંદિરમાં સ્થિત સરોવર સુખાઈ ગયુ છે. આ શિવ મંદિર આશરે ૯૦૦ વર્ષ જુના મંદિર હોવાની વાત સપાટી પર આવી ચુકી છે. શ્રદ્ધાળુઓ માટે ખાસ સ્થળ તરીકે છે. આવી જ રીતે પાકિસ્તાનના સિંધ પ્રાંતના ઉમરકોટમાં ૧૦૦૦ વર્ષ જુના વિશ્વ પ્રસિદ્ધ શિવ મંદિર છે. આ મંદિરનમા દરવાજા ૭૨ વર્ષ બાદ શ્રદ્ધાળુઓ માટે થોડાક દિવસ પહેલા જ ખોલવામાં આવ્યા હતા. ઐતિહાસિક સોર્સ પાસેથી જે માહિતી મળી છે તે સંકેત આપે છે કે આ મંદિરનુ નિર્માણ ૧૦મી સદીમાં કરવામાં આવ્યુ હતુ. જે ગાળા દરમિયાન ભારતમાં ખજુરાહો મંદિરનુ નિર્માણ કરવામાં આવ્યુ હતુ. પાકિસ્તાન સ્થિત તેજાસિં મંદિર સ્થાપત્ય અને તેની નક્કાશી માટે તમામ જગ્યાએ ઓળખવામાં આવે છે. જેમાં ભારતીય સ્થાપત્ય ની છાપ જોવા મળે છે. વિભાજન બાદ પાકિસ્તાનના કટ્ટરપંથી લોકોએ મંદિરને વિસ્ફોટ મારફતે ખુબ નુકસાન પહોંચાડી દીધુ હતુ. ઉમરકોટ શિવ મંદિર વિશ્વભરમાં ઓળખાય છે. શ્રદ્ધાળુઓમાં તેને લઈને ખાસ આસ્થા રહેલી છે. પાકિસ્તાનના કરાચી શહેરમાં ૧૫૦ વર્ષ જુનુ ભગવાન શિવનુ મંદિર આવેલુ છે. આ મંદિર રત્નેશ્વર મહાદેવના નામથી ઓળખાય છે. આ મંદિરમાં તમામ દેવી દેવતાની મુર્તિઓ છે. દર રવિવારના દિવસે અહીં વિશાળ ભંડારો હોય છે. કટ્ટરપંથીઓ દ્વારા આ મંદિર ખુબ નુકસાનગ્રસ્ત કરવામાં આવ્યુ હતુ.વર્ષ ૨૦૧૪માં પાકિસ્તાની હિન્દુ લોકો દ્વારા આ મંદિરને બચાવી લેવા માટે ઝુંબેશ ચલાવી હતી. પાકિસ્તાનના મનસહેરા શિવ મંદિરની પણ બોલબાલા રહેલી છે. પાકિસ્તાનના ચિત્તી ગટ્ટી વિસ્તારમાં એક શિવ મંદિર છે. આ મંદિર માત્ર હિન્દુના અસ્તિત્વના પ્રતિક સમાન છે. તેના ઐતિહાસિક મહત્વની વાત પણ વારંવાર થતી રહી છે. આ મંદિરના ગર્ભગૃહમાં સ્થિત શિવલિંગ આશરે ૨૦૦૦ વર્ષ જુનુ છે. મહાશિવરાત્રીના અવસર પર અહીં હિન્દુ સમુદાયના લોકો મોટી સંખ્યામાં પહોંચે છે. ભવ્ય રીતે શિવરાત્રીની ઉજવણી કરવામાં આવે છે. અહીં દરરોજ પુજા થતી નથી પરંતુ શિવરાત્રી પર શ્રદ્ધાળુઓની પડાપડી દર્શન માટે થતી રહે છે. મંદિરમાં શિવલિંગ ઉપરાંત ભગવાન ગણેશ, શિવ પાર્વતી અને કાળી દેવીની મુર્તિ છે. આ મંદિરમાં દેવી દુર્ગા ગુફા પણ છે. આવી જ રીતે પાકિસ્તાનમાં જોહીમાં આશરે ૨૦૦ વર્ષ જુનુ શિવ મંદિર છે. અહીંના લોકો ભગવાન શિવને મુખ્ય દેવતા તરીકે ગણે છે. મંદિરની વિશેષતાની વાત કરવામાં આવે તો તેના નિર્માણની બાબત ખાસ રહેલી છે. જો કે આ મંદિરને પણ કટ્ટરપંથીઓએ નુકસાન કરી દીધુ હતુ. ચારેબાજુથી હવે આ મંદિર તુટી ચુક્યુ છે. હવે અહીં તુટેલી મુર્તિઓ રહી ગઇ છે. હવે અહીં ચંદિયો કબીલા સાથે સંબંધિતક પરિવાર રહે છે. કેટલાક લોકો માને છે કે આ જેન મંદિર હતુ. જો કે તુટેલી દેવી દેવતાની મુર્તિઓને જોઈને કહી શકાય છે કે તે શિવમંદિર છે.



પાકિસ્તાનમાં રહેતા હિન્દુ સમુદાયના લોકો મહાશિવરાત્રીના અવસર પર કેટલાક શિવમંદિરમાં દર્શન કરીને જળાભિષેક કરે છે

જન્મના છ માસ બાદ શિશુને હળવી ચીજો આપી શકાય છે...

નવજાત શિશુની કાળજી ખુબ જરૂરી

ઘરમાં આપનાર નવા મહેમાન ખુશીની સાથે સાથે જવાબદારી પણ લઈને આવે છે. આ જવાબદારી અસરકારક રીતે અદા કરવામાં આવે તે જરૂરી છે. શરૂઆતના દિવસોમાં તેની ખાસ કાળજી ખુબ જ જરૂરી છે. આ કાળજી રાખવાથી તે શરૂઆતી રોગથી દુર રહે છે. સાથે સાથે હેલ્થી પણ રહે છે. આ તમામ જવાબદારીમાં માતાની ભૂમિકા સૌથી મોટી હોય છે. કેટલીક એવી બાબત છે જેને ધ્યાનમાં રાખીને નાનકડા મહેમાનને હેલ્થી રાખી શકાય છે. જાણકાર લોકો અને નિષ્ણાંત તબીબો કહે છે કે જન્મના છ માસ સુધી શિશુને માતાનુ દુધ જ આપવામાં આવે તે જરૂરી હોય છે. આના કારણે તેને ખુબ ફાયદો મળે છે. કારણ કે માતાના દુધમાં કોલેસ્ટ્રોલ નામના તત્વો હોય છે. જે તેના આરોગ્ય માટે ખુબ લાભદાયી હોય છે. કદાચ આજ કારણસર માતાનુ દુધ તેના માટે આદર્શ રહે છે.તાજેતરમાં જ કરવામાં આવેલા એક રસપ્રદ અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે સ્તનપાન અથવા તો બ્રિસ્ટ ફિડિંગના કારણે નવજાત શિશુના મોતની ટકાવારીમાં આશરે ૧૦ ટકા સુધીનો ઘટાડો થઈ જાય છે. ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સમાં નિષ્ણાંતોએ વિગત આપતા કહ્યું છે કે સ્તનપાનના કારણે નવજાત શિશુમાં મૃત્યુદર ૧૦ ટકા સુધી ઘટી જાય છે. નેશનલ ફેમીલી હેલ્થ સર્વે-ઉના જણાવ્યા મુજબ ભારતમાં નવજાત શિશુમાં મૃત્યુદર દર ૧,૦૦૦ જીવીત બાળકોના જન્મમાં ૫૭ છે. જ્યારે પાંચ વર્ષથી ઓછી વયની અંદર આ દર ૭૪.૩ ટકા છે. નવજાત શિશુમાં મૃત્યુદર માટે ઘણા કારણો જવાબદાર છે. જેમાં મુખ્ય કારણ ન્યુમોનિયા અને ડાઈરીયાનો સમાવેશ થાય છે. આ બંને બિમારીઓને ખૂબ સરળતાથી રોકી શકાય છે. આ રોગ સામે નવજાત શિશુને સ્તનપાન રક્ષણ આપે છે. સાથે સાથે આનાથી તેની રોગપ્રતિકારક શક્તિમાં ઉલ્લેખનીય વધારો થાય છે. એમ્સમાં બાળકોના નિષ્ણાંત તબીબ વિનોદ પોલે કહ્યું છે કે નવજાત શિશુની ઘણી બિમારી આ પ્રકારે દૂર થઈ શકે છે.



રૂમના તાપમાનને નિયંત્રિત રાખવામાં આવે તે પણ જરૂરી છે : મજબુત હાડકા માટે માલિશ પણ જરૂરી : વધારે રડે તો તબીબની મદદ જરૂરી

માતાઓ દ્વારા નવજાત શિશુને વધારે પ્રમાણમાં સ્તનપાન કરાવવામાં આવે તેને લઈને જાગૃતિ કાર્યક્રમ પણ જરૂરી છે. આધુનિક સમયની મહિલાઓમાં સ્તનપાનને લઈને ઘણી ખોટી માન્યતા પ્રવર્તી રહી છે. આ મહિલાઓ માને છે કે સ્તનપાનના લીધે તેમના શરીરને નુકશાન થશે. તેમની ફિટનેશ અને ખૂબસુરતી જતી રહેશે પરંતુ આ બાબત સાચી નથી. તબીબોનું કહેવું છે કે ઓછામાં ઓછા છ મહિના સુધી નવજાત શિશુને સ્તનપાન અતિ જરૂરી છે. આનાથી બાળકની લોકપ્રતિકારક શક્તિમાં વધારો થાય છે. આ ઉપરાંત ઘણા રોગ પણ દૂર થાય છે. પોલનું કહેવું છે કે જ્યારે એક સગર્ભા મહિલા સલાસૂચનના હેતુસર સેન્ટરમાં આવે છે ત્યારે ઘણા મુદ્દે તેની સાથે વાત કરવામાં આવે છે. મહિલાઓને એવી માહિતી પણ આપવામાં આવે છે કે સ્તનપાનની મહિલાઓને કોઈ નુકશાન થતું નથી. તમામ સંજોગો હેઠળ આ ખૂબ જ પ્રાથમિક જરૂરિયાત છે. નવજાત શિશુ ખુબ નાજુક હોય છે. આવી સ્થિતીમાં શિશુ પોતાને બહારના તાપમાન મુજબ રાખી ન શકતા તકલીફ પડે છે. બાળકને હમેંશા ઢાકીને રાખવામાં આવે તે જરૂરી છે. સાથે સાથે બાળક જે રૂમમાં હોય તે રૂમાં તાપમાન ૩૭ ડિગ્રીની આસપાસ રહે તે જરૂરી છે. જન્મના સમય શિશુના હાડકા ખુબ નબળા અને મુલાયમ હોય છે. આવી સ્થિતીમાં માતાને હાડકાને મજબુત કરવા માટે શિશુની માલિશ કરવી જોઈએ. તબીબો સાથે સલાહ કરીને બજારમાં ઉપલબ્ધ કોઈ યોગ્ય તેલનો ઉપયોગ આના માટે કરી શકાય છે. નવજાત શિશુની રડવાની બાબત હમેંશા ચિંતા ઉપજાવે તેવી હોય છે. મોટા ભાગના શિશુ ભુખ લાગવાની સ્થિતીમાં અથવા તો ભીના થઈ જવાની સ્થિતીમાં રડે છે. જો આવી સ્થિતી નથી અને તો પણ રડે છે તો તરત તબીબોનો સંપર્ક કરવો જોઈએ. નવજાત શિશુ માટે તાપ પણ જરૂરી હોય છે. ઠંડીના દિવસોમાં તેને થોડાક સમય માટે તાપમાં રાખવાની જરૂર હોય છે. આ રીતે તેને ફરાવવાની રીતને ફોટોથેરાપી તરીકે ગણવામાં આવે છે. આનાથી નવજાત શિશુના હાડકા મજબુત થાય છે. બાળકને દરરોજ થોડાક સમય માટે તાપમાં ફરાવવાની જરૂર હોય છે. આ કસરત તેને હેલ્થી રાખે છે. જાણકાર નિષ્ણાત તબીબો કહે છે કે છ મહિના બાદ શિશુને હળવી ખાવાની ચીજો આપવાની શરૂઆત કરવી જોઈએ. શિશુને પચાવવામાં તકલીફ પડે તેવી ચીજો તેને ન આપવી જોઈએ. નવજાત શિશુ ખુબ જ કોમળ હોય છે. જેથી તેને માત્ર કોમળ વસ્ત્રો જ પહેરાવવા જોઈએ. આ ઉપરાંત શિશુના વસ્ત્રો બિલકુલ અલગ રીતે ધોઈ કાઢવા જોઈએ. તેમને અલગ જગ્યાએ જ રાખવા જોઈએ. નવજાત શિશના સંબંધમાં કાળજી ખુબ મહત્વપૂર્ણ બાબત છે. કારણ કે તેને થોડીક પણ લાપરવાહી તકલીફ ઉભી કરી શકે છે.



બિકિની પહેરવા પર જેલની કઠોર સજા થઈ શકે

માલદીવમાં બિકીની પર બ્રેક

માલદગીવ એક આદર્શ રોમેન્ટિક ડ્રીમ આઈલેન્ડ તરીકે છે. માલદીવ સમગ્ર દુનિયામાં તેના ખુબસુરત બીચ અને અન્ય સ્થળો માટે લોકપ્રિય છે. માલદીવમાં મોટા પાયે ફિલ્મોના શુટિંગ કરવામાં આવે છે. સાથે સાથે બોલિવુડના કલાકારો વારંવાર માલદીવમાં બીચ પણ રોમાંચ કરતા જોવા મળે છે. માલદીવમાં રજા માણમા માટે તમામ લોકોની ઈચ્છા હોય છે. માલદીવમાં બીચ અને અન્ય સ્થળો પર કલાકારોના ફોટા અને વિડિયો વારંવાર વાયરલ થતા રહે છે. વીઝા ઓન એરાઈવલની સુવિધાના કારણે મોટી સંખ્યામાં લોકો ખાસ કરીને ભારતીય પ્રવાસીઓ માલદીવમાં રજા માણવા માટે પહોચે છે. અહીંના ખુબ સ્વચ્છ અને ખુબસુરત બીચ પર કલાકો સુધી બેસીને સનબાથિંગની મજા માણી શકાય છે. સ્વિમિંગ, વોટર સ્પોટર્સ અને અન્ય એડવેન્ચરની મજા અહીં માણી શકાય છે. જો તમે પણ માલદીવ જવા માટેની તૈયારી કરી રહ્યા છો તો આ સમાચાર તમારા માટે જ છે. કારણ કે તાજેતરમાં જ માલદીવમાં બિકીની પહેરવા પર એક મહિલાની ધરપકડ કરવામાં આવી હતી. જાણકારી મુજબ માલદીવના માકુશી નોન રિસોર્ટ દ્વિપ નજીકથી મહિલાની ધરપકડ કરી લેવામાં આવી હતી. આ ઘટનાનો વિડિયો જારી કરવામાં આવ્યા બાદ ભારે ચર્ચા રહી હતી. જેમાં એક મહિલા ત્રણ પોલીસ જવાનોની સાથે સંઘર્ષ કરતી નજરે પડી રહી હતી. તેની હાલમાં ધરપકડ કરી લેવામાં ાવી છે. જો કે અધિકારીએ કહ્યુ છે મહિલા નશામાં રહેલી હતી. માલદીવના પોલીસ સર્વિસ કમીશનર મોહમ્મદ હમીદે મહિલાની ધરપકડ કરવામાં આવ્યા બાદ જાહેર રીતે માંફી માંગી હતી. વિડિયોમાં આ મહિલા બ્રિટીશ અંદાજમાં જોરશોરથી બુમો પાડી રહી હતી. જેમાં તે કહી રહી હતી કે પોલીસ તેની સાથે યૌન શોષણ કરે છે. બિકીનિ પહેરવા માટેની બાબત બીચ પર ગેરકાનુની નથી. જો કે આ હોલિડે રિસોર્ટ ઉપરાંત તમામ ક્ષેત્રમાં તેના પર કઠોર પ્રતિબંધ છે. માલેના પાટનગરની સાથે સાથે સ્થાનિક દ્વિપ પર બિકિની પહેરવા પર પ્રતિબંધ છે. માત્ર પ્રાઈવેટ દ્વિપ પર જ અથવા તો સ્થાનિક રિસોર્ટમાં જ બિકિની પહેરી શકાય છે. એક ઈસ્લામિક દેશ હોવાના કારણે માલદીવમાં કેટલાક કઠોર નિયમો લાગુ થાય છે.

તંત્રી સ્થાનેથી...

જળ સંકટ વધુ ઘેરુ બન્યુ

દેશના જુદા જુદા ભાગોમાં પાણીની કટોકટી હજુ પણ રહેલી છે. કટોકટીને દુર કરવાના તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. હજુ ગંભીરરીતે પ્રયાસ કરવાની જરૂર છે. હિમાચલપ્રદેશના શિમલામાં પાણીની કટોકટીના કારણે સમગ્ર દેશમાં રહેતા લોકોનુ ધ્યાન ખેંચાઈ રહ્યુ છે. ખાસ બાબત એ છે કે જલ ધારાઓથી મોટા ભાગે ભરચક રહેતા શિમલામાં આ વખતે કટોકટી સર્જાઈ ગઇ છે. પહાડી પ્રદેશના અડધાથી વધારે જિલ્લા હાલમાં જોરદાર જળ સંકટનો સામનો કરી રહ્યા છે. આ સંકટ આ બાબતની ચેતવણી આપે છે કે દેશના તમામ નગરો હવે પીવાના પાણીની કટોકટી તરફ વધી રહ્યા છે. અમારા દેશમાં કોઈ પણ સમસ્યા તરફ ધ્યાન એ વખતે આપવામાં આવે છે જ્યારે સમસ્યા ખુબ ગંભીર બની જાય છે. આ બાબતનો શાસનમાં બેસેલા તમામ લોકો અને સામાન્ય લોકો બંને પર એકસમાન રીતે લાગુ થાય છે. સરકારને આ અંગે પુરતી માહિતી છે કે દેશના આશરે અડધા જિલ્લામાં જળ સંકટની સ્થિતી છે. આ સ્થળો પર પાણીના સોર્સ સતત સુકાઈ રહ્યા છે. માનવીય દરમિયાનગીરીના કારણે પણ કેટલાક કુદરતી પાણીના સોર્સ ખતમ થઈ રહ્યા છે. સપાટી પર પાણીના એવા સોર્સ જે વરસાદી પાણીના કારણે ભરાઈ જાય છે તેમાં પણ ૪૦ ટકા સોર્સ હવે સુકાઈ રહ્યા છે. દેશની અડધાથી વધારે નદીઓ પ્રદુષિત થઈ ચુકી છે. કુદરત પણ બદલાય છે. વસ્તી પણ રેકોર્ડ ગતિથી વધી રહી છે. સ્વચ્છ પાણીની ઉપલબ્ધતા ઘટતા ઘટતા ૬૦ વર્ષ પહેલાથી એક ચતુર્થાશ રહી ગઈ છે. આટલી જટિલ સ્થિતી હોવા છતાં અમે સાવધાન થઈ રહ્યા નથી. નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ હાઈડ્રોલોજી દ્વારા તો અહીં સુધી કહેવામાં આવ્યુ છે કે આ દશકની શરૂઆત બાદ જે સ્થિતી હતી તે હવે વધારે જટિલ બની જશે. આ દશકની શરૂઆતમાં પાણીની ઉપલબ્ધતા જે ઘટીને ૯૩૮ ક્યુબિક મીટર રહી ગઈ હતી તે હવે વર્ષ ૨૦૨૫ સુધી ઘટીને ૮૧૪ ક્યુબિક મિટર રહી જશે. એક બાજુ નદીઓના પાણીને અમે લાપરવાહીપૂર્વક પ્રદુષિત કરી રહ્યા છીએ તો બીજી બાજુ પાણી તરફ ગંભીરતા દાખવી રહ્યા નથી. ભૂગર્ભ જળને લઈને વ્યાપક ગેરરિતી કરવામાં આવી રહી છે. તમામ નિષ્ણાંતો કહે છે કે પ્રદુષિત પાણી અમારા શરીર પર સીધી રીતે પ્રતિકુળ અસર કરે છે. નિષ્ણાંતો એમ પણ કહે છે કે ૪૦ ટકા કરતા વધારે બિમારી તો પાણીજન્ય હોય છે. ખરાબ આરોગ્યના કારણે જ મોટા ભાગના લોકો તેમની ક્ષમતાનો પૂર્ણ ઉપયોગ કરી શકતા નથી. આ તમામ બાબતો તરફ ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. સરકારો કાયદા બનાવીને પોતાની ભૂમિકાને પૂર્ણ ગણી નાંખે છે પરંતુ ત્યારબાદ તેના તરફ ધ્યાન આપવામાં આવતુ નથી. જળ જીવન છે આ દ્રષ્ટિએ તમામ બાબતોને જોઈશુ તો જ તમામને ફાયદો થશે. જળને અમારા પ્રાચીન લોકો દેવતા સમાન ગણતા આવ્યા છે પરંતુ હવે જળ માત્ર ઉપયોગના સાધન તરીકે બનતા લાપરવાહી જોવા મળી રહી છે. દિન પ્રતિદિન વધુને વધુ ઘેરા બનતા જળ સંકટને ગંભીરતા સાથે હાથ ધરવામાં આવે તે જરૂરી છે. ગ્રામીણ વિસ્તારોમાં રહેતા મોટી સંખ્યામાં લોકો તો પાણી માટે દુર દુર સુધી કાળઝાળ ગરમીમાં જાય છે. તેમની જરૂરીયાત પૂર્ણ કરવાની દિશામાં પહેલ કરવામાં આવે તે જરૂરી છે.

સ્વચ્છ પાણી માટે પ્રતિ વ્યક્તિ ઉપલબ્ધતા ઉલ્લેખનીયરીતે ઘટી ગઈ : જટિલ સમસ્યા

અન્યોને વોક ઓવર આપી કોંગ્રેસ હવે આગળ નહીં વધી શકે...

કોંગ્રેસ પાર્ટી દ્વારા અન્યોને વોક ઓવર

દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ પાર્ટી ફરી એકવાર ખાતુ ખોલી શકી નથી. જો કે પાર્ટીના નેતાઓના નિવેદનથી લાગે છે કે તે અહીં ભારતીય જનતા પાર્ટી સત્તામાં ન આવવાના કારણે સંતુષ્ટ છે. આ વાસ્તવિકતા છે કે લોકસભા ચૂંટણી બાદ ભારતીય જનતા પાર્ટીને ઝારખંડમાં હારનો સામનો કરવો પડ્યો છે. હરિયાણામાં પણ સ્પષ્ટ બહુમતિ પાર્ટીને મળી શકી નથી. દિલ્હીમાં જ્યાં તે સરકાર બનાવવાની આશા રાખી રહી હતી ત્યાં સીટોના મામલે તે પાછળ રહી ગઈ છે. આ સ્થિતી ભારતીય જનતા પાર્ટી માટે તો ચિંતાજનક છે. વિપક્ષ ભવિષ્યમાં આને લઈને વધારે સારા પરિણામ હાંસલ કરવાની આશા રાખી શકે છે. પરંતુ કોંગ્રેસ પાર્ટીની તો આશા એ વખતે જ સુધરી શકે છે જ્યારે તે પોતે ભારતીય જનતા પાર્ટીને ટક્કર આપવા માટેની સ્થિતીમાં આવે. કહેવા માટે તો કોંગ્રેસ કહી શકે છે કે તે મહારાષ્ટ્ર અને ઝારખંડમાં સત્તામાં છે. હરિયાણામાં તેનો દેખાવ સારો રહ્યો હતો. પરંતુ આ પ્રદેશોમાં તેની હેસિયત શુ છે. મહારાષ્ટ્રની વાત કરવામાં આવે તો જો શિવ સેનાએ મુખ્યપ્રધાન પદના મુદ્દા પર જિદ્દી વલણ ન રાખ્યુ હોત તો ભારતીય જનતા પાર્ટી સાથે તેની સરકાર તો બની ગઈ હતી. કોંગ્રેસ પાર્ટી તો ચિત્રમાં જ ન હતી. ઝારખંડમાં પણ તે મુખ્ય પાર્ટી હતી. ભારતીય જનતા પાર્ટીની એન્ટ્રી મોડેથી થઈ છે. ઝારખંડ મુક્તિ મોરચાની સ્થિતી હતી પરંતુ તે ક્યારેય મુખ્ય શક્તિ તરીકે ન હતી. આજે કોંગ્રેસ ત્યાં શાસનમાં છે પરંતુ જેએમએમના કારમે તે બીજા સ્તરની ભૂમિકામાં છે. આટલા લાંબા સમય બાદ પણ તેને માત્ર ૧૩.૮ ટકા મત મળ્યા છે. એટલે કે મહારાષ્ટ્રની જેમ ત્યાં પણ કોંગ્રેસ પાર્ટી મર્યાદિત રહી છે. કોંગ્રેસની સાથે જેએમએમ અને આરજેડીના મત ભેળવી દેવામાં આવે તો તેના મત ભાજપના ૩૩.૪ ટકા જેટલા થાય છે. આજની તારીખમાં કોંગ્રેસ પાસે જનાધાર નવ રાજ્યોમાં છે. દેશના મોટા ભાગના રાજ્યોમાં કોંગ્રેસ સમાપ્તપ્રાય છે. ધ્યાન આપવામાં આવે તો




પોતાના દમ પર ભારતીય જનતા પાર્ટીને ટક્કર આપવાની સ્થિતીમાં રહેશે તો જ પાર્ટી ફરી મજબુત બની શકે : આક્રમક નીતિ જરૂરી છે

દિલ્હી, ઉત્તરપ્રદેશ, બિહાર, બંગાળ, ઓરિસ્સા, આંધ્રપ્રદેશ, તેલંગણા, તમિળનાડુ, પૂર્વોતરના મોટા ભાગના રાજ્યોમાં કોંગ્રેસ ખતમ છે. કેરળમાં પણ ભારતીય જનતા પાર્ટીનો ગ્રાફ વધ્યો છે. લોકસભાની ચૂંટણીમાં ૧૭ રાજ્યોમાં કોંગ્રેસ પાર્ટીનુ ખાતુ ખોલાયુ ન હતુ. એમાં એવા રાજ્યો પણ સામેલ છે જેમાં તે સત્તામાં છે. કેન્દ્ર અને રાજ્યોમાં સૌથી લાંબા સમય સુધી શાસન કરનાર કોંગ્રેસ પાર્ટીની આ દુર્દશા માટે કેટલાક કારણ રહેલા છે. પાર્ટી નેતૃત્વમાં નબળાઈ દેખાઈ રહી છે. ભાજપની સાથે સંઘર્ષ કરવાની ભાવના સ્વાભાવિક છે. પરંતુ તેમાં પોતાના અસ્તિત્વને ખતમ કરી નાંખવાની બાબત યોગ્ય નથી. બીજાના કારણે કેટલીક સીટો મેળવી લેવાની બાબત તેની વિનાશ ગાથા તરીકે ચે. કોંગ્રેસ માટે હાલની નીતિ ઘાતક સાબિત થઈ રહી છે. મોદીને સૌથી વધારે ટાર્ગેટ બનાવવાના કારણે તેના પરિણામ તેને લોકસભાની ચૂંટણીમાં મળ્યા હતા. જો કે કોંગ્રેસ પોતાના પ્રયોગથી હજુ કોઇ બોધપાઠ લઈ રહી નથછી. વર્ષ ૨૦૧૭માં ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં રાહુલ ગાંધીએ કહ્યુ હતુ કે અમને વડાપ્રધાનનુ નામ સન્માન સાથે લેવાની જરૂર છે. કોંગ્રેસ પાર્ટીએ ત્યાં આ નારા લઈ લીધા હતા. વિકાસ ગાંડો થયો તે નારો ચાલ્યો હતો. આના પર ચર્ચા થઈ શકે છે કે રાહુલ ગાંધી દ્વારા એ ચૂંટણીમાં ટીવી કેમેરાની સાથે મંદિર મંદિર જતા દેખાયા હતા. પોતાને શુદ્ધ હિન્દુ અને શિવ ભક્ત હોવાની રાહુલે વાત કરી હતી. આ તમામ બાબતો કોંગ્રેસની પૃષ્ટભૂમિની દ્રષ્ટિએ યોગ્ય હતી કે કેમ તે અંગે બાબત થઈ રહી નથી જો કે આ મુદ્દાના કારણે કોંગ્રેસ પાર્ટી સ્પર્ધમાં આવી ગઈ હતી. જેથી ભારતીય જનતા પાર્ટીને સહેજમાં જીત મળી હતી. કોંગ્રેસે જોરદાર ટક્કર આપી હતી. જો કે ત્યારબાદ રાહુલે ચોકીદાર ચોર હેના નારા લગાવવાની શરૂઆત કરી હતી. મોદી માટે વાંધાજનક શબ્દોનો પ્રયોગ કરતા રહ્યા હતા. જેની પ્રતિક્રિયા સાફ રીતે લોકસભાની ચૂંટણીમાં જોવા મળી હતી. મોદી પર આક્રમક થતાની સાથે જ ભારતીય જનતા પાર્ટીએ કહેવાની શરૂઆત કરી કે આ લોકો અમારુ અપમાન કરી રહ્યા છે. જેથી રાહુલની છાપ ખરાબ થઈ હતી. દિલ્હી ચૂંટણી પ્રચારમાં રાહુલ ગાંધીએ કહ્યુ હતુ કે યે જો નરેન્દ્ર મોદી હે ન છ આઠ મહિને બાદ અપને ઘર સે નહીં નિકલેગા , નવજવાન ઈસે ડંડા મારેગે, આ અપમાનજનક શબ્દોનો ઉપયોગ કરવાથી એવો સંદેશ જાય છે કે મોદીના વધેલા કદને કમજોર કરવા માટે રાહુલ કેટલી હદ સુધી અયોગ્ય ભાષાનો ઉપયોગ કરી રહ્યા છે. ભાષા અને હાવભાવથી જ જનમાનસમાં નેતાની છાપ ઉભી થાય છે. કેજરીવાલે મહિના પહેલા જ મોદીનુ નામ સુધી લેવાનુ બંધ કરી દીધુ હતુ.

ફરિયાદ : લગ્ન બાદ મોટા ભાગના કપલ વચ્ચે રોમાન્સ ઘટે છે

પરિણિત લાઈફમાં ફરી રોમાન્સ લાવો

લગ્ન બાદ મોટા ભાગના કપલની વચ્ચે રોમાન્સ ઘટી જાય છે. જે સંબંધ માટે સારી બાબત નથી. આવી સ્થિતીમાં કોઇ પણ એક પ્રસંગને અવસરમાં ફેરવી દેવાની જરૂર હોય છે. સારી તારીખ પણ સારા પ્રસંગ પૈકી એક તરીકે છે. પોતાના પ્રેમને ફરી એક્સપ્રેસ કરવા અને લવ લાઈફમાં રોમાન્સને ફરી લાવવા માટેની બાબત ખુબ જરૂરી છે. વેલેન્ટાઈન ડે વાત કરવામાં આવે તો તે માત્ર બોયફ્રેન્ડ અને ગર્લફ્રેન્ડ માટે નહીં બલ્કે પતિ અને પત્નિ માટે પણ હોય છે. જો કે કેટલીક વખત કપલ્સ આ બાબતને લઈને ફરિયાદ કરે છે કે લગ્ન બાદ તેમની લવ લાઈફમાં રોમાન્સ અને પ્રેમ રોમાન્સ બંને ખતમ થઈ ગયા છે. સ્વાભાવિક બાબત એછે કે આવુ થવાની બાબત સંબંધ માટે કોઇ પણ રીતે યોગ્ય નથી. વેલેન્ટાઈન ડેના પ્રસંગે કેટલીક ખાસ બાબતનો પ્રયોગ કરીને પ્રેમને ફરી હાંસલ કરી શકાય છે. આના માટે કેટલીક ટિપ્પ આપના માટે ઉપયોગી સાબિત થઈ શકે છે. બ્રેકફાસ્ટ સાથે આની શરૂઆત કરી શકાય છે. મોટા ભાગના મેરિડ કપલ્સ વચ્ચે આજે પણ વાઈફ જ બ્રેક ફાસ્ટથી લઈને દરેક મિલની કાળજી લેતી રહે છે. જો કે કોઈ ખાસ દિવસે તમારી પત્નિ કરતા વહેલી તકે ઉઠીને તેમને બ્રેક ફાસ્ટ બનાવીને સરપ્રાઈઝ આપી શકાય છે. જો કુકિંગમાં કાચા છો તો માર્કેટથી પહેલાથી જ રેડી ટુ ઈટ મેડ ફુડ આઈટમ્સ લાવી દેવાની જરૂર છે. જે હેલ્થી અને ટેસ્ટી પણ રહે છે. બ્રેકફાસ્ટની ટ્રેમાં રોમાન્ટિક મેસેજ લખવામાં આવે તે જરૂરી છે. મેરિડ કપલ્સ જો કામકાજી છે તો સાથે સમય ગાળવાની બાબત ખુબ મુશ્કેલરૂપ રહે છે. આવી સ્થિતીમાં એક દિવસનો સમય એકબીજા માટે કાઢવામાં




પોતાના પ્રેમને ફરી એક્સપ્રેસ કરવા અને લાઈફમાં રોમાન્સને ફરી લાવવા માટેના કેટલાક તરીકા રહેલા છે : લવ લાઈફ ઉપયોગી છે

આવે તે જરૂરી છે. કોઇ પણ એક દિવસ સાથે ગાળવાનો પ્રયાસ કરવામાં આવે તે જરૂરી છે. રોમેન્ટિક ડેની રોમેન્ટિક શરૂઆત બાદ બંને ડેની સાથે શરૂઆત કરવામાં આવે તે જરૂરી છે. ડેની એક્ટિવિટી પ્લાન કરી શકાય છે. વધુને વધુ સમય સાથે ગાળવામાં આવે તે જરૂરી છે. લવ લાઈફ એજ વેળા રોમેન્ટિક બને છે જ્યારે ટાઈમ ટાઈમ પર પ્રેમમા નવા તડકા લાગે છે. જો કે અમે તેને પાળી શકતા નથી. લાઈફ કોઈ ત્રણ કલાકની ફિલ્મ નથી. જેની પટકથા પહેલાથી જ તમામને રહેલી હોય છે. જો કે અમને રોમાન્સની તો જરૂર હોય છે. દિવસની રોમેન્ટિક શરૂઆત કર્યા બાદ સાથે શાવર લેવાની બાબત પણ ઉપયોગી હોય છે. પ્રેમમાંથી જઈ ચુકેલા ઈન્ટિમેસીને પણ ફરી સજીવન કરી શકાય છે ફિજિકલ ઈન્ટીમેસી પણ રિલેશનશીપમાં હમેંશા ચાવીરૂપ ભૂમિકા અદા કરે છે. લંચ ડેટ વાઈફના ફેવરીટ રેસ્ટોરન્ટમાં એડવાન્સ બુકિંગ કરીને આગળ વધી શકાય છે. ભોજનની પસંદગી પણ પત્નિ નક્કી કરે તે ઉપયોગી હોય છે. પોતાના માટે પણ તેમને જ ઓર્ડર કરવાની તક આપવામાં આવે તે જરૂરી છે. આ બાબત તેમને ખાસ ફિલ ઓફર કરાવે છે. એવી જગ્યાએ પણ જવાની જરૂર હોય છે જે તેમને જુની યાદમાં લઈને જઈ શકે છે. આ બાબતોના કારણે જુની યાદોને તાજી કરવામાં ભૂમિકા અદા કરે છે. તેમની વચ્ચે કેટલો પ્રેમ છે તે બાબત નક્કી કરવાની પણ તક મળે છે. પતિ અને પત્નિ વચ્ચે રોમાન્સને સજીવન કરવા માટે પ્રયાસો સતત થાય તે જરૂરી છે. કેટલીક બાબતો ન કરવાની પણ તમામને સલાહ આપવામાં આવે છે. આધુનિક મોંઘવારીના સમયમાં પતિ અને પત્નિ વચ્ચે એકબીજા માટે સમય ઓછો હોય છે. કારણ કે બંને મોટા ભાગે નોકરી કરનાર પૈકી હોય છે. આવી સ્થિતીમાં તેમની વચ્ચે પ્રેમ અને રોમાન્સ માટે સમય કાઢવાની બાબત મુશ્કેલરૂપ હોય છે. પરિણિત દંપત્તિમાં પ્રેમ ઘટી જવા માટેના કેટલાક કારણો હોય છે. જે પૈકી એક કારણ સામાજિક જવાબદારી પણ હોય છે. કેટલીક બાબતોને લઈને દંપતિને હમેંશા વાંધો રહે છે. જો ગિફ્ટ અપાવવા માટે કોઈ જગ્યાએ પહોંચી રહ્યા છો તો ક્યારેય એમ કહી શકાય નહીં કે આ ચીજ વધારે મોંઘી રહેલી છે.

નજીવા દુખાવા અને થાકમાં ઉંઘની ગોળી લેતા લોકો સાવધાન બને...

ઉંઘની ગોળી હાર્ટની બિમારી કરી શકે

કેટલાક લોકોને તબીબોના કહેવાથી નીંદની ગોળીઓનો સહારો લેવાની ફરજ પડે છે પરંતુ કેટલાક લોકો કોઈને કોઈ બહાનાથી નીંગની ગોળીઓ લેવાની ટેવ પાડી દે છે. આ વાસ્તવિકતા છે કે કેટલાક સમય માટે નીંદની ગોળીઓ સકુન આપે છે અને આરામનો અનુભવ કરાવે છે. પરંતુ નીંદની ગોળીઓની ટેવ પાડી દેવાની બાબત સૌથી ખતરનાક છે. અનેક બિમારીને આના કારણે આમંત્રણ મળે છે. કેટલાક કઠોર પગલા જુદા જુદા સ્તર પર અને તબીબોના સ્તર પર લેવામાં આવ્યા હોવા છતાં તેની ટેવ પાડવી ઘાતક સાબિત થઈ શકે છે. હાલના સમયમાં નીંદની ગોળીઓનુ વેચાણ સતત વધી રહ્યુ છે. નીંદની ગોળીઓ ખાવાથી અનેક પ્રકારની ગંભીર બિમારી હોઈ શકે છે. જાણકાર તબીબો કહે છે કે સગર્ભા મહિલાઓને નીંદની ગોળી લેવાથી નુકસાન થાય છે. આના કારણે બેચેની તો વધી જાય છે. ગર્ભસ્થ શિશુ ગંભીર વિકૃતિનો શિકાર થઈ શકે છે. પ્રેગ્નેન્સીના ગાળા દરમિયાન નીંદ ન આવવાની તકલીફ હોય તો માત્ર તબીબોની સલાહ પર જ આ પ્રકારની દવા લેવાની શરૂઆત કરવી જોઈએ. તબીબોની વાત પર વિશ્વાસ કરવામાં આવે તો નીંદની ગોળી વધારે ખાવાની સ્થિતીમાં હાર્ટ અટેકનો ખતરો વધી જાય છે. વૈજ્ઞાનિકો માને છે કે નીંદની દવામાં રહેલા જોપિડેમ તત્વના કારણે હાર્ટની બિમારી થઈ શકે ચે. નિયમિત લાઈફસ્ટાઈલમાં ફેરફાર કરીને નીંદની ગોળીઓથી બચી શકાય છે. જે લોકો દરરોજ એક ગોળી ખાવાના બદલે તેના કરતા વધારે નીંદની ગોળીઓ લે છે તેના કારણે કોમામાં જવાનો ખતરો પણ વધી જાય છે. પીઠમાં દુખાવા અને અસ્થમાની તકલીફ ધરાવતા લોકોએ વધારે દવા લેવાની સ્થિતીમાં નુકસાન થાય છે. આ પ્રકારની ગોળીઓમા ઉપયોગથી બ્લડ પ્રેશર, માથાના દુખાવા અને સ્નાયુ સંબંધી રોગ પણ થઈ શકે છે. લાંબા સમય સુધી નીંદની ગોળીઓના ઉપયોગ કરવાથી યાદશક્તિને નુકસાન થાય છે. નીંદની ગોળીઓ



નીંદની ગોળીમાં જોપિડેમ નામના તત્વો હોય છે જે યાદશક્તિને નુકસાન કરે છે : કોમામાં સરકી જવા માટેના ખતરાને પણ વધારી દે છે

નર્વસ સિસ્ટમને કમજોર કરી નાંખે છે. આના કારણે નર્વસ સિસ્ટમ સંબંધી બિમારી થવાનો ખતરો વધી જાય છે. હાર્ડ ડોઝમાં દવા લેવાથી ભુખ ઘટી જાય છે. દરરોજ નીંદની ગોળીઓ લેવાથી આલસ આવતા રહે છે. સામાન્ય રીતે જે લોકો સ્થુળતાથી ગ્રસ્ત છે તેમને ભુલથી પણ નીંદની ગોળીઓ લેવી જોઈએ નહીં. નીંદની ગોળીઓ લેવાની સ્થિતીમાં ખતરો દરેક બિમારીનો વધી જાય છે.નીંદની ગોળીઓ ખુબ ઘાતક છે. પુરતા પ્રમાણમાં ઉંઘ અનેક બિમારીને ટાળે છે.તાજેતરમાં જ કરવામાં આવેલા નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે, ઉંઘની દવાઓથી રાત્રી દરમિયાન ખૂબ સારી ઉંઘ આવે છે પરંતુ આ દવાઓ વહેલી તકે મોત અને કેન્સરના ખતરાને સતત વધારે છે. જરનલ બીએમજે ઓપનમાં પ્રકાશિત કરવામાં આવેલા અહેવાલમાં આ મુજબનો ધડાકો કરવામાં આવ્યો છે. અભ્યાસ માટે સંશોધકોએ ૧૦૫૨૯ લોકોના મેડીકલ રેકોર્ડમાં ચકાસણી કરી હતી. તબીબોની મંજુરીથી આ પ્રકારની દવાઓ લઈ રહેલા લોકો ઉપર નજર રાખવામાં આવી હતી. આ ઉંપરાત ૨૩૬૭૬ એવા લોકોના ઈતિહાસમાં પણ ચકાસણી કરવામાં આવી હતી જે રાત્રે ઉંઘી જવા માટે આ પ્રકારની દવાઓનું ઉપયોગ કરતા નથી. અભ્યાસ બાદ જાણવા મળ્યું છે કે ઉંઘની દવાઓથી ચોક્કસપણે સારી ઉંઘ આવે છે. પરંતુ કેન્સર અને વહેલી તકે મોતના ખતરાને પણ આ દવાઓ આમંત્રણ આપે છે. ઝોલપીડેમ, ટેમાઝેપમ સહિતની તમામ ઉંઘની દવાઓમાં અભ્યાસ કર્યા બાદ આ પ્રકારના તારણો આપવામાં આવ્યા છે. બે અઢી વર્ષ સુધી સતત આ પ્રકારની દવાઓ લીધા બાદ ઉંઘની દવાઓ લેનાર લોકોમાં મોતનો દર ૬.૧ ટકા રહ્યો હતો. જ્યારે આ પ્રકારની દવાઓ નહીં લેનાર લોકોમાં મોતનો દર ૧.૨ ટકા નોંધાયો હતો. અભ્યાસના તારણોને ખૂબ જ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. કારણ કે આધુનિક સમયમાં વ્યસ્થ લાઈફમાં લોકો પૂરતી ઉંઘ મેળવી શકતા નથી. આવી સ્થિતિમાં મજબૂત ઉંઘ માટે દવાઓનો ઉપયોગ કરવામાં આવે છે. દવાઓની માઠી અસર રહેલી છે. આમા જણાવવામાં આવ્યું છે કે દવાઓ વધુ પ્રમાણમાં લેનાર લોકોમાં મોતનો ખતરો ૩.૬ ગણો વધુ છે.

જ્યારે એક વર્ષમાં ૧૮ અને ૧૩૨ ડોઝ લેનારમાં મોતનો દર ૪.૪૩ ગણો છે. એક વર્ષમાં ૧૩૨ ડોઝ લેનારમાં મોતનો દર ૫.૩૨ ગણો છે. જ્યારે ઉંચા ડોઝ લેનારાઓમાં મોતનો ગણ ૩૫ ગણો વધી જાય છે.

ખાલી પેટ ચા પીવાથી નુકસાન

ગરમ પાણી અને ગોળના સેવનથી લાભ



સવારમાં ઉઠતાની સાથે જ કેટલાક લોકો દિવસની શરૂઆત સીધી રીતે ચા સાથે કરે છે. ખાલી પેટ ચા પીવાના કારણે શરીરને નુકસાન થાય છે. આ બાબત પહેલા પણ સાબિત થઈ ચુકી છે અને ફરી એકવાર હવે સાબિત થઈ છે. હવે નવા રિપોર્ટમાં દાવો કરવામા આવ્યો છે કે સવારમાં ઉઠતાની સાથે જ જો ચાના બદલે ગરમ પાણી અને ગોળનો ઉપયોગ કરવામાં આવે તો તેનાથી ખુબ ફાયદો થાય છે. આયુર્વેદની વાત પર વિશ્વાસ કરવામાં આવે તો ગોળ અને ગરમ પાણીનો ઉપયોગ ઉઠતાની સાથે જ કરવાથી ફાયદો થાય છે. આ બંને ચીજોનુ મિશ્રણ શરીરમાં શક્તિ વધારે છે. સાથે સાથે લાંબી બિમારીથી રાહત આપે છે. ગોળ અને ગરમ પાણીનો ઉપયોગ સવાર ઉઠતાની સાથે જ કરવામાં આવે તે જરૂરી છે. જો આવુ કરાશે તો જ શરીરને ફાયદો કરાવી શકે છે. ગોળ ખાંડના એક જોરદાર વિકલ્પ તરીકે છે. તે પોટેશિયમ, મેગ્નિસિયમ, વિટામિન બી ૧, બી ૬ અને વિટામિન સીથી સમૃદ્ધ છે. જે વધારાની કેલોરીને બર્ન કરવામાં મદદ કરે છે. તમે આનો ઉપયોગ સવારમાં ઉઠીને અથવા તો તો રાત્રે ઉઘવા જતી પહેલા કરી શકો છો. ગરમ પાણીની સાથે તે લઈ શકાય છે. જો તમે ગેસ અથવા તો પેટની કેટલીક સમસ્યાથી પરેશાન છો તો ગરમ પાણીની સાથે ગોળના બે ટુકડા લઈ શકો છો. તે શરીરમાં પાચનની પ્રક્રિયાને ઝડપી બનાવે છે. તે શરીરમાં પાચન એન્જાઈમને મજબુત કરે છે. ભોજનને પચાવી દેવામાં મદદ કરે છે. નીંદ ન આવે તો પણ ગોળનો ઉપયોગ કરી શકાય છે. સવારમાં ગરમ પાણીની સાથે ગોળ ખાવામાં આવે તો શરીરમાં હેપ્પી હાર્મોનમાં વધારો થાય છે.

ફિલ્મી ગપસપ...



અલી ફઝલ અને રિચા ચઢ્ઢાએ લગ્નની વાતોને રદિયો આપ્યો

મુંબઈ

બોલીવૂડ કલાકારો અલી ફઝલ અને રિચા ચઢ્ઢાએ તેઓ લગ્ન કરી રહ્યાં છે એવા અમુક અખબારી અહેવાલોને રદિયો આપ્યો. અમૃતસરમાં જન્મેલી અને મુંબઈમાં ભણેલી રિચાએ કટાક્ષમાં કહ્યું કે હવે મિડિયા અમને અમારા ન જન્મેલા બાળકોનાં નામ પણ જણાવી દે. અલી ફઝલે તો ચોખ્ખા શબ્દોમાં પ્રત્યાઘાત વ્યક્ત કર્યા છે. એણે કહ્યું કે, અરે જરાય નહીં. આ વાત ખોટી છે. લોકો સાવ બેરોજગાર થઈ ગયા છે. મને ખબર પડતી નથી કે આવી વાતો કોણ ફેલાવે છે. મને સવારથી ફોન પર ફોન આવ્યા કરે છે. અલી ફઝલ હાલ એક અંગ્રેજી ફિલ્મનું શૂટિંગ પૂરું કરીને બ્રિટનમાંથી પાછો ફર્યો છે. અહેવાલો અનુસાર, બહુજન સમાજ પાર્ટીનાં પ્રમુખ માયાવતીનાં જીવન પરથી એક હિન્દી ફિલ્મ બનવાની છે જેમાં રિચા ચઢ્ઢા માયાવતીનો રોલ કરશે. એ ગયા જાન્યુઆરીમાં જ રિલીઝ થયેલી 'પંગા' ફિલ્મમાં જોવા મળી હતી જેમાં એણે કબડ્ડી ખેલાડી-કોચનો રોલ કર્યો છે.

પુલવામા આજે જેમણે જીવ ગુમાવ્યો તેમના વિશે વિચારજો : બિગ બી

મુંબઈ

અમિતાભ બચ્ચને પુલવામા હુમલામાં શહીદ થયેલા જવાનોને યાદ કર્યા હતાં. અમિતાભે ચાહકોને આ વાત યાદ અપાવી હતી અને કહ્યું હતું કે પ્રેમ તો રોજ સેલિબ્રેટ થવો જોઈએ પરંતુ પુલવામા હુમલામાં શહીદ થયેલા જવાનોને શ્રદ્ધાંજલિ અચૂકથી આપવી જોઈએ. અમિતાભે ટ્વિટર પર ટ્વીટ કરી હતી, આજે વેલેન્ટાઈન ડે હોવાનું સંભળાય છે. તેઓ ફૂલો તથા દિલથી પ્રેમ, મોહબ્બત વ્યક્ત કરે છે. દિલ મોહબ્બતની વાતો તો રોજ થવી જોઈએ. એક જ દિવસ કેમ બનાવવામાં આવ્યો? આ તો અભિન્ન છે. એ વિચારો કે વર્ષ પહેલાં આ જ દિવસે પુલવામા હુમલામાં જે વીર શહીદ થયા તેમને શ્રદ્ધાથી નતમસ્તક થઈને આપણે આજે પ્રણામ કરીએ. તેમના પર આજે આપણે ફૂલો વરસાવીએ.

નીના ગુપ્તાનો સ્ટારડમ થયો ભોંય ભેગો, એરલાઈન્સના સ્ટાફે કહ્યું: 'કોણ છો તમે'

મુંબઈ

'બધાઈ હો' ફિલ્મથી પ્રખ્યાત થયેલ અભિનેત્રી નીના ગુપ્તાએ એરપોર્ટ સાથે સંકળાયેલ એક રસપ્રદ વાત શેર કરી છે. જ્યારે તે 'ધ કપિલ શર્મા શો'ના સેટ પર જવા માટે ફ્લાઈટમાં જઈ રહી હતી તો ત્યારે તેને તેની પસંદગીની સીટ મળી નહી. નીનાને હંમેશાથી જ વચ્ચે વાળી સીટ પર બેસવાની આદત નથી. તે હંમેશાથી વિંડો સીટ અથવા ગલિયારાના કિનારાની સીટ



પર બેસવાનું પસંદ કરે છે. આ માટે જ તેણે એરલાઈન્સ સ્ટાફ પાસે તેની માંગ કરી, જેના પર નીનાને સ્ટાફ મેમ્બર ન ઓળખતા તેને સીટ આપી નહી પરંતુ નીનાએ પોતાના સ્ટારડમનો રોફ મારવા છતા તેને એરલાઈન્સ સ્ટાફે સીટ આપી નહી.

નીના ગુપ્તાએ આ ઘટનાને શેર કરતા કહ્યું, ''મેં તેને કહ્યું કે, મે બધાઈ હો ફિલ્મમાં કામ કર્યું છે પરંતુ તેણે મને ઓળખી નહી. મેં તેને સવાલ કર્યો કે તેણે આટલી સારી ફિલ્મ કેમ જોઈ નથી. તેણે મને પૂછ્યુ કે શું હું તમિલ ફિલ્મો જોઉ છું.'' ખરેખર જે સ્ટાફ મેંમ્બરને તે આ વાત કહી રહી હતી તે તમેલિયન હતા. આ તમામ વાતો નીનાએ હસતા 'ધ કપિલ શર્મા શો' દરમિયાન જણાવી હતી.

કંગનાની ફિલ્મ 'થલાઈવી'ના નિર્માતાઓને મળી હાઈકોર્ટની નોટિસ

મુંબઈ

મદ્રાસ ઉચ્ચ ન્યાયાલયે તમિલનાડુની પૂર્વ મુખ્યમંત્રી દિવંગત જેજયલલિતાના જીવન પર આધારિત વેબ સીરીઝ ક્વીન અને ફિલ્મ થલાઈવીના નિર્માતાઓને એક નોટિસ મોકલી છે. જયલલિતાની ભત્રીજી જે દીપાએ આ ફિલ્મ અને વેબ સીરીઝની રિલિઝ કરવાની અનુમતિ આપતી એક પીઠના નિર્ણયને પડકાર ફેંક્યો છે અને આ વિરુદ્ધ એક અરજી દાખલ કરી છે. જે પર અદાલતે આ નોટિસ જાહેર કરી છે. ન્યાયમૂર્તિ એમએસ સુંદ્રેશ અને ન્યાયમૂર્તિ કૃષ્ણન રામાસામીએ થલાઈવી ફિલ્મના નિર્માતાઓ અલ વિજય અને વિષ્ણુ વર્ધન ઈંદૂરી તથા વેબ સીરીઝ ક્વીનના નિર્માતા ગૌતમ વાસુદેવ મેનનને બે સપ્તાહની અંદર જવાબ આપવાનું કહ્યું છે. ન્યાયમૂર્તિ સેંથિલ કુમાર રામમૂર્તિની એકલ પીઠે ૧૧ ડિસેમ્બરે વેબ સીરિઝ અને ફિલ્મની રિલીઝ પર રોક લગાવાની ના પાડી હતી. જે પછી વેબ સીરીઝ રીલીઝ થઈ ગઈ હતી. અને દીપાએ વેબ સીરીઝ દેખ્યા પછી ઉચ્ચ ન્યાયાલયમાં આ અરજી દાખલ કરી છે. દીપાએ તેની અપીલમાં કહ્યું છે કે તેમને વેબ સીરીઝ દેખવાની તક મળી અને તે એ વાત જાણીને હેરાન છે કે મેનને આ ફિલ્મમાં અનેક તેવા દ્રશ્યો મૂક્યા છે જે દિગંવત જયલલિતાની છબીને ખરાબ કરવાનું કામ કર્યું છે.

આમીર ખાનની ફિલ્મ 'લાલ સિંહ ચઢ્ઢા'માં કરીના કપૂરનો લૂક વાયરલ

મુંબઈ

આમિર ખાન અને કરીના કપૂર હાલમાં પોતાની આગામી ફિલ્મ લાલ સિંહ ચઢ્ઢાની શૂટિંગમાં વ્યસ્ત છે. ફિલ્મમાંથી કરીના કપૂર ખાનના લૂકની તસવીર વાયરલ થઈ રહી હવે આ ફિલ્મમાંથી કરીના કપૂર ખાનના લૂકની તસવીર શેર કરવામાં આવી છે. આમિર ખાન વેલેન્ટાઈન ડેના અવસર પર ફેન્સને કરીના કપૂરનો લૂક શેર કરીને ગીફ્ટ આપી છે. આમિર ખાને કરીનાની કસવીર શેર કરતા લખ્યું કે, 'પામી લેવાની અકળામણ અને ગુમાવી દેવાનો ભય.... બસ આટલી જ તો છે જિંદગીની સફર... હેપ્પી વેલેન્ટાઈન ડે કરીના.



બોલીવુડ અભિનેતા અદિતિ રાવ હૈદરી મુંબઈના લક્મા ફેશન વીક (એલએફડબ્લ્યુ) સમર રિસોર્ટ ૨૦૨૦ માં ડિઝાઈનર રૂતુ કુમારની રચનાને રજૂ કરતી રેમ્પ પર ચાલે છે.



એક મોડેલ બ્રસેલ્સમાં વાર્ષિક ચોકલેટ ઉત્સવ દરમિયાન એક ફેશન શોમાં ચોકલેટથી આંશિક બનેલી ડિઝાઈન દર્શાવે છે.

ફાતિમા સના શેખનો 'સુરજ પે મંગલ ભારી' ફિલ્મનો ફર્સ્ટ લુક રિલીઝ

મુંબઈ

કોમેડી ફિલ્મ 'સુરજ પે મંગલ ભારી'નો ફાતિમા સનાનો ફર્સ્ટ લુક રિલીઝ થયો છે. ફાતિમા પહેલીવાર મરાઠી કેરેક્ટર પ્લે કરી રહી છે. ફિલ્મનું શૂટિંગ હાલ મુંબઈમાં અલગ અલગ જગ્યાએ થઈ રહ્યું છે. ફિલ્મના રોલને ન્યાય આપવા ફાતિમાએ ખાસ તેના ડિક્શન પર ઘણું કામ કર્યું છે. તેના કોચનું કહેવું છે કે તેણે બોડી લેન્ગવેજ પર પણ ઘણું ધ્યાન આપ્યું છે. ફાતિમાએ ફર્સ્ટ લુક સોશિયલ મીડિયા પર શેર કરતાં લખ્યું કે, 'યે મરાઠી મુલગી પડેગી સબ પે ભારી.'

દિલજિત દોસાંજ, મનોજ બાજપેયી અને ફાતિમા સના શેખ એકસાથે પહેલીવાર આ કોમેડી ફિલ્મમાં દેખાવાના છે. ફિલ્મના ડિરેક્ટર અભિષેક શર્મા છે. ફિલ્મની સ્ટોરી મુંબઈમાં ૯૦ના દશકમાં સેટ છે. આ ફિલ્મને 'ઝી સ્ટુડિયો' પ્રોડ્યૂસ કરી રહ્યું છે. 'સુરજ પે મંગલ ભારી' ફિલ્મમાં વેડિંગ ડિટેક્ટિવની સ્ટોરી છે જે પ્રોસ્પેક્ટિવ દુલ્હાની તપાસ કરતો હોય છે.

રોબર્ટ પેટિન્સનનો 'ધ બેટમેન'નો ફર્સ્ટ લુક રિલીઝ

લોસ એન્જલ્સ

'ટ્વાઈલાઈટ' ફેમ રોબર્ટ પેટિન્સનનો 'ધ બેટમેન' ફિલ્મનો બેટમેન તરીકેનો ફર્સ્ટલુક રિલીઝ થયો છે. ફિલ્મના ડિરેક્ટર મેટ રીવ્સે સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કર્યો છે. આ કેમેરા ટેસ્ટના વીડિયોમાં બેટમેનનો સ્યુટ અને તેની આઈકોનિક કેપ, કાઉલ દેખાય છે. તેમાં નવો બેટ લોગો પણ છે. ફિલ્મનું શૂટિંગ ૨૮ જાન્યુઆરીથી શરૂ થયું છે. મેટ રિવ્સ આ ફિલ્મને કો-પ્રોડ્યૂસ પણ કરવાના છે. વોર્નર બ્રધર્સની આ ફિલ્મમાં રોબર્ટ ગોથમ સિટીના ડિટેક્ટિવ બેટમેન અને બિલ્યનેર બ્રુસ વેનના રોલમાં છે. બેન એફલેકે જ્યારે 'બેટમેન' ફિલ્મ ૨૦૧૭માં જાન્યુઆરીમાં છોડી ત્યારબાદ રોબર્ટને કાસ્ટ કરવામાં આવ્યો. રસપ્રદ વાત એ છે કે ૩૨ વર્ષીય રોબર્ટ ઓનસ્ક્રીન બેટમેનનો રોલ પ્લે કરનારો સૌથી નાની ઉંમરનો એક્ટર છે ફિલ્મની સ્ટારકાસ્ટમાં કોલીન ફેરલ પેંગ્વિનના રોલમાં, પોલ ડેનો રિડલરના રોલમાં, ઝોઈ ક્રેવિત્ઝ કેટવુમનના રોલમાં છે.

રમત જગત વિશેષ

ન્યૂઝીલેન્ડ-૧૧ સામે ભારત ૨૬૩ રનમાં ઓલ આઉટ, હનુમા વિહારીની સદી

હેમિલ્ટન

ભારતીય ક્રિકેટ ટીમની પાસે ન્યુઝીલેન્ડ વિરુદ્ધ આગામી ૨ મેચોની ટેસ્ટ સીરિઝ પહેલા એકમાત્ર ત્રણ દિવસીય પ્રેક્ટિસ મેચમાં તૈયારીઓને પરખવાનો મોકો છે. ટીમ ઈન્ડિયાના કેપ્ટન વિરાટ કોહલીએ શુક્રવારે હેમિલ્ટનમાં ન્યુઝીલેન્ડ ઈલેવન વિરુદ્ધ ટોસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લીધો, પરંતુ આખી ટીમ પહેલી ઈનિંગમાં ૨૬૩ રન પર જ ઓલઆઉટ થઈ ગઈ.

ભારત તરફથી હનુમા વિહારી ૧૮૨ બોલ પર ૧૦ ચોગ્ગા અને ૩ છગ્ગાની મદદથી ૧૦૧ રન બનાવીને રિટાયર્ડ હર્ટ થયો, જ્યારે ટીમ



ઈન્ડિયાની નવી વોલ તરીકે જાણીતા ચેતેશ્વર પૂજારાએ ૧૧ ચોગ્ગા અને ૧ છગ્ગાની મદદથી ૯૩ રન બનાવ્યા હતા.

યુવા ઓપનર પૃથ્વી શૉ મેચની પહેલી ઓવરની ચોથી જ બોલ પર સ્કૉટ કુગેલિનનો શિકાર થઈ ગયો. કુગેલિને પૃથ્વીને રચિન રવિન્દ્રના હાથે કેચ આઉટ કરાવ્યો. આ યુવા ઓપનિંગ બેટ્સમેન પોતાનું ખાતું પણ ખોલી ના શક્યો. ઈજાગ્રસ્ત રોહિત શર્માની જગ્યાએ ટીમ ઈન્ડિયાની ટેસ્ટ ટીમમાં સામેલ કરવામાં આવેલો યુવા શુભમન ગિલ પણ પહેલી ઈનિંગમાં ફ્લોપ રહ્યો. ગિલના રૂપમાં કુગેલિને પોતાનો બીજો શિકાર કર્યો અને ગિલ પણ પોતાનું ખાતું ખોલવામાં અસફળ રહ્યો. રવિચંદ્રન અશ્વિનને ઈશ સોઢીએ, જ્યારે વિકેટકીપર બેટ્સમેન રિદ્ધિમાન સાહાને ગિબ્સને શૂન્યના સ્કોર પર આઉટ કરી દીધા.

ભારત તરફથી હનુમા વિહારી અને ચેતેશ્વર પૂજારા બાદ અજિંક્ય રહાણે એકમાત્ર એવો બેટ્સમેન રહ્યો, જેણે બે અંકનો સ્કોર બનાવ્યો. ૮ બેટ્સમેન બે આંકડાના સ્કોર સુધી પણ ના પહોંચી શક્યા. રિષભ પંત ૭ રન બનાવીને આઉટ થઈ ગયો. ઓપનર મયંક અગ્રવાલ એક રન બનાવીને આઉટ થઈ ગયો.

વીરુની ઉદારતા: પુલવામામાં શહીદ થયેલા જવાનોના બે બાળકોને પોતાની શાળામાં ભણાવે છે



હરિયાણા

જમ્મુ-કાશ્મીરના પુલવામામાં એક વર્ષ પહેલા ૧૪ ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ સીઆરપીએફ જવાનો પર થયેલ આતંકી હુમલામાં ૪૦ જવાન શહીદ થયા હતા. ત્યારે પુલવામા હુમલાની પહેલી વરસી પર આખો દેશ શોખમાં છે. આ આત્મઘાતી હુમલામાં શહીદ થયેલ ૨ જવાનોના બાળકો પૂર્વ ભારતીય ધુરંધર ઓપનર વિરેન્દ્ર સહેવાગના સ્કૂલમાં અભ્યાસ કરી રહ્યા છે.

જમ્મુ-કાશ્મીરના પુલવામા એક વર્ષ પહેલા ૧૪ ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ સીઆરપીએફના જવાનો પર આતંકી હુમલો કરવામાં આવ્યો હતો. જૈશ-એ-મોહમ્મદના એક આતંકીએ સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (સીઆરપીએફ)ના જવાનોને લઈને જતી એક બસથી વિસ્ફોટક ભરેલી કારને ટકરાવી હતી. આ ફિદાયીન હુમલામાં ૪૦ જવાન શહીદ થઈ ગયા હતા. આ ઘટના બાદ આખું દેશ થથરી ઉઠ્યો હતો. પુલવામા હુમલાનો બદલો લેવા માટે ૨૭મી ફેબ્રુઆરીના રોજ ભારતીય વાયુસેનાએ પાકિસ્તાનના બાલાકોટમાં આવેલ આતંકી કેમ્પ્સ પર બોમ્બ વર્ષા કરી અને તહેલકો મચાવી દીધો. દુનિયા આખી જોતી રહી ગઈ.

સહેવાગે એક ટ્વિટ કર્યું અને બન્ને બાળકોની ફોટો શેર કરી. જેમાં એક બાળક બેટિંગ કરતા નજરે આવી રહ્યો છે જ્યારે બીજું બાળક બોલિંગ કરતા દેખાઈ રહ્યું છે. આ તસવીરો શેર કરી સહેવાગે લખ્યું કે, આ તસવીરોમાં પહેલીમાં અર્પિત સિંહ બેટિંગ કરી રહ્યો છે. જે પુલવામા હુમલામાં શહીદ થયેલ જવાન રામ વકીલનો દીકરો છે. જ્યારે બીજી તસવીરમાં બોલર રાહુલ સોરેંગ છે. જે પુલવામામાં શહીદ થયેલ જવાન વિજય સોરેંગનો દીકરો છે. ભારત માટે ૨૫૧ વનડે, ૧૦૪ ટેસ્ટ અને ૧૯ ટી૨૦ ઈન્ટરનેશનલ મેચ રમી ચૂકેલા સહેવાગે લખ્યું કે ગોરવાન્વિત છું કે મારી સ્કૂલમાં અભ્યાસ કરી રહ્યા છે.



ભારતની જાણીતી ટેનિસ પ્લેયર સાનિયા મિર્ઝાએ ગઈ કાલે મુંબઈના એક ફેશન વીક શૉમાં એક જાણીતા ડિઝાઈનરમાં ડ્રેસમાં સજ્જ થઈને રેમ્પ પર કેટવૉક કર્યું હતું. સાનિયાએ છેલ્લા ૪ મહિનામાં ૨૬ કિલો વજન ઘટાડ્યા પછી તાજેતરમાં ઈન્સ્ટાગ્રામ પર પણ પોતાનો ફોટો શેર કર્યો હતો.

દક્ષિણ આફ્રિકાએ આંતરરાષ્ટ્રીય મેચ માટે પાકિસ્તાનનો પ્રવાસ રદ કર્યો

કેપટાઉન

દક્ષિણ આફ્રિકાએ પાકિસ્તાનના પ્રવાસે જવાનો નનૈયો ભણી દીધો છે. આ ટીમે ખેલાડીઓના કાર્યભાર સંબંધી વાત આગળ ધરીને ભારત પ્રવાસ પછી આવતા મહીને થનાર ટી-૨૦ આંતરરાષ્ટ્રીય મેચ માટે પાકિસ્તાનના પ્રવાસને રદ કરી દીધો છે.

એક રિપોર્ટ અનુસાર હવે આ પ્રવાસનું આયોજન એ સમયે કરવામાં આવશે જ્યારે ક્રિકેટ દક્ષિણ આફ્રિકા અને પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ બંને માટે યોગ્ય હોય. દક્ષિણ આફ્રિકાનો ભારત પ્રવાસ ૧૨થી ૧૮ માર્ચ સુધી યોજાનાર મેચની સીરીઝ રમ્યા પછી પાકિસ્તાનનો પ્રવાસ કરવાનો હતો, જ્યાં રાવલપિંડીમાં ત્રણ ટી-૨૦ મેટની સીરીઝમાં ભાગ લેવાનો હતો.

દક્ષિણ આફ્રીકાની આ ટીમ ઈંગ્લેન્ડના ચાર મેચની ટેસ્ટ અને ત્રણ મેચની વનડે સીરીઝ પછી હવે ટી-૨૦ સીરીઝ રમી રહ્યા છે. ટીમ ત્યારબાદ ઓસ્ટ્રેલિયાની મેજબાની કરશે, જ્યાં ત્રણ મેચની વનડે સીરીઝ સિવાય ટેસ્ટ મેચ પણ રમશે.

આ સીરીઝની છેલ્લી મેચ અને ભારત પ્રવાસમાં રમાનાર પહેલા મેચ પછી એક અઠવાડિયાથી ઓછો સમય બચ્યો છે.



ટ્રમ્પ પાકિસ્તાન આવે ત્યારે ઈમરાન બૂટ પોલિશ કિટ લઈને તૈયાર રહેઃ સોશિયલ મિડિયા

પાકિસ્તાન વડાપ્રધાન ઈમરાન તુર્કી રાષ્ટ્રપતિના ડ્રાઈવર બનતાં લોકોએ ટ્રોલ કર્યા

ઈસ્લામાબાદ

પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાન તેમના દેશમાં આવનારા વિદેશી મહેમાનોને ખુશ કરવા માટે શું-શું કરે છે તેનો નમૂનો ગુરુવારે રાવલપિંડીના નૂર ખાન એરબેઝ પર જોવા મળ્યો. મૂળે તુર્કીના રાષ્ટ્રપતિ રિસેપ તૈયપ અર્દોગાન ગુરુવારે ઈસ્લામાબાદ પહોંચ્યા હતા. ઈમરાન ખાન જાતે એર્દોગાનને લેવા એરબેઝ પહોંચ્યા હતા. ગાર્ડ ઓફ ઓનર બાદ જ્યારે એર્દોગાન રાષ્ટ્રપતિ આરિફ અલ્વીના ઘર માટે રવાના થઈ રહ્યા હતા ત્યારે ઈમરાન ખાન કારની ડ્રાઈવિંગ સીટ પર બેસી ગયા અને એર્દોગાનને લઈને નીકળી પડ્યા.

સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહેલા વીડિયોમાં જોઈ શકાય છે કે ઈમરાન ખાને કાળા રંગનો શૂટ પહેર્યો છે અને કારને ડ્રાઈવ કરી રહ્યા છે. ઈમરાન ખાનની બાજુની સીટમાં એર્દોગાન નજરે પડી રહ્યા છે.

મળતી માહિતી મુજબ, ઈમરાન ખાન એર્દોગાનને લઈ સીધા રાષ્ટ્રપતિ આરિફ અલ્વીના ઘરે જાય છે. આવું પહેલીવાર નથી જ્યારે ઈમરાન ખાને જાતે ગાડી ચલાવી હોય. આ પહેલા સઉદી અરબના ક્રાઉન પ્રિનસ મોહમ્મદ બિન સલમાના પાકિસ્તાન પ્રવાસ સમયે પણ ઈમરાન ખાને આવું જ કર્યું હતું. તે સમયે પણ ઈમરાન ખાનને સોશિયલ મીડિયા પર ઘણા ટ્રોલ કરવામાં આવ્યા હતા.પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાન દ્વારા તુર્કીના રાષ્ટ્રપતિને ખુશ કરવાના આ પ્રયાસ પર સોશિયલ મીડિયા પર અનેક પ્રકારની વાતો કરવામાં આવી રહી છે. ટ્વિટર પર એક પત્રકારે લખ્યું કે ઈમરાન ખાને ધંધો બદલી લેવો જોઈએ. તેઓ સારા શોફર હોઈ શકે છે. એક અન્ય યૂઝરે કહ્યું, ભાઈ આ રાઈડ પર ફાઈવ સ્ટાર જરૂર આપી દેજે. આ રીતે યૂઝરે લખ્યું, જ્યારે ટ્રમ્પ પાકિસ્તાનના પ્રવાસે આવશે તો ઈમરાન ખાનને બૂટ પૉલિશ કિટ લઈને તૈયાર રહેવું જોઈએ.

કોંગ્રેસ મહિલા ધારાસભ્યની મહિલા આઈપીએસને ધમકીઃ તારી ઓકાત બતાવી દઈશ

રાયપુર

છત્તીસગઢમાં કોંગ્રેસના મહિલા ધારાસભ્યે મહિલા આઈપીએસને ઓકાત દેખાડી દેવાની ધમકી આપ્યા બાદ બંને વચ્ચે થયેલી જીભાજોડીના દ્રશ્યો સોશ્યલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે.

છત્તીસગઢની એક સીમેન્ટ ફેકટરીમાં થયેલા અકસ્માતમાં એક મજૂરનુ મોત થયા બાદ સ્થાનિક કોંગ્રેસ વિધાયક શકુંતલા શાહૂની આગેવાનીમાં લોકોએ દેખાવો શરુ કર્યા હતા.

એ પછી આ વિસ્તારમાં તૈનાત ટ્રેની આઈપીએસ મહિલા અધિકારી અંકિતા શર્મા ત્યાં પહોંચ્યા હતા.તેમણે મૃતકના પરિવારને વળતર અપાશે તેવી ખાત્રી આપીને મૃતદેહનો કબ્જો લેવા સમજાવી દીધો હતો. એ પછી પણ કોંગ્રેસના કાર્યકરોએ પ્રદર્શન ચાલુ રાખ્યુ હતુ.આ દરમિયાન કેટલાક કાર્યકરો બેરિકેડ પર ચઢી ગયા હતા.આઈપીએસ અધિકારી અંકિતા શર્માએ તેમને ઉતારવાના પ્રયાસો કર્યા હતા. એ દરમિયાન ધારાસભ્ય શકુંતલા સાહુએ તેમને કહ્યુ હતુ કે, મેડમ તમે આવુ ના બોલી શકો, નહીતર તમારી કેટલી ઓકાત છે તે દેખાડી દઈશું. તેના પર એસપી અંકિતા શર્માએ પણ આંગલી બતાવીને કહ્યુ હતુ કે, ઓકાતની વાત ના કરતા મેડમ, હું પણ એક જવાબદાર અધિકારી છું, મેં કોઈ અપશબ્દનો પ્રયોગ કર્યો નથી. એ પછી આ વિડિયો સોશ્યલ મીડિયા પર પણ વાયરલ થયો છે.



ગીતકાર જાવેદ અખ્તર શુક્રવારે આમ આદમી પાર્ટીના કન્વીનર અરવિંદ કેજરીવાલ સાથે તેમના ઘરે મુલાકાત કરી છે. આ બેઠક દરમિયાન અરવિંદ કેજરીવાલ પાર્ટીના નેતા સંજય સિંહ સાથે હતા.

સરકાર સફળ થવા ઈચ્છે છે તો અલ્પસંખ્યકોનો સાથ લેવો પડશે

સરકારે ધર્મના આધાર પર કોઈનો પક્ષ ન લેવો જોઈએઃ પ્રકાશ સિંહ બાદલ

અમૃતસર

નાગરિકતા સંશોધન કાયદાને લઈને દેશભરમાં વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે. દિલ્હીના શાહીનબાગમાં આશરે બે મહિનાથી આ કાયદાને પાછો લેવાની માંગને લઈને ધરણા પ્રદર્શનો થઈ રહ્યા છે. વિપક્ષી દળોનો આરોપ છે કે, આ કાયદામાં કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવેલું તાજેતરના સંશોધન મુસ્લિમો વિરુદ્ધ છે. વિપક્ષી દળોની સાથે-સાથે હવે ભાજપની સહયોગી શિરોમણી અકાલી દળે પણ મોદી સરકાર પર નિશાન સાધ્યું છે. એસએડીના વરિષ્ઠ નેતા પ્રકાશ સિંહ બાદલે અમૃતસરમાં એક રેલી કરી હતી. તેમણે રેલીમાં કહ્યું કે, સરકારને ધર્મના આધાર પર કોઈનો પક્ષ ન લેવો જોઈએ. સરકારને તમામ ધાર્મિક સંપ્રદાયો વચ્ચે એકતાનું આહ્વાન કરવું જોઈએ.

પ્રકાશ સિંહ બાદલે કહ્યું કે, આ ગંભીર ચિંતાનો વિષય છે કે, દેશમાં વર્તમાન સ્થિતિ ખરાબ છે. તમામ ધર્મોનું સન્માન કરવું જોઈએ. જો કોઈ સરકાર સફળ સફળ થવા ઈચ્છે છે તો, તેણે અલ્પસંખ્યકોનો સાથ લેવો પડશે. આમાં હિંદૂ, મુસ્લિમ, શિખ અને ઈસાઈ તમામ હોવા જોઈએ. તેમને એવું અનુભવાવું જોઈએ કે, તેઓ તમામ એક પરિવારનો ભાગ છે. તેમણે એકબીજાને ગળે લગાવવા જોઈએ અને નફરતના બીજ ન વાવવા જોઈએ. તેમણે કહ્યું કે, આપણા સંવિધાનમાં લખ્યું છે કે, આપણા દેશમાં ધર્મનિરપેક્ષ અને લોકતાંત્રિક શાસન હશે. ધર્મનિરપેક્ષતાના પવિત્ર સિદ્ધાંતોથી કોઈ વિચલન માત્ર આપણા દેશને કમજોર કરશે. સત્તામાં રહેનારા લોકોને એકજુટ થઈને અને એક ધર્મનિરપેક્ષ લોકતંત્રના રુપમાં ભારતના રક્ષણ માટે અથાગ પ્રયત્નો કરવા જોઈએ.

રાહુલ ગાંધી જૈશ-એ-મહોમ્મદ અને લશ્કરે તોઈબાના સમર્થકઃ ભાજપ

ન્યુ દિલ્હી

પુલવામા હુમલાને એક વર્ષ પૂરુ થયુ છે.આજે પુલવામા હુમલાની વરસીએ રાહુલ ગાંધીએ ફરી આ હુમલાથી કોને ફાયદો થયો તેવો વિવાદ છેડીને ભાજપને હાવી થવાની તક આપી દીધી છે. એ પછી રાહુલ ગાંધી પર ભાજપે પલટવાર કર્યો છે. ભાજપના પ્રવક્તા સંબિત પાત્રાએ કહ્યુ હતુ કે, ગાંધી પરિવાર પોતાના ફાયદાથી આગળ કશું વિચારી શકતો નથી. તો ભાજપના બીજા એક પ્રવક્તા જીવીએલ નરસિંહરાવે રાહુલ ગાંધીને લશ્કર એ તોયબા અને જૈશ એ મહોમ્મદના સમર્થક ગણાવ્યા છે.

લંડનમાં ચાલી રહેલ કેસનો ચુકાદો ભારતની તરફેણમાં

૭૦ વર્ષ જૂના નિઝમ ખજાના કેસઃ પાકિસ્તાનને હરાવી ભારતે જીત્યા ૩૨૫ કરોડ

૧૯૪૮થી લંડનના બેન્કમાં આ રકમ પડેલી હતી,જેના પર પાકિસ્તાન દાવો કરી રહ્યું હતુ

લંડન

હૈદ્રાબાદના નિઝામના ખજાના સાથે જોડાયેલા ૭૦ વર્ષ જુના કેસમાં આખરે ચુકાદો ભારત પક્ષે આવ્યો છે અને આ મોરચે પણ પાકિસ્તાનની હાર થઈ છે. લંડનમાં ચાલી રહેલા આ કેસ અંગે એક અંગ્રેજી અખબારના અહેવાલ પ્રમાણે ભારતને આ કેસ જીતવાના કારણે ૩૨૫ કરોડ રૂપિયા મળ્યા છે. આ રકમ ૨૦ સપ્ટેમ્બર, ૧૯૪૮થી લંડનના એક બેંકના એકાઉન્ટમાં પડેલી હતી. જેના પર પાકિસ્તાન પણ દાવો કરી રહ્યુ હતુ. ગયા વર્ષે હાઈકોર્ટે આ કેસમાં ભારત અને હૈદ્રાબાદના આઠમા નિઝામના પક્ષમાં નિર્ણય આપ્યો હતો. નિઝા મુકર્મ શાહ અને તેમના નાના ભાઈ મુફ્ફખમ જાહ પાકિસ્તાન સામે કેસ લડી રહયા હતા. બેંકે આ પૈસા પહેલા જ કોર્ટમાં ટ્રાન્સફર કરી દીધા હતા. અધિકારીઓએ કહ્યુ હતુ કે, ૩૨૫ કરોડ રૂપિયા તો ભારતને મળ્યા જ છે પણ ઉપરાંત કેસ લડવાના ખર્ચ પેટેની ૬૫ ટકા રકમ એટલે કે ૨૬ કરોડ રૂપિયા પણ પાકિસ્તાને ભારતને ચુકવવા પડ્યા છે. બાકીની ૩૫ ટકા રકમ કે જે ભારતે ચુકવી છે તેના માટે પણ વાટાઘાટો ચાલી રહી છે. ૭૦ વર્ષ જુનો વિવાદ ૧૦ મિલિયન પાઉન્ડનો છે. આ રકમ ૧૯૪૮માં હૈદ્રાબાદ રાજ્યના તે સમયના નાણા મંત્રીએ બ્રિટનમાં પાકિસ્તાનના હાઈ કમિશનને ટ્રાન્સફર કરી હતી. એ પછી આ રકમ વધીને ૩૫ મિલિયન પાઉન્ડ થઈ ગઈ હતી. ભારતે આ રકમ પર એવુ કહીને દાવો કર્યો હતો કે, નિઝામે ૧૯૬૫માં આ રકમ ભારતને આપી દીધી હતી.

મહારાષ્ટ્ર સરકાર મુંબઈ ડબ્બાવાળાઓને પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ઘર આપશે

મુંબઈ

મહારાષ્ટ્ર સરકાર હવે મુંબઈ ડબ્બા વાળાઓને ઘર બનાવી આપશે. પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ મુંબઈ ડબ્બા વાળાને ઘર આપવામાં આવશે. મહારાષ્ટ્રના ડેપ્યુટી સીએમ અજિત પવારે આ જાહેરાત કરી છે. મહારાષ્ટ્રાના ડેપ્યુટી સીએમ અજિત પવારે સંબંધિત વિભાગો અને અધિકારીઓને વહેલી તકે પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત મુંબઈ ડબ્બા વાળા માટે ઘર બનાવી આપવા આદેશ આપ્યો છે.

જણાવી દઈએ કે, લગભગ પાંચ હજાર ડબ્બાવાળા મુંબઈના ઓફિસોમાં લગભગ બે લાખ લંચ બોક્સ દરરોજ પહોંચાડે છે. ડબ્બાવાળા તેમના ટાઈમ માટે પણ ઓળખાય છે. મુંબઈ ડબ્બાવાળા એસોસિએશન એક 'રોટી બેંક' પણ ચલાવે છે, જેના માધ્યમથી સરકાર દ્વારા સંચાલિત ટાટા મેમોરિયલ હોસ્પિટલ, કેઈએમ હોસ્પિટલ અને વાડિયા હોસ્પિટલમાં સારવાર કરાવવા માટે દર્દીઓના પરિવારજનોને મફતમાં ભોજન આપવામાં આવે છે.

વર્ષ ૧૮૯૦માં શરૂ થયા બાદથી ટિફિન સર્વિસ પર આખો મુંબઈ નિર્ભર કરતા આવ્યા છે. ડબ્બાવાળાઓની અનોખી કાર્યશૈલીના કારણે તેમને અનેક સન્માનો દ્વારા પણ સન્માનિત કરવામાં આવ્યા છે.

વેચવા કાઢેલ એર ઈન્ડિયાના નવા સીએમડી તરીકે રાજીવ બંસલની નિમણૂંક

ન્યુ દિલ્હી

દેવામાં ડુબેલી એર ઈન્ડિયાના ખાનગીકરણની પ્રક્રિયા વચ્ચે તેની કમાન રાજીવ બંસલને સોંપવામાં આવી છે. ભારતીય પ્રશાસનિક સેવાના વરિષ્ઠ અધિકારી રાજીવ બંસલને એૅયર ઈન્ડીયાના નવા સીએમડી નિયુક્ત કારાયા છે. તે પણ એ સમયે કે જ્યારે એૅયર ઈન્ડિયા વેચવાની પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે. એૅયર ઈન્ડીયાના અધ્યક્ષ અને મેનેજિંગ ડિરેક્ટર (સીએમડી) અશ્વની લોહાનીની એક વર્ષની મુદત પૂરી થતા રાજીવ બંસલને નવા સીએમડી નિયુક્ત કરાયા છે.

૧૯૮૮ની બેચના નાગાલેંડ કેડરના આઈએએસ અધિકારી બંસલ પેટ્રોલીયમ અને કુદરતી ગેસ મંત્રાલયમાં અધિક સચીવ હતા. ઉલ્લેખનીય છે કે એૅયર ઈન્ડીયા પર હજારો કરોડનું દેવું છે. જેમાં વિમાનોમી ખરીદી અને કાર્યકારી મૂડીની ખરીદી માટે લાંબા ગાળાની લોન જેવો કારણો જવાબદાર છે. પ્લાન વિશે વાકેફ એક અધિકારીની જણાવ્યા અનુસાર, હવે એૅયર ઈન્ડિયા પાસે ફક્ત ૧૮,૦૦૦ કરોડ રૂપીયાની લોન છે. નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯માં એર ઈન્ડિયાને ૮,૫૫૬ કરોડ રૂપિયાની ખોટ થઈ હતી. ગત ૭ જાન્યુઆરીએ ગૃહ પ્રધાન અમિત શાહના નેતૃત્વમાં મંત્રીઓના જૂથે ખાનગીકરણ સંબંધિત પ્રસ્તાવને મંજૂરી આપી હતી.

અર્થતંત્રમાં સુસ્તીને દૂર કરવા માટે ભારતે ભરેલા પગલાં પૂરતા નથી

ઓટોમેશનને કારણે ભારતમાં ૯ ટકા નોકરીઓ જવાનો ખતરોઃ IMFની ચેતવણી

ન્યુ દિલ્હી

આઈએમએફ દ્વારા ભારતના અર્થતંત્ર અંગે કેટલીક ચોંકાવનારી આગાહીઓ કરવામાં આવી છે અને આઈએમએફના નિષ્ણાંતોએ એમ કહ્યું છે કે ભારતને તત્કાળ આર્થિક સુધારાનાં પગલાં લેવાની જર છે કારણ કે રાજકોષીય ખાધ વિલન બનશે.

આઈએમએફના ડેપ્યુટી મેનેજિંગ ડાયરેકટર ડેવિડે એવી ચોંકાવનારી આગાહી કરી છે કે ઓટોમેશન ને કારણે ભારતમાં ૯ ટકા જેટલી નોકરીઓ ઓછી થશે અને બેરોજગારી ભયાનક રીતે મોહું ફાડશે. આઈએમએફના રિપોર્ટમાં એવો ઉલ્લેખ છે કે ભારત ની વર્તમાન આર્થિક સ્થિતિ અમારા અનુમાન કરતાં પણ વધુ કમજોર છે અને તાત્કાલિક તેણે નાણાકીય સુધાર અને અન્ય આર્થિક સુધારાનાં પગલાં લેવાની જર છે.

નિષ્ણાંતોએ કહ્યું છે કે રાજકોષીય ખાધને કાબૂમાં રાખવી અને દુષ્કર દેખાય છે અને ભારતે રણનીતિના પમાં આ મોરચા પર કામ કરવું પડશે. ભારત સરકાર દ્વારા અત્યાર સુધી અર્થતંત્રમાં સુસ્તી ને દૂર કરવા માટે જે કોઈ પ્રયાસ કરવામાં આવ્યા છે તે પૂરતા નથી. રિપોર્ટમાં જણાવાયું છે કે સરકાર ટેક્સ મારફત મહેસુલી કમાણી કરે છે પરંતુ સાથોસાથ ખર્ચ પણ કરે છે પરંતુ સરકારનો ખર્ચ મહેસૂલી આવક કરતા વધી જાય છે અને ત્યાર પછી તેને બજારમાંથી વધુ રકમ ઉધાર લેવી પડે છે. આઈએમએફ દ્વારા જાન્યુઆરી માસમાં ભારતીય અર્થતંત્રમાં વૃદ્ધિના અનુમાન મા ઘટાડો કરવામાં આવ્યો હતો. તેના અંદાજ મુજબ નાણાકીય વર્ષ ૨૦૧૯ ૨૦ મા જીડીપીમાં વૃદ્ધિનો દર ૪.૯ ટકા રહેશે.

દેશમાં કાયદો પહેલા પાનાથી ચાલુ

અતિ ભારે ટીપ્પણી કદાચ પહેલીવાર થઇ છે કે જેમાં કોર્ટે એવો અફસોસ વ્યક્ત કર્યો હોય કે આ દેશમાં રહેવા જેવું છે કે કેમ....! આ દેશમાં જે પ્રકારે ઘટના ઘટી રહી છે તેણે અમારી અંતરાત્માને હચમચાવી નાંખી છે એમ પણ કોર્ટે અવલોકન કરતાં વર્ણવ્યુ હતું.

રૂપિયા ૧.૪ લાખ કરોડ રૂપિયાના એડજસ્ટેડ ગ્રોસ રેવેન્યૂ(AGR)કેસમાં સુપ્રીમ કોર્ટે આજે શુક્રવારે સુનાવણી દરમ્યાન ટેલીકોમ કંપનીઓ અને કેન્દ્રના ટેલીકોમ વિભાગના વલણ અંગે ભારે નારાજગી વ્યક્ત કરી હતી. સુપ્રીમ કોર્ટના આદેશ છતા મોટાભાગની કંપનીઓએ બાકીની રકમ જમા કરાવી નથી. આ અંગે સુપ્રીમ કોર્ટે કંપનીઓને પુછ્યું કે, તમારા વિરુદ્ધ અવમાનનાની કાર્યવાહી કરવામાં આવે તો કેવું રહેશે? સુપ્રીમ કોર્ટે કહ્યું કે, 'શું આ દેશમાં કોઈ કાયદો બચ્યો નથી? આ દેશમાં રહેવા કરતા તો સારું છે દેશ છોડીને જતા રહેવું જોઈએ' આ અંગે જસ્ટિસ અરુણ મિશ્રાની બેંચે ખાનગી કપનીઓ ભારતી એરટેલ, વોડાફોન-આઈડિયા, કોમ્યુનિકેશન, ટાટા ટેલીકોમ્યુનિકેશન્સ, રિલાયન્સ જીઓ અને સરકારી કંપનીઓ એમટીએનએલ, બીસીએનએલ, અને અન્ય મેનેજિંગ ડાયેક્ટર્સને ૧૭ માર્ચ હાજર થવા માટે કહ્યું છે.

સુપ્રીમ કોર્ટની ભારે નારાજગીનું કારણ એ છે કે ટેલિકોમ(દૂરસંચાર: વિભાગના મહેસૂલ કેસ સાથે જોડાયેલા એક ડેસ્ક અધિકારીએ ગત દિવસોમાં એટોર્ની જનરલ અને બંધારણીય પદો પર બેઠેલા અન્ય અધિકારીઓને લખેલા સત્તાવાર પત્રમાં એમ કહ્યું હતું કે, સુપ્રીમ કોર્ટના આગામી આદેશ સુધી ટેલીકોમ કંપનીઓ પર કોઈ કાર્યવાહી કરવામાં ન આવે, ભલે તેઓ છઠ્ઠી કેસમાં બાકીની ચુકવણી કરે કે ન કરે.....! આ અંગેના જાણ કોર્ટને થતાં કોર્ટે ભારે આકરૂ વલણ અપનાવીને કેન્દ્ર સરકારને આજે ભારેમાં ભારે ઠપકો આપીને એમ કહેવું પડ્યું કે આ દેશમાં રહેવા જેવું છે કે કેમ....?

આ અંગે સુપ્રીમ કોર્ટે એમ પણ કહ્યું કે, જ્યારે અમે પહેલા જ ટેલીકોમ કંપનીઓને ચુકવણીનો આદેશ આપી ચુક્યા છીએ, તો કોઈ ડેસ્ક અધિકારી આવો આદેશ કેવી રીતે આપી શકે છે? અમને ખબર નથી કે માહોલ કોણ બગાડી રહ્યું છે...? શું દેશમાં કોઈ કાયદો જ વધ્યો નથી? કોઈ અધિકારી કોર્ટના આદેશ વિરુદ્ધ જવાની હિંમત કરી શકે છે તો કોર્ટને તાળા લગાવી દેવા જોઈએ. સુપ્રીમ કોર્ટે ચેતવણી આપી કે જો કોઈ અધિકારીએ એક કલાકની અંદર આદેશ પાછો ન લીધો તો તેને જેલમાં ધકેલી દેવામાં આવશે.

દરમ્યાન કાયદાકિય બાબતો સાથે જોડાયેલા નિષ્ણાતોનું માનવુ છે કે આ અગાઉ કોર્ટ દ્વારા સરકાર સામે અનેકવાર ટીપ્પણી કરવામાં ાવી છે. પરંતુ આ પ્રકારની ટીપ્પણી આ અગાઉ થઇ હોય એવું બન્યુ નથી.

અત્રે નોંધનીય છે કે વોડાફોન આઈડિયાએ રૂ.૫૩,૦૩૮ કરોડ અને ભરતી એરટેલે રૂ.૩૫,૫૮૬ કરોડ છઠ્ઠી પેટે ચૂકવવાનાં છે. આમ સમગ્ર ટેલિકોમ સેક્ટરે AGR પેટે કુલ રૂ.૧.૪૭ લાખ કરોડ સરકારને ચૂકવવાના છે.

ભાગેડુ માલ્યા પહેલા પાનાથી ચાલુ

થયેલી કાઉન પ્રોસીક્યુશન સર્વિસ (સીપીએ) માલ્યાના વકીલના દાવાને નકારી દીધો છે. ભારતમાં માલ્યા વિરુદ્ધ છેતરપિંડી અને મની લોન્ડરિંગના આરોપો અનુચિત કહેવામાં આવ્યા છે. સુનાવણીમાં પ્રોસીક્યુશન વતી માલ્યા સામે પુરાવા રજૂ કરાયા હતા અને કહેવામાં આવ્યું હતું કે તેઓ બેંકો પાસેથી લોનના તરીકે ૯ હજાર કરોડની ચુકવણીથી બચવા માટે બ્રિટન આવ્યા છે.

ફરિયાદીએ એમ પણ કહ્યું હતું કે માલ્યા સામે ૩૨ હજાર પાનાના પુરાવા રજૂ કરવામાં આવ્યા છે. ભારતમાં બેંકોએ તેની સામે કેસ દાખલ કર્યો છે, જેમાં ભારતીય એજન્સીઓને માલ્યાની જરૂર છે.

આ અંગે સંરક્ષણે પોતાની દલીલોમાં કહ્યું હતું કે કિંગફિશર એરલાઈન્સ આર્થિક કમનસીબીનો ભોગ બની છે, કારણ કે અન્ય ભારતીય વિમાની કંપનીઓએ પણ કર્યું છે. આ કેસની સુનાવણી બે ન્યાયાધીશો કરી રહ્યા છે. લોર્ડ જસ્ટિસ સ્ટીફન ઈરવિન અને જસ્ટિસ ઈલ્યાસાબેથે કહ્યું કે તે આ ખૂબ જટિલ મામલાને ધ્યાનમાં લીધા પછી બીજી કોઈ તારીખે નિર્ણય લેશે.

તુર્કી રાષ્ટ્રપતિ પહેલા પાનાથી ચાલુ

ટ્રમ્પ પર પણ આકરા પ્રહાર કર્યા. તેમણે કહ્યું કે મધ્ય-પૂર્વમાં અમેરિકાની શાંતિ યોજના ખરેખર આક્રમક નીતિ છે. તેમણે કહ્યું કે જ્યાં પણ મુસ્લમાનને મારવામાં આવી રહ્યા છે ત્યાં મુસ્લિમ દેશોએ એક સાથે રહેવાની જરૂર છે. ઉપરાંત, આંતકવાદની ઢાલ દેશ પાકિસ્તાનના પીએમ ઈમરાન ખાન અને સાંસદોની તાળીઓ વચ્ચે એર્દોગાને કહ્યું કે તેઓ ફાઈનેન્શિયલ એક્શન ટાસ્ક ફોર્સ(FATF) ની બેઠકમાં કોઈ શરત વિના પાકિસ્તાનને સમર્થન કરશે. સાથે તેમણે પાકિસ્તાનને પોતાનું બીજું ઘર પણ ગણાવ્યું હતું.

એર્દોગાનને કહ્યું કે, 'તમારું દુઃખ એ મારું દુઃખ છે. આપણી દોસ્તી પ્રેમ અને સન્માન પર આધારીત છે. પાકિસ્તાન વિકાસ તરફ છે જે થોડા દિવસોમાં થઈ શકતું નથી. આમાં સમય લાગશે અને તુર્કી તેમાં સહયોગ કરશે.' રિપોર્ટ મુજબ રાષ્ટ્રપતિ પાક. સાંસદમાં આવ્યા હતા.

વિનય માનસિક પહેલા પાનાથી ચાલુ

બાકી છે. પવને કોર્ટમાં કહ્યું છે કે, તેણે તેના જૂના વકીલ રદ કરી દીધા છે અને નવા વકીલની પસંદગી કરવા માટે તેને સમયની જરૂર છે. કોર્ટે નિર્ભયાના પરિવારજનો અને દિલ્હી સરકારની તે અરજી પર સુનાવણી કરી હતી જેમાં દોષિતોને ફાંસી માટે નવું ડેથ વોરન્ટ જાહેર કરવાની માંગણી કરવામાં આવી હતી. આ મામલે હવે કોર્ટ ૧૭ ફેબ્રુઆરીએ સુનાવણી કરશે.

દિલ્હી પરિણામો પહેલા પાનાથી ચાલુ

રેડ્ડીએ પરાજય આપ્યો હતો. એટલું જ નહીં મોટાભાગના નેતાઓની ડિપોઝીટ પણ જપ્ત થઈ ગઈ હતી. એ પછી તુરંત રેડ્ડી દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને મળવા માટે પહોંચ્યા હતા. ત્યારથી અત્યાર સુધી પ્રધાનમંત્રી અને આંધ્રપ્રદેશના નેતા જગનમોહન રેડ્ડી વચ્ચે મીઠાશ ભર્યા સંબંધો છે. જેનું પરિણામ પણ તેમને ટૂંક સમયમાં મળી શકે તેવા એંધાણ વર્તાય રહ્યા છે.

ઘણા ઉમેદવારોને ખોટી રીતે ગેરલાયક ઠેરવવામાં આવ્યાં હોવાની ચર્ચા

હવે ચિલ્ડ્રન યુનિવર્સિટીની ભરતી પ્રક્રિયા પણ વિવાદના ઘેરામાં...?

ગાંધીનગર

રાજયનું પાટનગર ગાંધીનગર જાણે કે સરકારી ભરતીમાં ગેરરીતિ માટેનો અડ્ડો બની ગયાની છાપ ઉપસી રહી છે. સમગ્ર રાજયમાંથી યુવાઓ આજે આંદોલન માટે ગાંધીનગર તરફ મીટ માડી રહ્યાં છે. શાંત નગર ગાંધીનગરમાં મહદઅંશે થતી ભરતીઓમાં ભ્રષ્ટાચાર આચરવામાં આવે છે એ વાત હવે સરકારથી પણ છુપી રહી નથી. આ બાબતમા વધુ એક ઘટના સામે આવી છે. જેમાં મોટા સૂત્રો અને ડાહી ડાહી વાતો લખીને નાગરિકોને પ્રતિતી કરાવતી કે આપ સંસ્કારના કેંન્દ્રમાં બિરાજમાન છો.... આવો જ એક ભ્રમ ભાંગ્યો ગાંધીનગર સ્થિત ચિલ્ડ્રન યુનિવર્સિટી દ્વારા કરવામા આવેલ ભરતી દરમ્યાન આવેલ ઉમેદવારોનો જેમણે ભરતી પ્રક્રિયામા મોટા પાયે સેટિંગ (ગોઠવણ) થઇ હોવાની ભીતિ વ્યક્ત કરી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. પ્રોફેસરો, એસોસિયેટ, આસિસટન્ટ રજીસ્ટાર, મિડીયા મેનેજર તેમજ રીસર્ચ આસિસટન્ટ જેવા પદ માટે ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

ભરતી પ્રક્રિયા દરમ્યાન ઘણા ઉમેદવારોને ખોટી રીતે ગેરલાયક ઠેરવવામાં આવ્યાં હતા. ઉમેદવારો દ્વારા જ્યારે પ્રત્યક્ષ મુલાકત લઈ તપાસ કરતાં તેમને યોગ્ય તેમજ સંતોષકારક જવાબ ન મળતા ઘણા ઉમેદવારોમાં નારાજગીની લાગણી વ્યાપી ગઈ છે. એ ઉપરાંત સગાવાદ અને ઓળખીતાઓ માટે નિયમોમા ફેરફારો, ઉંમરમા છૂટછટ આપવી, ભરતી પ્રક્રિયા ટૂંક સમયમાં ચૂપચાપ ગોપનીય રીતે આટોપી લેવી, અયોગ્ય રીતે ઉમેદવારોને ગેરલાયક ઠેરવા જેવી બાબતોને લીધે આ ચિલ્ડ્રન યુનિવર્સિટીમાં ગેરરીતિની મોટી ભિતી સેવાઈ રહ્યાની શંકા ઉમેદવારો દ્વારા વ્યકત કરવામાં આવી રહી છે.

સૂત્રોએ કહ્યું કે, મિડિયા મેનેજરની ભરતીમાં ઉંમરમાં ૫૦ વર્ષની વય મર્યાદા વિશેષ વ્યકિતને વિશેષ લાભ માટે કરાઈ હોવાની ચર્ચા થઈ રહી છે. મિડિયા મેનેજરની ભરતીમાં ઉંમરમાં ૫૦ વર્ષની વય મર્યાદા વિશેષ વ્યકિતને વિશેષ લાભ માટે પૂર્વ આયોજિત રીતે કરવામાં આવી હોવાના દાવા ઉમેદવારો દ્વારા થઈ રહ્યાં છે. જો કોઈ ઉમેદવાર ૮ વર્ષ પછી રિટાયર્ડ થાય તો તેને ૫૦ વર્ષે ભરતી કરી શું મતલબ હોઈ શકે..? એ ઉપરાંત ઈન્ટરવ્યૂ દરમ્યાન મીડિયા ક્ષેત્રના તજજ્ઞો સિવાયના અન્ય મહાનુભાવો દ્વારા પૂર્વનિયોજિત રીતે ગોઠવણ કરી પેનલ બનાવામાં આવી હતી. શંકા ઉપજાવનાર આ ભરતીથી કોને કેટલો લાભ થયો હશે એ તો કોને નિમણૂંક અપાઈ ત્યારે જાણ થાય. પરંતુ ઉમેદવારોને અયોગ્ય રીતે ગેરલાયક ઠેરવીને ભાવિ સમાજ નિર્માણનું કાર્ય કરતી ચિલ્ડ્રન યુનિવર્સીટી કોનું કેવું ભાવિ નિર્માણ કરશે એ પ્રશ્ન સૌ કોઈને થઈ રહ્યો છે.

મોહન ભાગવત આજે નવ-નિર્મિત ડૉ. હેડગેવાર ભવનનું લોકાર્પણ કરશે

અમદાવાદ

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પરમ પૂ. સરસંઘચાલક માનનીય મોહનજી ભાગવત દ્વારા આજરોજ સવારે ૯.૧૫ કલાકે ભારતમાતા સમક્ષ દિપ પ્રજવલન કરીને નવનિર્મિત ડૉ. હેડગવાર ભવન પ્રવેશ થશે.

ડૉક્ટર હેડગેવાર સ્મારક સમિતિ-ગુજરાતના ટ્રસ્ટી અમૃતભાઈ કડીવાળા, ભાનુભાઈ ચૌહાણ, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, ગુજરાત પ્રાંતના સહ પ્રચાર પ્રમુખ હિતેન્દ્રભાઈ મોજીદ્રાએ સંયુક્ત પત્રકાર પરિષદને સંબોધતા કહ્યું હતું કે, આ ભવનનું નિર્માણ પ્રાંતના સર્વે કાર્યકર્તાઓ અને સમાજના સહયોગથી થયું છે. ભવિષ્યની આવશ્યકતાઓને ધ્યાનમાં રાખીને આ ભવનમાં પાર્કિંગ માટે બે બેઝમેન્ટ છે. પ્રથમ માળે ૩૦૦ વ્યક્તિ બેસી શકે તેવો એક અદ્યતન હૉલ છે. બીજા, ત્રીજા માળ પર ૬૦થી ૧૦૦ વ્યક્તિ માટેના હોલ છે. તે સિવાય એક લાઈબ્રેરી પણ બનાવી છે. ભવનના ૪-પાંચમાં માળે નિવાસ માટેના કક્ષ છે. તે સિવાય ભવિષ્યમાં સૌર ઊર્જાના ઉપયોગનું આયોજન કરવામાં આવ્યુ છે. વરસાદી પાણીનો સંચય, પાણીનું શુદ્ધિકરણ કરીને ટોયલેટના ફ્લશમાં ઉપયોગ કરવાના છીએ.

નર્મદા કેનાલમાં યુવાને પડતુ મુકતા ચકચાર મચી

વડોદરા

વાઘોડિયા તાલુકાના ત્રિકમપુરા ગામ પાસેથી પસાર થતી નર્મદા મેઈન કેનાલમાં વડોદરાના યુવાને ગુરૂવારે મોડી સાંજે પડતું મુક્યું હતું. ફાયર બ્રિગેડ અને સ્થાનિક તરવૈયાઓ દ્વારા કેનાલના ધસમસતા પાણીમાં લાપતા થયેલા યુવાનની શોધખોળ કરવામાં આવી રહી છે.

વડોદરાના આજવા રોડ ચામુંડા નગરમાં રહેતો ઉમેશ પરમાર ગુરૂવારે મોડી સાંજે પોતાની બાઈક લઈને ઘરેથી નીકળ્યો હતો. દરમિયાન તેની બાઈક અને ચપ્પલ ત્રિકમપુરા ગામ પાસેથી પસાર થતી મેઈન નર્મદા કેનાલના બ્રિજ ઉપરથી મળી આવ્યા હતા. આ બનાવની જાણ વાઘોડિયા પોલીસને થતાં તુરંત જ પોલીસ સ્થળ પર દોડી ગઈ હતી. અને ફાયર બ્રિગેડ તેમજ સ્થાનિક તરવૈયાઓની મદદ લઈ શોધખોળ શરૂ કરી છે. જોકે બપોર સુધી તેનો કોઈ પત્તો મળ્યો ન હતો.

ઉમેશ પરમારે કયા કારણોસર નર્મદા કેનાલમાં પડતું મુક્યું તે અંગેની કોઈ માહિતી મળી નથી. જોકે, ઉમેશના પરિવારજનો બનાવની જાણ થતાં જ કેનાલ ખાતે દોડી ગયા હતા. ઉમેશ પરમારે નર્મદા કેનાલમાં પડતું મૂકવાનું કારણ જાણવા પોલીસે તેના પરિવારની પૂછપરછ શરૂ કરી છે. મેઈન કેનાલ હોવાના કારણે ઉમેશ પરમાર પાણીના પ્રવાહમાં દૂર સુધી તણાઈ ગયો હોવાનું મનાય છે.

એલઆરડી મુદ્દે ઠરાવ રદ કરાવવા અલ્પેશ ઠાકોરનું સરકારને ૪૮ કલાકનું અલ્ટિમેટમ

તમામ વર્ગને અન્યાય કરવો એ ભાજપનો એજન્ડા : કૉંગ્રેસ

અલ્પેશ ઠાકોરના અલ્ટિમેટમ મામલે પ્રતિક્રિયા આપતા કૉંગ્રેસ પ્રવક્તા મનીશ દોશીએ જણાવ્યું કે, "રાજ્યના તમામ વર્ગને અન્યાય કરવો એ ભાજપનો એજન્ડા બની ગયો છે. સરકારના ઈશારે સરકારના માણસો આંદોલનમા જોડાઈ રહ્યા છે. સરકાર આંદોલનના નામે વર્ગ વિગ્રહ કરાવવા માંગે છે. સરકાર ઉકેલ લાવવાનને બદલે નાટક કરે છે. પ્રવર્તમાન સળગતા મુદાઓથી ધ્યાન ભટકાવવા સરકાર હિંસા કરાવી વર્ગ વિગ્રહ કરાવવા માંગે છે. ભાજપ સરકાર પોતાની નિષ્ફળતા છૂપાવવા માટે અનામત અને બિન-અનામત વર્ગને સામ-સામે લાવાનું કામ કર્યું છે. ભાજપ નેતાઓ આ આંદોલન પાછળ સક્રિય છે."

ગાંધીનગર

ગાંધીનગરમાં છેલ્લા ઘણા સમયથી અનામત વર્ગની મહિલાઓ તરફથી એલઆરડીની પરીક્ષા મામલે તા. ૧-૦૮-૨૦૧૮ના રોજ સરકાર તરફથી કરવામાં આવેલો ઠરાવ રદ કરવા અંગે આંદોલન ચલાવવામાં આવી રહ્યું છે. જે બાદમાં સરકારે આ ઠરાવ રદ કરવાની ખાતરી આપી હતી. સરકારની આવી જાહેરાત બાદ હવે બિન-અનામત વર્ગના ઉમેદવારો ધરણા પર બેઠા છે. એટલે કે હવે સરકારના ગળામાં હાડકું બરાબરની ફસાયું છે. ત્યારે ગત વર્ષે કૉંગ્રેસમાંથી ભાજપમાં જોડાયેલા અલ્પેશ ઠાકોરે હવે સરકારને આ ઠરાવ રદ કરવા માટે સરકારને ૪૮ કલાકનું અલ્ટિમેટમ આપ્યું છે. ૪૮ કલાકમાં સરકાર કોઈ પગલાં નહીં ભરે તો તેની સામે પદયાત્રા કરવાની ચીમકી અલ્પેશ તરફથી ઉચ્ચારવામાં આવી છે. એટલે કે હવે ભાજપના નેતાઓએ જ સરકાર સામે બાંયો ચઢાવી છે.

"નમસ્કાર. જય જય ગરવી ગુજરાત. છેલ્લા ૬૪થી વધારે દિવસોથી ઓબીસી સમાજની દીકરીઓ આંદોલન કરી રહી છે. એક ગેરબંધારણીય ઠરાવ કરવામાં આવ્યો છે જે ગરીબોના અધિકારો પર તરાપ મારવા સમાન અને અન્યાય કરવા સમાન છે. આ ઠરાવ સંદર્ભે રાજય સરકારે ત્રણ દિવસ પહેલા તમામ આગેવાનોની બેઠક બોલાવી હતી. જેમાં એવી ખાતરી આપવામાં આવી હતી કે આ ઠરાવ બાબતે સુધારો કરવામાં આવશે. ત્રણ દિવસ વીતી ગયા છતાં હજી આ ઠરાવ નથી કરવામાં આવ્યો. રાજય સરકારને નમ્ર અપીલ કરુ છું કે ૪૮ કલાકમાં આનો નિવેડો લાવો. સરકાર કોઈ પગલાં નહીં લે તો સોમવારે ગાંધી આશ્રમથી ગાંધીનગર સુધી પદયાત્રા કરીશ."

વડોદરા કોર્પો. કોર્પોરેટરના કવોટામાથી સ્કૂટર ટાઈપ ટુ-વ્હીલર એમ્બ્યુલન્સ ખરીદશે

વડોદરા

વડોદરા શહેરના અંતરિયાળ વિસ્તારોમા તબીબી સેવાઓ માટે એમ્બ્યુલન્સ સુવિધા આપવા પાયલોટ રન તરીકે સ્કૂટર ટાઈપ ટુ-વ્હીલર એમ્બ્યુલન્સ તરસાલી મકરપુરા અને માણેજા વિસ્તારમા ચાલુ કરેલ છે જેનુ નામ સંજીવની છે.

સ્ટેન્ડિંગ સમિતિના એક મહિલા સભ્યએ પોતાના ક્વોટામાથી પોતાના વોર્ડ નં.-૧૯ વિસ્તારમા ટુ-વ્હીલર એમ્બ્યુલન્સની સુવિધા પૂરી પાડવા રજૂઆત કરી છે. જેમા રસી, દવા, ઓક્સિજન સિલિન્ડર, વગેરે... સહિતની સુવિધા પૂરી પાડવા કહ્યુ છે.

આ પ્રકારની એમ્બ્યુલન્સ વાહન દીઠ રૂપિયા ૧ લાખની મર્યાદામા ખરીદી શકાય તેવી રજૂઆત કરી છે. તેઓ મેયરને આ અંગે રજૂઆત કરે ત્યારબાદ મેયર જણાવે તેટલી સંખ્યામા એમ્બ્યુલન્સ ખરીદવા વિચારણા થશે. આ માટે સ્ટેન્ડિંગ કમિટીમા દરખાસ્ત રજૂ થઈ છે. હાલ તરસાલી મકરપુરા અને માણેજા વિસ્તારમા છેલ્લા એક વર્ષથી હેલ્થ સેન્ટર દ્વારા નક્કી કરેલા રૂટ પર હેલ્થ વર્કર સંજીવની દ્વારા ઘેર-ઘેર જઈને આરોગ્યને લગતી બેઝિક કામગીરી કરે છે. જો આ પ્રોજેક્ટ સફળ અને સંતોષકારક રહ્યો હતો ધીમે-ધીમે સમગ્ર શહેરમા તેનો અમલ કરવા વિચારણા કરાશે.

યુવાનને માનસિક ત્રાસ આપી આપઘાત કરવા મજબુર કરનાર બિલ્ડરની ધરપકડ

રાજકોટ

રાજકોટ શહેરના ગોકુલધામ રોડ પર દ્વારકાધીશમાં રહેતાં અને ફર્નિચરનું કામ કરતા રાકેશભાઈ રમેશભાઈ ધારૈયા (ઉ.વ.૪૨)એ ત્રણ દિવસ પહેલા ઝેર પી આપઘાત કરી લીધો હતો. આ બનાવમાં બિલ્ડર જમન છગનભાઈ કનેરીયાનો ત્રાસ જવાબદાર હોવાનું ખુલતાં પોલીસે ગુનો નોંધી તેની ધરપકડ કરી છે. રાકેશભાઈએ આ બિલ્ડરનું ફર્નિચરનું કામ રાખ્યું હતું. તેનો માલ પણ બાકીમાં ખરીદ્યો હતો.પરંતુ બિલ્ડરે કામની કિંમત વધી ગઈ છે તેમ કહી મજૂરીના કે માલના પૈસા ન આપી ટોર્ચર કરતાં મરવા મજબૂર થયાનું તપાસમાં સામે આવ્યું છે. રાકેશભાઈએ એક સુસાઈડ નોટ પણ લખી હતી. જેમાં તેણે બધાને ખુશ કરવામાં હું ફસાતો ગયો હોવાનો ઉલ્લેખ કર્યો છે.

રાકેશભાઈની પત્ની શોભનાબેને ફરિયાદમાં જણાવ્યું છે કે મારે સંતાનમાં બે પુત્ર છે. જેમાં મોટો બ્રિજેશ ૨૦ વર્ષનો અને નાનો તેજસ ૧૭ વર્ષનો છે. મારા પતિ રાકેશભાઈ રમેશભાઈ ધારૈયા ફર્નિચરનું કામ કરતાં હતાં. ૧૧ ફેબ્રુઆરીના રોજ સાજે હું મારા દિયર આનંદભાઈના ઘરે કોઠારીયા રોડ કિરણ સોસાયટીમાં હતી ત્યારે મારા દીકરા બ્રિજેશે ફોન કરીને કહ્યું હતું કે પપ્પા પડી ગયા છે, ઉલ્ટી કરે છે તું જલ્દી ઘરે આવ. જેથી હું ત્યાંથી ઘરે આવી હતી. મારા પતિને વ્રજ હોસ્પિટલમાં લઈ ગયા હતાં. ત્યાંથી વધુ સારવાર માટે વોકહાર્ટમાં લઈ જવામાં આવ્યા હતાં. રસ્તામાં તેઓ કંઈ બોલી શકતા નહોતા. પુત્ર બ્રિજેશે મને કહ્યું હતું કે પપ્પાએ ઘરે આવીને દવા પી લીધી છે. પતિએ સારવાર દરમિયાન વોકહાર્ટ હોસ્પિટલમાં દમ તોડી દીધો હતો.

બ્રિજેશ, તેજસ, શોભા, આનંદ, હેતલ મારી પાછળ કોઈ ખોટા ખર્ચા કે વિધિ કરતાં નહીં, કોઈ શોક રાખતા નહીં, તેની કોઈ જરૂર નથી. સુરત ડાયમંડ કિંગ મહેશભાઈ સવાણી, સવજીભાઈ ધોળકીયા તમારો મોટો ફેન છું. મારે તમારી જેમ બિઝનેસ કરવો હતો. પરંતુ સફળતા ન મળી, નસીબે સાથ ન આપ્યો. તમને રિક્વેસ્ટ કરૂ છું કે મારા પરિવારને મદદ કરશો. થઈ શકે તો માફ કરશો...સૌને જયશ્રી કૃષ્ણ.

કારની અડફેટે પગરીક્ષા ચાલકનું મોત નીપજ્યું, વિદ્યાર્થી ફરાર

વડોદરા

વડોદરા નજીક ખટંબા ગામ પાસે પગરીક્ષા ચાલકનું કારની અડફેટે મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જાતા જ કાર ચાલક સ્થળ પર કાર મૂકીને ફરાર થઈ ગયો હતો. કાર ચાલક પારૂલ ઈન્સ્ટીટ્યૂટનો વિદ્યાર્થી હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

વડોદરા જિલ્લાના વાઘોડિયા સ્થિત નવીનગરીમાં રહેતા રાવજીભાઈ વાદી(૫૫) પગરીક્ષા ચલાવીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા. વહેલી સવારે તેઓ વડોદરાથી પોતાની પગરીક્ષા લઈને વાઘોડિયા તરફ જઈ રહ્યા હતા. દરમિયાન ખટંબા ગામ પાસે વાઘોડિયા તરફ પુરપાટ જઈ રહેલી કારની અડફેટે આવી જતાં પગરીક્ષા ચાલક રોડ ઉપર ફંગોળાઈ ગયો હતો. માથામાં ગંભીર ઈજા પહોંચતા તેનું મોત નીપજ્યું હતું.

પગરીક્ષા અડફેટમાં આવતા જ કાર ચાલક પોતાની કાર સ્થળ પર મૂકીને ફરાર થઈ ગયો હતો. દરમિયાન આ બનાવની જાણ વરણામા પોલીસને થતાં એ.એસ.આઈ. મનુભાઈ સ્ટાફ સાથે દોડી ગયા હતા. અને લાશનો કબજો લઈ લાશને પોસ્ટ મોર્ટમ માટે સયાજી હોસ્પિટલ મોકલી આપી હતી. અને કાર કબજે કરી કાર ચાલકની શોધખોળ શરૂ કરી હતી. પોલીસ તપાસમાં કાર ચાલક પારૂલ ઈન્સ્ટીટ્યૂટનો વિદ્યાર્થી હોવાનું બહાર આવ્યું હતું. વરણામા પોલીસે કાર ચાલક સામે અકસ્માતનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

બગલામુખી મંદિરના ઢોંગી ધર્મગુરૂનો પર્દાફાશ, ૨૧ લાખની ઠગાઈ કરતા ફરિયાદ નોંધાઈ

વડોદરા

ધંધામાં ખોટ જતાં આર્થિક મંદીથી ઘેરાઈ ગયેલા ફેક્ટરી માલિકને તેમાંથી બહાર કાઢવા મંત્રોચ્ચાર દ્વારા સિધ્ધ કરેલા યંત્ર અને શ્રીયંત્ર આપવાના બહાને રૂ. ૨૧ લાખની ઠગાઈ કરનાર વારસિયા રીંગ રોડના પાખંડી ગુરૂ પ્રશાંત ઉપાધ્યાય વિરુદ્ધ છેતરપિંડીનો ગુનો દાખલ થતાં જ ભૂગર્ભમાં ઉતરી ગયો છે. પ્રશાંતના કાળા કરતૂતો બહાર આવ્યા બાદ તેનો ભોગ બનેલા એક પછી એક લોકો બહાર આવી રહ્યાં છે.

પોલીસે આરોપીને પકડવા ઠેરઠેર દરોડા પાડી રહી છે, ત્યારે ઘોડા છુટી ગયા બાદ તબેલાને તાળા મારવા જેવા ઘાટ સર્જાયો છે. પાણીગેટ દત્તકૃપા સોસાયટીમાં રહેતાં દેવરાજ પંડયાએ વારસિયા પોલીસ મથકે બગલામુખી મંદીરના કહેવાતા સદગુરૂ પ્રશાંત ઉપાધ્યાય (રહે, દયાનંદ પાર્ક, ગોત્રી) વિરુદ્ધ રૂ. ૨૧ લાખની ચિટીંગની ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે પોલીસે ૪ જણાંના નિવેદન લીધા હતા. તેમજ આરોપી પ્રશાંત ઉપાધ્યાયને પકડવા તેના ગોત્રી ખાતેના ઘરે તથા આજવા રોડ તેની મહિલા અનુયાયીના મકાન પર દરોડા પાડયા હતા, પરંતુ આરોપીનો કોઈ અત્તો પત્તો મળ્યો નથી. પોલીસે વારસિયા રીંગ રોડ સ્થિતિ બગલામુખી મંદિરમાં પણ આજે તપાસ કરી હતી. પોલીસે મકાનને મંદિર બનાવવા આપનાર ઘર માલિકની પણ પુછપરછ કરી હતી. નોંધનીય છે કે, વર્ષ ૨૦૧૫માં પ્રશાંત ઉપાધ્યાય વિરુદ્ધ મારામારીનો પોલીસ કેસ થયો હતો.

એક મહિલાએ આક્ષેપ કર્યો હતો કે, પ્રશાંત ઉપાધ્યાય સામે ૬ થી ૭ મહિના પહેલા મહિલા પોલીસ મથકમાં છેડતીના આક્ષેપ સાથેની અરજી થઈ હતી. તે વખતે પોલીસ મથકમાં વ્યવહાર કરવો પડશે, તેમ કહી પ્રશાંતે મહિલા પાસેથી લાખ રૂપિયા લીધા હતા. જ્યારે મહિલાના બેંક એકાઉન્ટમાં ઈન્સેન્ટીવ જમા થતાં પ્રશાંતે રૂ. ૧.૮૨ લાખ પણ હડપ કરી લીધા હતા.

સમર્પણ કોલેજના વિદ્યાર્થીઓએ પુલવામા હુમલામાંનાં શહીદોને શ્રદ્ધાંજલી આપી

ગાંધીનગર ખાતે આવેલ સમર્પણ કોલેજમાં વિદ્યાર્થીઓ દ્વારા શહીદોને યાદ કરી તેમણે અશ્રુભીની શ્રદ્ધાજલિ અર્પિત કરવામાં આવી હતી.એક વર્ષ પેહલા કાશ્મીરના પુલવામા હુમલામાં સી.આર.પી.એફના કાફલા ઉપર હુમલો થયો હતો એ હુમલામાં ૪૦ જવાનો શહીદ થઈ ગયા હતા. ત્યારે આજે એ હુમલાને એક વર્ષ પૂર્ણ ગયો હોવા છતાં પણ આ હુમલાની ગુંજ દરેક ભરતીઓના કાનમાં ગુંજી રહી છે. આજે આ અવસર પર કોલેજના તમામ વિદ્યાર્થીઓએ અશ્રુભીની શ્રધાંજલિ અર્પણ કરી હતી.

સમર્પણ કોલેજના વિદ્યાર્થી ધવલ દવેએ જણાવ્યું હતું કે પુલવામામાં ૧૪ ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ જૈશ-એ-મોહંમદ (જૈશ)ના આત્મઘાતી હુમલાવરે સીઆરપીએફના કાફલા પર હુમલો કર્યો હતો. આ આતંકવાદી હુમલામાં ૪૦ જવાનો મોતને ભેટ્યા હતા તમામ શહીદોને અમે શ્રદ્ધાજલી અર્પણ નું કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. આજે દેશમાં જેટલા તેહેવારો આપણે ઉજવીએ છીએ એ દેશના જવાનોના કારણે જ ઉજવી શકીએ છીએ.

સમર્પણ કોલેજની વિદ્યાર્થીની નિશા જાનીએ વધુમાં જણાવ્યું હતું કે દેશની આન,બાન,શાન દેશના જવાનો છે. એવા વીર શહીદ જવાનોને આજે ગાંધીનગર સમર્પણ કોલેજ ખાતે અમે શ્રદ્ધાંજલિ અર્પિત કરીએ છીએ. પાકિસ્તાન પોતાની હરકતથી બાજ આવતું નથી જેથી આજે કાશ્મીરના પુલવામા ૪૦ જવાનોની શહાદત અમે એળે નહિ જવા દઈએ.આજે સમપર્ણ કોલેજના બધાજ વિદ્યાર્થીઓ શહીદ વીર જવાનોને શ્રદ્ધાંજલિ આપવા માટે બ્લેક ડ્રેસ પેહરી પાકિસ્તાન વિરુધ નારેબાજી કરી જવાનીને શહાદતને યાદ કરી હતી. વેલેન્ટાઈન ડે હોવા છતાં આજે અમે આ ડે નું વિરુધ કરીએ છીએ. અને આજે દેશના જવાનો છે તો આપણે છીએ.

પુલવામા હુમલામાં શહીદોને યાદ કરી ગરવી ગુજરાત પાર્ટીએ શ્રદ્ધાંજલી આપી

એક વર્ષ પેહલા પુલ્વવામા સી આર પર એફ પર થયેલ હુમલામાં એક સાથે ૪૦ જવાન શહીદ થતા સમગ્ર દેશ માં અરાજકતા ફેલાઈ ગઈ હતી. ત્યારે આજે એક વર્ષ બાદ વીર શહીદની શહાદતને આજે ફરી એક વખત દેશ યાદ કરી રહ્યો છે ત્યારે સમગ્ર દેશ સહીત ગુજરાત ના વાસિયો પણ આ સહાદત ને યાદ કરી અને કાર્યક્રમ કરી શહીદોને પુષ્પ અર્પણ કરી જવાનો ને યાદ કર્યો હતો. અમદાવાદ માં આવેલ શાહીબાગ શહીદ સ્મારક પાસે ગરવી ગુજરાત પાર્ટીએ આ દિવસને એક બ્લેક દિવસ તરીકે ઉજવી શર્ન્ધાજલી અર્પણ કરી હતી. આજ આ શહાદત ને ગુજરાત ન્યુઝ સર્વિસ પણ અશ્રુભીની શ્રદ્ધાંજલી અર્પણ કરે છે.

આજે દેશમાં નવી પીઢી શહીદોની શહાદત ને બદલે વેલેન્ટાઈન ડે ઉજવી રહ્યા છે ત્યારે આજ થી એક વર્ષ પેહલા દેશની તમામ આંખો નમ થી ગી હતી ત્યારે આજે ફરી આ યાદ અપાવતી ૪૦ શહાદત ને ફરી યાદ કરી આજે દેશની તમામ આખો નમ દેખાઈ રહી છે. ગરવી ગુજરાત પાર્ટી ના પ્રદેશ અધ્યક્ષ નટવરસિંહ ઠાકુરે જણાવ્યું હતું કે કે પુલવામામાં ૧૪ ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ જૈશ-એ-મોહંમદ (જૈશ)ના આત્મઘાતી હુમલાવરે સીઆરપીએફના કાફલા પર હુમલો કર્યો હતો. આ આતંકવાદી હુમલામાં ૪૦ જવાનો મોતને ભેટ્યા હતા ત્યારે આજે અમદાવાદ ખાતે આવેલ શાહીબાગ માં શહીદ સ્મારક પાસે ૪૦ જવાનો ને શ્રન્ધાજલી અપર્ણ કરીએ છીએ. પાકિસ્તાન હમેશા પચાનથી હુમલો કરી લાલ અંખ બતાવે છે. પાકિસ્તાન ની આ હરકત ચલાવી લેવામાં આવે નહી. આજે અમારા વીર દેશની આં બન શાન છે અને એ વીર સપૂતો માટે આ ભારતીય નાગરિક માર મીતશે અને દેશ ને આચ નહી અવ દે . ભારત માતા ની ગોદમાં આખરી સાસ લેનારા સપૂતોને આજે અમે વંદન કરીએ છીએ અને તેમણે અશ્રુભીની શ્રદ્ધાંજલી આપીએ છીએ.

રાજ્યના ચાર શહેરોની જેમ ગાંધીનગરમાં બનશે પોલીસ કમિશનરેટ

ગાંધીનગર

રાજ્યના પાટનગર ગાંધીનગરને પણ હવે પોલીસ કમિશનર મળશે. પાટનગર ગાંધીનગરને રાજ્યના ચાર શહેરોની જેમ પોલીસ કમિશનરેટ બનશે. પોલીસની પોસ્ટ પ્રમાણે અમદાવાદના પોલીસ કમિશનર ડીજી કક્ષાના અધિકારી ફરજ બજાવે છે પરંતુ સરકારના નવા ડ્રાફ્ટ મુજબ આઈ.જી.અથવા આઈ.જીથી ઉપરની કક્ષાના અધિકારી પોલીસ કમિશનર તરીકે બેસશે. આ નિર્ણય લાગુ થવાથી અમદાવાદ શહેરના કેટલાક પોલીસ સ્ટેશનની હદ બદલાશે.

સરકારે જે ડ્રાફ્ટ તૈયાર કર્યો છે તેની એક્સક્લુઝિવ માહિતી મુજબ હવે આ નિર્ણય લાગુ થવાથી અમદાવાદના કેટલાક પોલીસ મથકો ગાંધીનગર પોલીસ કમિશનરેટની હદમાં જશે. જેમાં અમદાવાદ શહેરનું સાબરમતી પોલીસ મથક, અડધું સોલા પોલીસ મથક, ચાંદખેડા ગાંધીનગર પોલીસ મથકમાં આવશે.

જેવી રીતે અમદાવાદ અને ગાંધીનગરનો વ્યાપ વધી રહ્યો છે તેને જોતા આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ ખૂબ મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. અત્યાર સુધી અમદાવાદ-રાજકોટ, વડોદરા-સુરતને પોલીસ કમિશનરેટ મળતા હતા.પોલીસ કમિશનરેટનો અમલ થતા જ ગાંધીનગર પોલીસ કમિશનરની હદમાં ૩-૪ ડેપ્યુટી પોલીસ કમિશનર મળશે. આગામી દિવસોમાં આ ડ્રાફ્ટને સૌદ્ધાંતિક મંજૂરી મળતા જ આ અમલ થશે.

SPG-30 સિક્રેટ સર્વિસ એજન્ટ્સ સિક્યુરિટી ચકાસણી કરશે, સમગ્ર માહિતી વ્હાઈટ હાઉસને મોકલશે

‘હાઉડી ટ્રમ્પ’ : તમામ જવાબદારી ACS પંકજ કુમાર, ૧૮ IAS અને ત્રણ IPSના શિરે

NRI સિનિયર સિટીઝન્સ અમેરિકન રાષ્ટ્રપતિનું સ્વાગત કરશે

અમદાવાદ

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પહેલીવાર ગુજરાત/ અમદાવાદની ધરતી પર આવી રહ્યા હોઈ અમેરિકામાં વસતા ગુજરાતીઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

આ તૈયારીઓને પગલે રાજ્ય સરકારે ૧૮ આઈએએસ અને ત્રણ આઈપીએસ અધિકારીઓને જવાબદારી સોંપી છે. જેમાં મોટેરા સ્ટેડિયમની સૌથી મહત્વપૂર્ણ ઈવેન્ટના સંકલનની તથા સ્ટેડિયમના પ્રેક્ષકોને લગતી જવાબદારી અધિક મુખ્ય સચિવ પંકજ કુમારને સોંપવામાં આવી છે. આ કામગીરીમાં સામાન્ય વહીવટી વિભાગના અગ્ર સચિવ કમલ દાયાણી મદદરૂપ બનશે. જ્યારે રાજ્યના માર્ગ-મકાન સચિવ સંદીપ વસાવા તેમજ અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર વિજય નહેરાને ટ્રમ્પ જે રૂટ પરથી પસાર થવાનાથી તેની તથા એરપોર્ટ બ્રાન્ડિંગની જવાબદારી આપી છે.

ટ્રમ્પની સિક્યુરિટીને લઈ અમેરિકન સિક્રેટ સર્વિસના ૩૦ એજન્ટોની ટીમ તેમજ એસપીજીની એક ટીમ સોમવારે અમદાવાદ આવી પહોંચશે. એરપોર્ટ પરથી લઈ ગાંધીઆશ્રમ, હોટલ અને મોટેરા ક્રિકેટ સ્ટેડિયમમાં કાર્યક્રમની સમગ્ર સિક્યુરીટી બાબતે એસપીજી, રાજ્ય પોલીસવડા, અમદાવાદ પોલીસ કમિશનર સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ સાથે એરપોર્ટ, ગાંધીઆશ્રમ અને મોટેરા ક્રિકેટ સ્ટેડિયમની મુલાકાત લેશે. આજે અમેરિકાના એમ્બેસી અને મંત્રાલયના ડેલિગેશનના સમગ્ર કાર્યક્રમની માહિતી મેળવી વ્હાઇટ હાઉસમાં મોકલશે ત્યારબાદ આ ટીમ અમદાવાદ અને દિલ્હી આવશે.

સિનિયર સિટીઝન્સ એનઆરઆઈઓ દ્વારા તેમનું ભવ્ય સ્વાગત કરવા તૈયારીઓ હાથ ધરાઈ છે. અમેરિકા સ્થિત હર્ષદ લાટીવાલાએ આ વાતને સમર્થન આપતાં કહ્યું કે, અમે સ્વાગત માટે તૈયારી હાથ ધરી છે.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની વિશેષ ઉપસ્થિતિમાં આગામી ૨૪ ફેબ્રુઆરીએ અમદાવાદના સરદાર પટેલ સ્ટેડિયમમાં હાઉડી ટ્રમ્પ નામના ભવ્ય કાર્યક્રમનું આયોજન કરાયું છે ત્યારે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખને સત્કારવા બિનનિવાસી ભારતીયોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

અમેરિકામાં વસતાં અને હાલ ગુજરાત આવેલા બહુચરાજી ગામ પંચાયતના પૂર્વ સરપંચ હર્ષદભાઈ લાટીવાલાએ જણાવ્યું કે, હા અમે અમેરિકન રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પજી પહેલીવાર ગુજરાત આવતા હોઈ તેમનું ૬૦ વર્ષથી વધુ વયનાં મૂળ ગુજરાતી સિનિયર સિટીઝન્સ અમેરિકન દ્વારા ભવ્ય સન્માન કરવા ઈચ્છીએ છીએ અને તે માટે જરૂરી તૈયારીઓ હાથ ધરી છે. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ અને તે પણ ગુજરાત અને આપણા અમદાવાદમાં આવતા હોય ત્યારે અમે સૌ ગૌરવ અનુભવીએ છીએ.

ભુજ સહજાનંદ ગર્લ્સ ઈન્સ્ટિટ્યૂટ કેસ: પ્રિન્સિપાલે ટ્રસ્ટી સમક્ષ ભૂલ સ્વીકારી

ભુજ

ભુજની સહજાનંદ ગર્લ્સ ઈન્સ્ટિટ્યૂટમાં રૂઢીના નામે યુવતીઓના કપડાં ઉતરાવવામાં આવતા હોબાળો થયો હતો. આ મામલે તપાસ કરવા માટે કચ્છ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર દર્શના ધોળકિયા સાથેની ચાર વ્યક્તિઓની એક ટીમ બનાવાઇ હતી. આ ઘટનાથી જાણ થતાં કચ્છ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર અને ડોક્ટર દર્શના ધોળકિયા તેના સાથેના મહિલા સભ્ય પ્રોફેસર એક આખી તપાસ ની ટીમ સાથે ત્યાં પહોંચી અને તપાસણી કરી હતી. જોકે તેમણે મેનેજમેન્ટનો લૂલો બચાવ પણ કર્યો છે. હોસ્ટેલના ટ્રસ્ટીએ આ ઘટનાને દુ:ખદ પણ ગણાવી હતી અને જવાબદારો સામે પગલા લેવાશે એવી ખાતરી પણ આપી હતી.

આ મામલામાં ભુજની સહજાનંદ ગર્લ્સ ઈન્સ્ટિટ્યૂટના ટ્રસ્ટીઓની તપાસ દરમિયાન મોટો ખુલાસો થયો છે અને આ પ્રકારનું હિન કૃત્ય થયાનું ખુદ ટ્રસ્ટી સ્વીકાર્યું છે. આ મામલામા સંસ્થાના પ્રિન્સિપાલે ટ્રસ્ટી સમક્ષ સ્વીકાર્યું કે મારી ભૂલ થઈ છે અને હું ક્ષમા માંગુ છું. વિદ્યાર્થીનીઓ અને વાલીઓને સાથે રાખીને તેમના અનુસાર આગળના પગલાં ભરીશું. આ મામલે વિદ્યાર્થિનીઓએ આક્ષેપ કર્યો હતો કે, બુધવારે તેમને ચાલુ ક્લાસમાંથી બહાર પેસેજમાં બેસાડવામાં આવી હતી. આ પછી માસિક ધર્મને લઈને પૂછપરછ કર્યા બાદ એક પછી એક વિદ્યાર્થિનીને વોશરૂમમાં લઈ જવાઈ હતી અને માસિક ધર્મની તપાસ કરાઈ હતી. માસિક ધર્મની તપાસ કરાતા કોલેજની વિદ્યાર્થિનીઓના તીવ્ર વિરોધને પગલે સંચાલકોએ કેટલીક વિદ્યાર્થિનીઓને ઓફિસમાં બોલાવી હતી. વિદ્યાર્થિનીઓએ આક્ષેપ કર્યો હતો કે તેમને ઓફિસમાં ઈમોશનલ બ્લેકમેઈલ કરીને તેમની પાસેથી લખાણ લખાવી લીધું હતું. તેમજ સંચાલકોએ વિદ્યાર્થિનીઓને એમ પણ જણાવી દીધું હતું કે, તમને અમારા પ્રત્યે લાગણી હોય તો આવું ન કરો.

શિક્ષણ વિભાગ દ્વારા વેલેન્ટાઈન્સ ડે નિમિત્તે માતૃપિતૃ પૂજન દિવસની અનોખી ઉજવણી

જામનગર

શુક્રવારે આખા દેશમાં પ્રેમના પર્વ વેલેન્ટાઈન્સ ડેની ઉજવણી થઈ રહી છે ત્યારે જામનગરમાં શિક્ષણ વિભાગ દ્વારા વેલેન્ટાઈન્સ ડે નિમિત્તે માતૃપિતૃ પૂજન દિવસની અનોખી ઉજવણી કરવાનો અભિગમ હાથ ધરવામાં આવ્યો છે. આ પ્રયોગના ભાગરૂપે જામનગર શહેરની મોટાભાગની શાળાઓમાં ડીઈઓના પરિપત્ર આદેશ મુજબ માતા પિતા પૂજન દિવસની ખુબ સુંદર ઉજવણી કરાઇ છે. જામનગરની આણદાબાવા સંસ્થા સંચાલિત એસ.વી.એમ સહિતની જુદી જુદી શાળાઓમાં વિદ્યાર્થીઓએ હિન્દુ સંસ્કૃતિ મુજબ પોતાના માતા પિતાનું પૂજન કર્યું અને માતા પિતા પણ ખૂબ મોટી સંખ્યામાં જુદી જુદી શાળાઓમાં ઉપસ્થિત રહ્યા તેમજ આ નિર્ણયને આવકાર્યો હતો. વિદ્યાર્થીઓમાં ભારતીય સંસ્કૃતિનું સિંચન થાય તેવા શુભ ઉદ્દેશથી જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા આ પ્રકારનો અનોખો નિર્ણય ખાસ જામનગરમાં વેલેન્ટાઈનડે નિમિતે લેવામાં આવ્યો હતો.

એમએસ યુનિવર્સિટીમાં દારૂની ૮ બોટલ સાથે ૪ની ધરપકડ

વડોદરા

વડોદરા શહેરની એમ.એસ. યુનિવર્સિટી ફરી એકવાર વિવાદમાં આવી છે. એમ.એસ. યુનિવર્સિટીના કે.એમ. હોલમાં દારૂની ૭ બોટલ સાથે બે વિદ્યાર્થીઓ અને બે બહાર વ્યક્તિને વિજીલન્સની ટીમે ઝડપી પાડ્યા હતા. અને પોલીસના હવાલે કર્યા હતા. જોકે પોલીસે ચારેયને જામીન પર મુક્ત કર્યા હતા.

વડોદરા શહેરની એમ.એસ.યુનિવર્સિટીના કે.એમ. હોલના વોર્ડને રેડ પાડતા બે વિદ્યાર્થીઓ પાસેથી દારૂની આઠ બોટલો મળી આવી હતી. અને યુનિવર્સિટી બહાર બે વિદ્યાર્થીઓ પણ હોસ્ટેલ રૂમમાંથી મળી આવ્યા હતા. જેથી તુરંત જ વિજીલન્સ ટીમને જાણ કરી હતી. જેથી વિજીલન્સની ટીમે તુરંત જ સયાજીગંજ પોલીસને બોલાવી લીધી હતી. અને તેઓને પોલીસ સ્ટેશન લઈ જવાયા હતા. જોકે પોલીસે ચારેયને જામીન પર મુક્ત કર્યા હતા.

સીસીટીવીમાં દારૂની આઠ બોટલ લઈને બે શખ્સ કે.એમ. હોલમાં પ્રવેશતા દેખાયા હતા. પોલીસે સીસીટીવીની મદદથી વધુ તપાસ હાથ ધરી છે. જોકે યુનિવર્સિટી બહારના શખ્સો કેમ હોસ્ટેલમાં પ્રવેશે છે તે મામલે પણ સવાલો ઉભા થયા છે.

વાડીમાં દીપડીના ત્રણ બચ્ચા આવી ચડ્યા, વન વિભાગે કબ્જો લીધો

અમરેલી

બગસરાના કાગદડી ગામે રમેશભાઈ કાનાણીની વાડીની ઓરડીમાં દીપડીએ ત્રણ બચ્ચાને જન્મ આપ્યો હતો. ખેડૂત સવારે ઓરડીમાં જોતા ત્રણ બચ્ચા જોવા મળ્યા હતા અને દીપડી હાજર નહોતી. આથી તેઓએ વન વિભાગને જાણ કરતા ટીમ દોડી આવી હતી અને બચ્ચાનો કબ્જો મેળવ્યો હતો. આ જ ગામમાંથી થોડા દિવસ પહેલા આકે દીપડી પાંજરે પૂરાઇ હતી. આથી આ દીપડીના બચ્ચા હોવાનું અનુમાન છે. વન વિભાગ દીપડીના બચ્ચાની શોધખોળ કરી રહ્યું હતું. પકડાયેલી દીપડીને રેસ્ક્યુ સેન્ટરમાં રાખવામાં આવી છે. આથી બચ્ચાને પણ અહીં તેની માતા સાથે રાખવામાં આવ્યા છે.

બિન અનામત આંદોલનઃ નીતિન પટેલે કોંગ્રેસ પર લગાવ્યો અશાંતિ ફેલાવવાનો આરોપ

ગાંધીનગર

ગુજરાતમાં જીએડી ઠરાવને લઈ શરૂ થયેલ આંદોલન અને તે બાદ અનામત અને બિન અનામત વર્ગના ઉમેદવારોનાં ઉપવાસ આંદોલનને ગુજરાતના રાજકારણમાં ગરમાવો આવ્યો છે. તો બીજી બાજુ બિન અનામત વર્ગ દ્વારા ત્રીજા દિવસે પણ આંદોલન યથાવત રાખ્યું હતું. જેમાં એક મહિલાની તબિયત લથડતાં તેને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. તો આ મામલે ગુજરાતના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે કોંગ્રેસ અશાંતિ ફેલાવતી હોવાનો આરોપ લગાવ્યો હતો.

ડે.સીએમ નીતિન પટેલે પ્રેસ કોન્ફરન્સને સંબોધન કર્યું હતું. તેઓએ જણાવ્યું કે, બિનઅનામતના હોદ્દેદારો સાથે બેઠક કરી છે. સરકાર કાયદાકીય રીતે નિર્ણય કરશે. સરકાર તરફથી શું કાર્યવાહી કરવી તે સીએમ નક્કી કરશે. તમામ પાસાને જોઈને સરકાર નિર્ણય લેશે. દરેક સમાજની લાગણી ધ્યાનમાં લેવાશે. કોંગ્રેસને ગુજરાતમાં અશાંતિ ફેલાવવામાં રસ છે.

તો બિનઅનામત વર્ગની મહિલાઓનું ત્રીજા દિવસે પણ આંદોલન યથાવત છે. વિરોધ પ્રદર્શન કરતી એક મહિલાની તબિયત લથડી હતી. મહિલાને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાઈ હતી. ગુરૂવારે આગેવાનોએ સરકાર સાથે બેઠક કરી હતી. નિર્ણય ન આવે ત્યાં સુધી આંદોલન યથાવત રાખવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે. તો આ મામલે લાલજી પટેલે કહ્યું કે, દરેક સમાજે સાથે રહીને કામ કરવું જોઈએ. બહેનો માટે અમારું આંદોલન ચાલુ જ રહેશે.

પુલવામા હુમલાની વરસી : મોરબીના યુવાને શહીદોનાં પરિવારને ૫૮ લાખની સહાય કરી

મોરબી

મોરબીના ઉદ્યોગપતિ યુવાને પુલવામાં આતંકી હુમલામાં શહીદ થયેલા જવાનોના પરિવારોને મળી ૧.૧૦ લાખ કીમી કાપી ૫૮ લાખ રૂપિયાની સહાય હાથો હાથ ચૂકવી હતી આગામી ૨૨ ફેબ્રુઆરીથી કેરળ, કર્ણાટક, તમિલનાડુના બાકી રહેલા શહીદ જવાનોના પરિવારોને સહાય આપવાનું શરૂ કરશે.

મોરબી તમામ જગ્યાએ આવેલ મુસીબતોમાં અગ્રેસર હોય છે જેમાં પુલવામાં માં થયેલા આતંકી હુમલામાં અનેક આર્મીના જવાનો શહીદ થયા હતા. આ હુમલામાં આપણા જવાનોની સાથે સાથે યુવા પત્નિઓ, બાળકો અને વૃદ્ધ માતા પિતાઓના સપનાઓને આશાઓએ પણ શહીદી વ્હોરી હતી.

મોરબીના યુવા ઉદ્યોગ પતિ અજય લોરિયાની સેવા કીય પ્રવૃત્તિ ઓ માટે જાણીતા છે જેમાં યુવા ઉદ્યોગપતિ અજય લોરીયા દ્વારા જમ્મુ કશ્મીરના પુલવામામાં ૨૦૧૯ થયેલા આંતકી હુમલા બાદ પરિવારો ને મળી તેની વેદનાઓ જાણી હતી. લોરિયાએ જુદા જુદા ૩૮ રાજ્યોમાં ફરી એક લાખ દસ હાજાર કિલોમીટર ની મુસાફરી કરી શહીદોના પરિવારોને હાથો હાથ રૂપિયા ૫૮ લાખની જંગી સહાય ની આર્થિક મદદ કરી હતી.

માતાએ બાઈક લેવા રૂપિયા ન આપતા યુવાને ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો

વડોદરા

વડોદરા શહેરના કોયલી ગામની સીમમાં ખેતરમાં રહેતા યુવાને માતાએ બાઈક લાવવા માટે પૈસા ન આપતા ફાંસો ખાઈ જીવાદોરી ટુંકાવી લીધી હતી. મોડી રાત્રે બનેલા આ બનાવ અંગે પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

વડોદરા શહેર નજીક આવેલા કોયલી ગામની સીમમાં દિનેશભાઈ પેટલની લીંબુની વાડી આવેલી છે. આ વાડીમાં દિનેશ રામસિંગ નાયક(૨૩) માતા અને પરિવાર સાથે રહેતો અને ખેત મજૂરી કરતો હતો. દિનેશે માતા પાસે બાઈક લેવા માટે માતા પાસે રૂપિયાની માંગણી કરી હતી. પરંતુ, માતાએ રૂપિયા આપવાનો ઈકાર કરી દેતા દિનેશે મોડી રાત્રે ફાંસો ખાઈ જીવાદોરી ટુંકાવી લીધી હતી.

આ બનાવ અંગેની જાણ જવાહરનગર પોલીસને થતાં પોલીસ સ્થળ પર દોડી ગઈ હતી. અને લાશનો કબજો લઈ પોસ્ટ મોર્ટમ માટે સયાજી હોસ્પિટલમાં મોકલી આપી હતી. પોલીસે પ્રાથમિક કારણ જાણ્યા બાદ અકસ્માતે મોતનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર મનપામાં ૫૯ લાખના ઘટાડા સાથે બજેટ મંજૂર

ગાંધીનગર

મહાપાલિકામાં રાજ્યમાં સૌથી છેલ્લુ ડ્રાફ્ટ બજેટ મુકવામાં આવ્યું હતું, તેને શુક્રવારના રોજ સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં સુધારા સાથે રજૂ કરી મંજૂર કરાયું હતું. ગાંધીનગર મહાપાલિકા વિસ્તારને ફરીથી હરિયાળો કરવા માટે વૃક્ષારોપણ અને તેના જાળવણી ખર્ચ માટે ૨૦ લાખ, સ્પોર્ટ્સ ક્લબ, જીમખાનું અને સ્નાનગૃહ માટે ૫ કરોડ, શહેરમાં હાઈમાસ્ક ઈલેક્ટ્રીક પોલ લગાવવા માટે ૧૫ લાખ, જ્યારે કોર્પોરેટરોના તાલીમી ખર્ચમાં ૫ લાખનો વધારો કરાયો હતો.

ગાંધીનગર શહેરમાં અલગ-અલગ સેક્ટરો ફરતે દિવાલ બનાવવાનું રજૂઆતો મળી છે. તેને ધ્યાને લઈને ૭ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. તે ઉપરાંત ગાંધીનગરથી બાસણ ગામને જોડતા સાબરમતી નદી ઉપર પુલ બનાવવા માટે પણ ૧ કરોડ રુપિયાની જોગવાઈ કરાઈ હતી. ગાંધીનગર મહાનગરપાલિકાના કોર્પોરેટરોને કામો સુચવ્યા મુજબ ૯.૫૦ લાખ રૂપિયા ફાળવવામાં આવતા હતા. જેમાં વધારો સાડા ત્રણ લાખ રૂપિયાનો વધારો કરીને ૧૨.૫૦ લાખ રૂપિયા હવે ફાળવવામાં આવશે. તે ઉપરાંત મહાપાલિકાની કચેરીમાં ફરજ બજાવતા કર્મચારીઓને ફિક્શનનો સમયગાળો પાંચ વર્ષથી ઘટાડીને ત્રણ વર્ષ કરાયો છે. મહાપાલિકાના બજેટમાં મંજૂર કરાયા બાદ વિપક્ષ દ્વારા આ બજેટમાં કરવામાં આવેલા વેરાના વધારાને લઈને વિરોધ કરવામાં આવ્યો હતો. વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાની કહ્યું હતું કે જો વેરામાં ઘટાડો કરવામાં નહીં આવે તો બજેટને મંજૂરી થવા દેવામાં નહીં આવે તે બાબતને ધ્યાનમાં રાખીને ગાંધીનગરના રહીશોના માથે એક પણ વધારાનો વેરો નાખવામાં આવ્યો નથી, જુના વેરા મુજબ ચાલુ વર્ષે કામગીરી કરવામાં આવશે.

ભાજપાની માનસિકતા અનામત વિરોધી છેઃ રાજીવ સાતવ

અમદાવાદ

અમદાવાદની ટૂંકી મુલાકાતે આવેલા કોંગ્રેસ પ્રભારી રાજીવ સાતવે પત્રકારોને સંબોધ્યા હતા. સુપ્રિમ કોર્ટે તાજેતરમાંજ એસસી-એસટી અનામત અંગે આપેલા એક ચુકાદાથી રાજીવ સાતવે નારાજગી દર્શાવી હતી. સાતવે કહ્યું હતું કે 'સુપ્રિમ કોર્ટનો ચુકાદો દુર્ભાગ્યપૂર્ણ છે. ભાજપની અપીલના પગલે કોર્ટે આ ચુકાદો આપ્યો છે. આ દેશમાં ભાજપની માનસિકતા અનામત વિરોધી છે. ભાજપ એસસી-એસટી-ઓબીસીની અનામત ખત્મ કરી નાખવા માંગે છે.'

સાતવે કહ્યું, 'ભાજપની માનસિકતા અનામત વિરોધી છે. તાજેતરમાં સુપ્રિમ કોર્ટનો જે નિર્ણય આવ્યો છે તેને કોંગ્રેસ પાર્ટી બંધારણ વિરુદ્ધનો હુમલો ગણે છે. અમે ભાજપ વિરુદ્ધ મોરચો ખોલીશું. ભાજપની વિચારધારા જળ-જંગલ જમીન વિરોધી છે. દલિતો વિરુદ્ધ અત્યાચાર કરે છે તે ભારતીય જનતા પાર્ટીની વિચારધારા રહી છે. ઉતરાખંડની ભારતીય જનતા પાર્ટી સરકારે બે દલીલો સુપ્રિમ કોર્ટમાં કરી હતી.'

સાતવે ઉમેર્યું 'ઉત્તરાખંડ સરકારની દલીલ હતી કે સરકારી નોકરીમાં એસસી-એસટીને સરકારી નોકરીમાં હક્ક નથી. રાજ્ય સરકાર આ બંને વર્ગને અનામત આપવા નથી માંગતા અમે સુપ્રિમ કોર્ટનો નિર્ણય છે તે પણ અમે રજૂ કરવા માંગીશું.' રાજીવ સાતવે આક્ષેપ કર્યો કે વર્ષ ૨૦૧૪માં ભાજપની સરકાર બન્યા બાદ તેમણે એસસી. એસ.ટી.ના હક્કો પર તરાપ મારી છે. આદિવાસી અને દલિતોને જે નાણાકિય સહાયતા મળવી જોઈએ તેમાં વિક્ષેપ થયો છે. સંઘ-ભાજપની વિચારધારા અનામત વિરોધી છે.૪૩,૦૦૦ ઘટનાઓ દલિત અત્યાચારની બની.

યુવકે દવા પી લેતા પ્રેમિકા કૂવામાં કૂદી, પ્રેમીનો ભાઈ બચાવવા જતા બંનેના મોત

કાલાવડ

જામનગર જિલ્લાના કાલાવડના નવાગામમાં જમનભાઈ સાવલિયાની વાડીએ કામ કરતા માતા-પિતા સાથે કાજલ પ્રવીણ બરજોડ (ઉ.વ.૧૫) નામની કિશોરી પણ ગઈ હતી. દરમિયાન કાજલે ઝેરી દવા પી વાડીમાં આવેલા કૂવામાં કૂદી જતા નિલેશ મુકેશ ચારેલ (ઉ.વ.૨૧) નામનો યુવક પણ બચાવવા માટે કુવામાં કુદ્યો હતો. પરંતુ બન્ને કૂવામાંથી કલાકો સુધી બહાર ન આવતા ગ્રામજનોએ મહેનત કરી બન્નેને કૂવાની બહાર બેભાન હાલતમાં કાઢી હોસ્પિટલ ખાતે સારવારમાં ખસેડ્યા હતા. અહીં કાજલ અને નિલેશ બન્નેને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. કાજલ નિલેશના ભાઈ સાહિલ ઉર્ફે વિપુલની પ્રેમિકા હતી. સાહિલે સવારે દવા પી લીધી હોવાની કાજલને જાણ થતા આ પગલું ભર્યું હતું. આજે શુક્રવારે વેલેન્ટાઈન ડે છે ત્યારે આ ઘટના બની હતી. પોલીસે અકસ્માતે મોતની નોંધ કરી તપાસ શરૂ કરી છે.

સંતરામપુરના પ્રથમપુર ગામના વતની અને નવાગામમાં જમનભાઈ સાવલીયાની વાડીમાં ખેતમજૂરી કરતો સાહિલે ગઈકાલે સવારે ઝેરી દવા પી લીધી હતી. આથી તેને સારવાર માટે જામનગરની જીજી હોસ્પિટલમાં ખસેડાયો હતો. બાદમાં જમનભાઈની વાડીમાં જ રહેતી અને સંતરામપુરની વતની કાજલે ઝેરી દવા પી કૂવામાં ઝંપલાવ્યું હતું. ઘટના સમયે સાહિલનો મોટો ભાઈ નિલેશ ત્યાં હાજર હોવાથી બચાવવા તે પણ કુદ્યો હતો. પરંતુ બંનેમાંથી કોઈને તરતા આવડતું ન હોવાથી ડૂબી જવાથી બંનેના મોત નીપજ્યા હતા.

ડુપ્લીકેટ ઘીનું કૌભાંડ ઝડપાયુ, ૧૦૪ ડબ્બા સાથે મહિલાની અટકાયત

વડોદરા જિલ્લા એસઓજીએ પાદરાના લુણા ગામમાંથી શંકાસ્પદ ડુપ્લીકેટ ઘી વેચવાનું કૌભાંડ ઝડપી પાડ્યું છે. જેમાં ૨.૫૪ લાખની કિંમતના ૧૦૪ શંકાસ્પદ ઘીના ડબ્બા પોલીસે જપ્ત કર્યા છે. અને શંકાસ્પદ જથ્થાની તપાસ માટે એફએસએલમાં મોકલી આપ્યા છે. વડોદરા જિલ્લા એસઓજીને બાતમી મળી હતી કે, લુણા ગામમાં નયનાબેન જયંતીભાઈ પટેલ નામની મહિલા ડુપ્લીકેટ ઘી બનાવીને વેચે છે. જેને આધારે એસઓજીની ટીમે લુણા ગામમાં રેડ કરી હતી. અને ઘરમાંથી શંકાસ્પદ ઘીના ૧૦૪ ડબ્બા સહિત ભેળસેળમાં વપરાતું પ્રવાહી ઝડપી પાડ્યું હતું. શંકાસ્પદ ડુપ્લીકેટ ઘી કેટલા સમયથી વેચાતું હતું તેની પોલીસે તપાસ હાથ ધરી છે. અને ૧૦૪ ડબ્બા સહિતનો ૨,૫૪,૪૬૧નો મુદ્દામાલ ઝડપી પાડ્યો છે અને મહિલા નયનાબેન જયંતીભાઈ પટેલની અટકાયત કરી છે.

મીઠીબા વિદ્યાલયની ગુજરાતી-હિન્દી માધ્યમની પ્રાથમિક શાળાની માન્યતા રદ

સુરત

નાના વરાછા ખાતે આવેલી મીઠીબા વિદ્યાલયની ગુજરાતી અને હિન્દી માધ્યમની પ્રાથમિક શાળાની માન્યતા પ્રાથમિક શિક્ષણ નિયામક ગાંધીનગરે રદ કરી દીધી છે. ગેરરીતી અને નિયમ ભંગ બદલ શાળાની માન્યતા રદ કરવામાં આવી છે. પ્રાથમિક શાળાના બાળકોની પરીક્ષાઓ નજીક છે ત્યારે આ શાળાની માન્યતા રદ થતા વિદ્યાર્થીઓ અને વાલીઓ ચિંતામાં મૂકાયા છે.

નાના વરાછા ખાતે આવેલા શિવા કોમ્પલેક્સમાં આવેલી પરસાણા એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત મીઠીબા વિદ્યાલય(ગુજરાતી માધ્યમ) અને બાપા સિતરામ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત મીઠીબા વિદ્યાલય(હિન્દી માધ્યમ) પ્રાથમિક શિક્ષણ નિયામક ગાંધીનગરે રદ કરી દીધી છે. ગેરરીતી અને નિયમ ભંગ બદલ શાળાની માન્યતા રદ કરવામાં આવી છે. પ્રાથમિક શાળાના બાળકોની પરીક્ષાઓ નજીક છે ત્યારે આ શાળાની માન્યતા રદ થતા વિદ્યાર્થીઓ અને વાલીઓ ચિંતામાં મૂકાયા છે.

સુરતના જિલ્લા શિક્ષણ અધિકારીએ સ્પષ્ટતા કરી છે કે, ૨૦૨૦-૨૧ના શૈક્ષણિક સત્રમાં ભણતા વિદ્યાર્થીઓને આ સ્કૂલમાં પ્રવેશ ન લેવા તથા ભણતા વિદ્યાર્થીઓના એલસી કઢાવી લઈ અન્ય સ્કૂલમાં પ્રવેશ મેળવવા આદેશ આપ્યો છે. તે જોતા વર્તમાન વિદ્યાર્થીઓ પ્રાથમિક વર્ગોની પરીક્ષા આપી શકશે અને પરિણામ મેળવ્યા બાદ એલસી કઢાવી અન્ય સ્કૂલમાં પ્રવેશ મેળવવાનો રહેશે. મીઠીબા વિદ્યાલય ૨૦૨૦-૨૧ના શૈક્ષણિક સત્રમાં એડમિશન આપી શકશે નહીં. જ્યારે જૂના વિદ્યાર્થીઓને પરિક્ષાના રિઝલ્ટની સાથે એલસી આપવા પડશે.

ટ્રાફિક નિયમ પાલનના અભાવે વર્ષે લાખો વાહન ચાલકો જીવ ગુમાવે છે: એલ.પી.પાડલીયા

સુરત ખાતે માર્ગ સલામતિ પરિસંવાદ યોજાયો

સુરત

ગુજરાત રોડ સેફટી ઓથોરિટી, ગાંધીનગર દ્વારા રોડ સેફટી કમિશનરશ્રી એલ. પી. પાડલીયાની ઉપસ્થિતિમાં સુરત ખાતે એસ.વી.એન.આઈ.ટી. કોલેજમાં માર્ગ સલામતી પરિસંવાદ યોજાયો હતો. જેમાં સુરત, વલસાડ, બારડોલી, માંડવી, વ્યારા બારડોલી, ઉમરપાડા, માંગરોળ સહિતના તાલુકાઓમાંથી આવેલા અધિકારીઓ-કર્મચારીઓને માર્ગ સલામતી અંગેનું માર્ગદર્શન આપીને તાલીમબદ્ધ કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે ગુજરાત રોડ સેફટી ઓથોરિટી, ગાંધીનગરના કમિશનરશ્રી એલ. પી. પાડલીયાએ સીટ બેલ્ટ અને હેલ્મેટના અભાવે તેમજ ટ્રાફિક અંગે નિયમના પાલનના અભાવે પ્રતિ વર્ષ લાખોની સંખ્યામાં લોકો માર્ગ અકસ્માતમાં જીવ ગુમાવે છે. જેમાં ઘણીવાર વાહન ચાલકની પણ ભૂલ જવાબદાર હોય છે, ત્યારે રોડ અકસ્માતનું પ્રમાણ ઘટે અને લોકજાગૃત્તિ કેળવાય, શાળાના વિદ્યાર્થીઓને માર્ગ સલામતી અને વાહન વ્યવહાર તેમજ ટ્રાફિકના નિયમો અંગે માર્ગદર્શન મળે તે હેતુથી ગુજરાત રોડ સેફટી ઓથોરિટી, ગાંધીનગર દ્વારા નિયમિતપણે રાજ્યભરમાં જનજાગૃત્તિ ઝુંબેશ યોજવામાં આવે છે. તેમણે ગુજરાત રોડ સેફટી ઓથોરિટી, ગાંધીનગરની વિસ્તૃત ભૂમિકા આપી હતી.

માર્ગ સલામતી વિષય પર જાણીતા તજજ્ઞ શ્રી અમિત ખત્રીએ રોડ માર્કિંગ અને અને સાઇનેજિસ' વિષય પર પ્રેરક માર્ગદર્શન આપતાં જણાવ્યું કે, વાહનચાલકોએ જાગૃત નાગરિક તરીકે પોતાની જવાબદારી સમજી યોગ્ય ગતિમાં જ વાહન ચલાવવાની સાથે ટ્રાફિક ચિહ્નોનું પૂરતું જ્ઞાન મેળવ્યા વિના વાહન ચલાવવું જોખમકારક છે. માત્ર ડ્રાઈવિંગ લાયસન્સ મેળવી લેવાથી વાહન ચલાવતા આવડે જ એવી ગેરસમજમાં ન રહેવું. મોટા વાહનો સામે નાના વાહનોએ બ્રેક મારી પોતાના વાહનને કાબુમાં રાખવું જોઈએ.

'રોડ પર જતાં પહેલા રોડને જાણો અને વાહન ખરીદતાં પહેલા વાહનને જાણો' એમ જણાવી તેમણે વાહનચાલકોએ ટ્રાફિકના નિયમો, રોડ રસ્તા, પોતાના કાર, બાઈકની પાયાની ટેકનિકલ જાણકારી રાખવી જરૂરી છે એમ કહ્યું હતું. હાઈવે પર ૮૦ કિમી/ કલાકની ઝડપે વાહન ચલાવતો વ્યક્તિ ટ્રાફિકભર્યા વિસ્તારમાં માત્ર ૨૦ કિમીની ઝડપે વાહન ચલાવતા સમયે અકસ્માતનો ભોગ બને છે, આવા કિસ્સા અવારનવાર નોંધાય છે. શાંત ચિત્તે, સલામતીપૂર્વક વાહન હંકારવાથી અકસ્માતો નિવારી શકાય છે. ધુમ્મસભર્યા વાતાવરણમાં ક્યારેય વાહન ન ચલાવવું અને હેઝાર્ડ લાઈટ શરૂ રાખી એક સાઈડમાં પાર્ક કરવું હિતાવહ છે.

ડી.સી.પી.(ટ્રાફિક) શ્રી પ્રશાંત સુંબેએ જણાવ્યું કે, ટ્રાફિક અને અકસ્માતની સમસ્યાઓનો ઉકેલ લાવવા માટે લોકોમાં ટ્રાફિક અંગેની સમજ હોવી જરૂરી છે. છેલ્લાં એક વર્ષમાં સુરતમાં જીવલેણ વાહન અકસ્માતોના કારણે કુલ ૨૮૦ મૃત્યુ થયા છે. તેમણે લોકોને ટ્રાફિક નિયમપાલન માટે જાગૃત્ત કરવાની સાથોસાથ કોર્પોરેશન, માર્ગ અને મકાન વિભાગ દ્વારા સંભવિત અકસ્માતવાળા ચાર રસ્તા, ભયજનક વળાંકો અને ડાર્ક સ્પોટ્સને આઈડેન્ટિફાય કરી માર્ગ નિર્માણ અને સુધારણા કરવા પર ભાર મૂક્યો હતો.

આ ઉપરાંત એસ.વી.એન.આઈ.ટી.ના તજજ્ઞ ડો.આશિષ ધામણીયાએ 'સિસ્ટમ એપ્રોચ ટુ રોડ સેફટી' વિષય પર તથા જે.પી. રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટના શ્રી સંજય બલદાણીયાએ 'અકસ્માતનું વિશ્લેષણ અને ડેટા ચકાસણી' વિષય પર તેમજ જીવીકે ઈ.એમ.આર.આઈના શ્રી જશવંત મકવાણાએ 'ટ્રોમા કેર' અંગે તલસ્પર્શી માર્ગદર્શન આપ્યું હતું.સમગ્ર કાર્યક્રમનું સંચાલન રોડ સેફટી ટ્રેનરશ્રી મહેશ પરમારે કર્યું હતું.આ પ્રસંગે ચીફ એન્ફોર્સમેન્ટ ઓફિસર શ્રી એસ.એ. મા જણીદાર, એ.સી.પી.(ટ્રાફિક- પ્લાનિંગ અને એડમિન) શ્રી ઝેડ.એ.શેખ, ડે.મ્યુનિસિપલ કમિશનર શ્રી રાજેશ પંડ્યા, પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીશ્રી ડી..કે ચાવડા, બારડોલી એ.આર.ટી.ઓ., રોડ સેફટી ટ્રેનરશ્રી બ્રિજેશભાઈ વર્મા સહિત મોટી સંખ્યામાં સુરત શહેર અને જિલ્લામાંથી આવેલા આરટીઓ પોલીસ વિભાગ આરએમબી મહા નગર પાલિકાના અધિકારીઓ-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા

ભરૂચ શહેર માંથી કોમર્શીયલ કોન્ટીટીમાં વનસ્પતિજન્ય ગાંજાના જથ્થા સાથે એક મહિલાને ઝડપી પાડતી ભરૂચ SOG પોલીસ

પોલીસ મહાનિરીક્ષક સાહેબ અભય ચુડાસમા વડોદરા તથા ઈંચ. પોલીસ અધિક્ષક એમ.પી.ભોજાણી ના માર્ગદર્શન હેઠળ નાર્કોટિક્સની બદી દૂર કરવા માટે નાર્કોટિકસના કેસો શોધી કાઢવા એસ.ઓ.જી શાખાના પોલીસ ઈન્સપેકટર પી. એન. પટેલ નાઓની સૂચના આધારે એસ.ઓ.જી શાખાના પો. સ. ઇ. કે.એમ.ચૌધરી તથા એમ.આર.શકોરીયા તથા પોલીસ માણસો સાથે છજી ચાર્ટર મુજબની કામગીરી માટે પેટ્રોલીગમાં હતા તે દરમ્યાન બાતમી ના આધારે ભરૂચ એ ડીવી. પો.સ્ટે. I/C પો.ઈન્સ. જી.આર.શર્મા ને સાથે રાખી ભરૂચ શહેર "એ" ડીવી. પો.સ્ટે વિસ્તારના ચીંગસપુરા, પટેલ ફળીયા બીગબજારની પાછળ દાંડીયાબજારમાં રહેતી અરૂણાબેન જેનેષ ભાઈ ઉર્ફે જીગો પટેલના રહેણાંક મકાનમાંથી વનસ્પતિજન્ય ગાંજો ૨૬ કિલો ૩૦૯ ગ્રામ કિ.રૂ. ૧,૫૭,૮૫૪/- તથા મોબાઈલ ફોન, વજનકાંટો વિગેરે મળી કુલ કી. રૂ. ૧,૫૮,૫૫૪/- ની સાથે પકડી પાડી આરોપી બહેન સામે ભરૂચ શહેર "એ ડીવી. પો.સ્ટે માં નારકોટિક્સ ડ્રગ્સ એન્ડ સાઈકો- ટ્રોપીક સબસ્ટસ એકટ મુજબ ગુનો દાખલ કરી આગળની તપાસ પી. એન. પટેલ પોલીસ ઈન્સ્પેકટર એસ.ઓ.જી ભરૂચ કરી રહ્યા છે.

અમરોલી કોલેજ ખાટે આંતરાષ્ટ્રીય સેમિનારમાં વિશ્વની સમસ્યાઓ પર ચર્ચા

સુરત

જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે. ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ. પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી ખાતે ઈન્ડિયન કાઉન્સિલ ઓફ સોસિયલ સાયન્સ રિસર્ચના સહયોગથી જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ અને ઈન્ટરનેશનલ ઈન્સ્ટિ.ટ ફોર ડેવલેપમેન્ડ સ્ટડીઝ (આઈ. આઈ. ડી. એસ.), ઓસ્ટ્રેલિયાના સંયુક્ત ઉપક્રમે તા. ૧૨ અને ૧૩ ફેબ્રુ. દરમિયાન 'ઈમર્જ'ગ ઈસ્યુ ઇન ડેવલેપમેન્ટ ફોર ફ્યુચર જનરેશન' વિષય પર આંતરરાષ્ટ્રીય સેમિનાર યોજાયો હતો.

મુખ્ય વક્તા તરીકે ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યુટ ફોર ડેવલેપમેન્ડ સ્ટડીઝ, ઓસ્ટ્રેલિયાના ડૉ. કાર્તિક રોય સહિત અન્ય નિષ્ણાંત વક્તાઓ દ્વારા આવનારી પેઢી માટે વિકાસની તકોનું સર્જન કરવા માટે વિવિધ વિષય ઉપર ચર્ચા કરવામાં આવી હતી. સેમિનારમાં ભારતના વિવિધ રાજ્યમાંથી તેમજ વિદેશથી ૬૫૭ સંશોધકો-ડેલિગેટ્સ ઉપસ્થિત રહ્યા હતા. જેમણે પોતાના સંશોધન પેપર રજુ કર્યા હતા. કોન્ફરન્સનો મુખ્ય હેતુ વિશ્વની સમસ્યાઓ ઉપર ચર્ચાઓ કરવી, તેનો ઉકેલ લાવવાનો હતો. સેમિનારમાં વીર નર્મદ દ. ગુજ.યુનિવર્સિટીના કુલપતિશ્રી શિવેન્દ્ર ગુમા, પદ્મશ્રી યઝદી કરંજીયા, મેયરશ્રી ડો.જગદીશ પટેલ, જીવન જયોત ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતભાઈ શાહ, ઉપપ્રમુખશ્રી ભાનુભાઈ શાહ, કોલેજના આચાર્યશ્રી ડૉ. કે. એન. ચાવડા સહિત મોટી સંખ્યામાં જિજ્ઞાસુ વિદ્યાર્થીઓ-સંશોધકો ઉપસ્થિત રહ્યા હતા. કોન્ફરન્સના કોઓર્ડિનેટર ડૉ. સેજલ દેસાઈ અને ડૉ. રૂસ્તમ સદરી તેમજ કોન્ફરન્સ સેક્રેટરી ડો. મેહુલ શાહ, પ્રા. કમલેશ સાવલિયા, પ્રા. મનિષ ટેલર, ડૉ. ચિરાગ સિધ્ધપુરીયા, ડૉ. મંયક સોઢાએ સંચાલન કર્યું હતું.

નવસારી જિલ્લાના સર્વાગી વિકાસ માટે રૂ. ૮.૨૫ કરોડના ૪૦૭ કામોને મંજૂરી

પ્રભારી મંત્રી શ્રી ગણપત સિંહ વસાવાના અધ્યક્ષ સ્થાને જિલ્લા આયોજન મંડળની બેઠક યોજાઈ

નવસારી

નવસારી જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી ગણપતસિંહ વસાવાના અધ્યક્ષસ્થાને આજે નવસારી જિલ્લા કલેક્ટર કચેરી ખાતે જિલ્લા આયોજન મંડળની બેઠક યોજાઈ હતી, જેમાં જિલ્લાના સર્વાંગી વિકાસ માટે વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમની વિવિધ જોગવાઈઓ તથા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની યોજના અંતર્ગત ૨૦૨૦-૨૧ના વર્ષ માટે રજૂ કરવામાં આવેલ અંદાજીત રૂપિયા ૮.૨૫ કરોડના ૪૦૭ વિકાસ કામોના આયોજનને મંજૂર કરવામાં આવ્યું હતું.

બેઠકનેસંબોધતા જિલ્લા પ્રભારીમંત્રી શ્રી ગણપતસિંહ વસાવાએ જિલ્લાના વિકાસકામોનું આયોજન હાથ ધરાય ત્યારે જિલ્લામાં પ્રજાલક્ષી જરૂરિયાતવાળા અગત્યના કામો મહત્તમ રીતે આવરી લેવાની સાથે સામૂહિક વિકાસનાં કામો સંદર્ભે તમામ વિસ્તારોને આવરી લેવાય અને તે રીતે તાલુકાકક્ષાએ આવા કામોને અગ્રતા અપાય તે જોવાની પણ તેમણે ખાસ હિમાયત કરી હતી. જિલ્લાની ખૂટતી કડીઓ સંદર્ભે જરૂરિયાતવાળા આ દિશાના કામોને પણ સાંકળી લઈ જિલ્લાની સર્વાંગી વિકાસકૂચ આગળ ધપાવવા કટિબધ્ધ થવા જણાવ્યું હતું.

આજે યોજાયેલી જિલ્લા આયોજન મંડળની બેઠકને સંબોધતા જિલ્લાપ્રભારી મંત્રીશ્રી અને આયોજન મંડળના અધ્યક્ષશ્રી ગણપતસિંહ વસાવાએ ઉપસ્થિત અધિકારી—પદાધિકારીશ્રીઓને આયોજન મંડળમાં રજુ થતાં લોક સુખાકારી માટેના કામો પૈકી ગ્રામ્ય વિસ્તારમાં પીવાના પાણી, આંગણવાડી, શિક્ષણ અને ગટર જેવા સ્થાનિક અગત્યતા ધરાવતા કામોને અગ્રિમતા આપી મંજુર કરવા અનુરોધ કર્યો હતો. તેમણે પ્રત્યેક ગામોમાં સ્થાનિક કક્ષાએ પ્રાથમિકતા ધરાવતા લોક સુવિધાના હાથ ધરાયેલા કામો ગુણવત્તાયુક્ત અને ઝડપથી પૂર્ણ કરવા તથા મંજૂર કામો નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરવા જણાવ્યું હતું.

આજે યોજાયેલી ઉકત બેઠકમાં મંજૂર કરાયેલા રૂ. ૮૨૫ લાખના ખર્ચે ૪૦૭ વિકાસકામોમા ડામરરસ્તા, પેવરબ્લોક, સી.સી. રસ્તા, પાણીની સુવિધા, સંરક્ષણદિવાલ, ગટરલાઈન, સમૂહવિકાસના (પાઈપ-નાળા, સ્મશાન, હવાડો, ખડીયાટ,શેડ) વગેરે જેવા કામોનો સમાવેશ થાય છે.

જિલ્લા પ્રભારી મંત્રીશ્રી વસાવાની ઉપસ્થિતિમાં આ બેઠકમાં ગત સને ૨૦૧૭-૧૮અને૨૦૧૮-૧૯ના વર્ષના વિકાસકામોની સમીક્ષા કરાઇ હતી, જેમાં પૂર્ણ થયેલા અને પ્રગતિ હેઠળના વિકાસકામોની જાણકારી અપાઇ હતી. ચાલુ નાણાંકીય વર્ષ માટે મંજૂર કરાયેલા ઉક્ત વિકાસકામો હાથ ધરતાં પહેલાં ગત વર્ષના બાકી રહેલા અને પ્રગતિ હેઠળના વિકાસકામો પણ ઝડપથી પૂર્ણ થાય તે જોવાની પણ મંત્રીશ્રીએ અમલીકરણઅધિકારીઓને તાકીદ કરીહતી.

આ બેઠકમાં સંસદ સભ્યશ્રી સી. આર. પાટીલ, જિલ્લા પંચાયત પ્રમુખ ડો.અમિતાબેન પટેલ, નાયબ મુખ્ય દંડકશ્રી આર.સી.પટેલ, ધારાસભ્યશ્રી પિયુષભાઇ દેસાઇ, શ્રી નરેશભાઇ પટેલ, શ્રી અનંતભાઇ પટેલ તરફથી જરૂરી રચનાત્મક સૂચનો પણ કરાયાં હતાં.

બેઠકના અંતમાં જિલ્લા કલેકટર શ્રીઆદ્રા અગ્રવાલે જિલ્લાના વિકાસકામો માટે મંજૂર થયેલા વિકાસકામો થકી જનસુખાકારી વધારવાના પ્રયાસોને મૂર્તિમંત કરવા ટીમ નવસારી વતી —તિબધ્ધતા વ્યકત કરી હતી.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી પ્રશસ્તિ પરીક, નાયબ જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીમોરી, જિલ્લા આયોજનઅધિકારીશ્રી ડી. એન. પટેલ, તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ સહિત જિલ્લા આયોજન મંડળના સદસ્યશ્રીઓ, સંબંધિત વિભાગના અમલીકરણ અધિકારીશ્રીઓ વગેરે ઉપસ્થિત રહયાં હતાં.

બ્રાન્ડીંગ લોકોની સાયકોલાજી સાથે સીધી કનેક્ટ થતી બાબત છે: રાજેશ દેસાઈ

ચેમ્બરમાં બ્રાન્ડ પાવર ટુ પાવર યોર બ્રાન્ડ વિષય ઉપર સેમિનાર યોજાયો

સુરત

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા , ૮મી ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ સાંજે ૫:૩૦ કલાકે સમૃદ્ધિ બિલ્ડીંગ, નાનપુરા, સુરત ખાતે 'બ્રાન્ડ પાવર ટુ પાવર યોર બ્રાન્ડ' વિષય ઉપર સેમિનારનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં નિષ્ણાંત વકતા તરીકે હાર્મોની મલ્ટીમિડીયાના શ્રી રાજેશ દેસાઇ અને સિન્કોરો વેન્ચુર્સ પ્રા.લિ.ના શ્રી કશ્યપ પંડયા દ્વારા પ્રોડકટની બ્રાન્ડીગ માટે મહત્વનું માર્ગદર્શન આપ્યુ હતુ.

ચેમ્બરના ઈવેન્ટ્સ એન્ડ પ્રોગ્રામ્સ સેલના હેડ શ્રી મૃણાલ શુકલએ સેમિનારમાં સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્બોધનમાં જણાવ્યુ હતુ કે, સુરતની પ્રોડકટને વિશ્વ ફલક ઉપર લઇ જવા માટે બ્રાન્ડીગ ખુબ જ જરૂરી બાબત છે. જેના વિશે આજના નિષ્ણાંત વકતાઓ માર્ગદર્શન આપશે.

વકતા શ્રી રાજેશ દેસાઇએ પોતાના વકતવ્યમાં જણાવ્યુ હતુ કે, પોતાની પ્રોડકટ અને સર્વિસને લોકો સુધી પહોંચાડવાનો પ્રથમ રસ્તો બ્રાન્ડીગ છે. બ્રાન્ડીગનો ફસ્ટ પાર્ટ ટ્રેડમાર્ક, લોગો, સિમ્બોલ, પંચલાઇન, જિંગલ કે પછી કોઇ સ્પેસિફીક ચીજ હોઇ શકે જે અન્યો કરતા તમને માર્કેટમાં જુદા કરે. તમે તમારી પ્રોડકટને જનરલ ટ્રેન્ડ, માર્કેટ અને સ્પેશિયલ ટ્રેન્ડમાં વેચી શકો છો. બ્રાન્ડીગ માટે ફૂડ પ્રોડકટ્સ અને ઈન્ડસ્ટ્રી સંબંધિત પ્રોડકટ્સના પેકેજિંગ કલર કોડીગ જુદા—જુદા હોય છે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, બ્રાન્ડીગમાં દરેક માણસ બે વસ્તુઓ ઉપર કામ કરે છે. 'વી' અને 'મી'. સમાજ અને વિવિધ સંસ્થાઓ સાથે જોડાયેલો માણસ હોય તો બ્રાન્ડીગ ઘણું કામ લાગે છે. જયારે પર્સનલ સ્પેસની વાત આવે ત્યારે 'મી'વાળો કોન્સેપ્ટ કામ લાગે છે. બ્રાન્ડીગમાં પર્સનલ સ્પેસની પણ જરૂર પડે છે. જે માર્કેટમાં તમારી પ્રોડકટને અન્યો કરતા સાવ જુદી પાડે છે.

શ્રી દેસાઇએ વધુમાં કહયુ કે, બ્રાન્ડીગ માટે તમારા પ્રોડકટની પેકેજિંગ, પ્રાઇઝીંગ, પ્લેસમેન્ટ, પ્રમોશન્સ અને પોઝીશનીંગ જેવી બાબતો પણ મહત્વનો ભાગ ભજવે છે. ૧૦૦ ટકામાંથી ૮૦ ટકા લોકો પ્રથમ વખત તમારી પ્રોડકટને ખરીદનારા હોય છે. એમાંથી ૨૦ ટકા લોકો તમારી પ્રોડકટને વારંવાર ખરીદનારા હોય છે. પ્રોડકટની બ્રાન્ડીગ માટે રીચ મહત્વની છે. આથી પ્રોડકટને વધુમાં વધુ જગ્યાએ પહોંચાડવી પડશે. બ્રાન્ડીગ એ સાયકોલોજી સાથે કનેકટ બાબત છે, જેની સીધી અસર ગ્રાહકના મગજ ઉપર પડે છે.

વકતા શ્રી કશ્યપ પંડયાએ પણ બ્રાન્ડીગ એ લોકોની સાયકોલોજી સાથે કનેકટ બાબત હોવાનું કહી જણાવ્યુ હતુ કે, ફિલીંગ અને હાઇ ઇન્વોલ્વમેન્ટ જોઇને બ્રાન્ડીગ કરવાનું હોય છે. બ્રાન્ડીગ માટે ઇન્ફોર્મેટીવ, હેબીટ ફ્રીવન, સેલ્ફ સેટીસ્ફેકશન અને અફેકટીવ આ ચારેય બાબતો સાયન્સ છે. આથી બ્રાન્ડીગ એ સાયન્સ અને આર્ટનું કોમ્બીનેશન છે. બ્રાન્ડીગ ખર્ચાળ છે એવી લોકોની માન્યતા છે. કેટલીક બ્રાન્ડ એવી છે જેની કયારેય જાહેરાત કરવામાં આવી નથી.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, બ્રાન્ડીગ માટે સ્ટોરી બનાવી વેલ્યુ સિસ્ટમ ઉભી કરવી પડે છે. તમારી પ્રોડકટ કઈ ઉમરની વ્યકિત માટે છે તેનો અભ્યાસ કરી એવા લોકોને ટાર્ગેટ કરવા પડશે. તેમણે કેટલીક ચોકલેટની જાહેરાતોના ઉદાહરણો સાથે આ અંગેની સમજણ પણ આપી હતી.

સેમિનારમાં બંને વકતાઓએ લોકોના વિવિધ સવાલોના સંતોષકારક જવાબ આપ્યા હતા. સેમિનારના અંતે ઈવેન્ટ્સ એન્ડ પ્રોગ્રામ્સ સેલના કન્વીનર શ્રી સંજય ગજીવાલાએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ સેમિનારનું સમાપન થયુ હતુ.

અંકલેશ્વર નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળાઓનો સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

અંકલેશ્વર

અંકલેશ્વર નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત નગરની પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓના સાંસ્કૃતિક કાર્યક્રમ ×રંગોત્સવ×નું આયોજન શુક્રવારના રોજ કરવામાં આવ્યું હતું.

અંકલેશ્વર જીનવાલા સ્કૂલના કમ્પાઉન્ડમાં આવેલ માં શારદા ભુવન ટાઉનહોલ ખાતે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની ૯ શાળાઓના ભૂલકાઓના સંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગીત, સંગીત અને નૃત્યના ત્રિવેણી સંગમ સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે રાજયના રમતગમત, સહકાર અને સાંસ્કૃતિક વિભાગના મંત્રી ઈશ્વરસિંહ પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

રંગોત્સવ માં વિવિધ રંગોની જેમ વિષય વૈવિધ્ય પણ ઘણું જોવા મળ્યું હતું. આ કાર્યક્રમમાં શાળાના વિદ્યાર્થીઓ દ્વારા ×શિવ તાંડવ નૃત્ય×, ×દેવ બાપ્પા×, ×પંચમહાભૂત× જેવી ધાર્મિક કૃતિઓ રજૂ કરાઈ હતી. તો સાથે જ સાંપ્રત સમયની સમસ્યાઓ એવા 'બાળમજૂરી', 'એસિડ એટેક' જેવા વિષયોને પણ આવરી લેવાયા હતા. આ ઉપરાંત 'પ્લાસ્ટિક ટીક ના પાયે' અને 'વૃક્ષ બચાવો' જેવા વિષયોને પણ આ કાર્યક્રમમાં સ્થાન આપવામાં આવ્યું હતું. પિતા-પુત્રીના લાગણીશીલ સંબંધો પરની કૃતિ, શૌર્યગીત 'હમ તો હે આંધી' અને નાના ભૂલકાઓના હળવાફૂલ 'પપેટ ડાન્સે' પણ શ્રોતાઓને પ્રભાવિત કર્યા હતા. ગીત, સંગીત અને નૃત્ય સાથેની તમામ કૃતિઓને ઉપસ્થિત લોકોએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધી હતી.

મુખ્ય મહેમાન ઈશ્વરસિંહ પટેલે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે બાળકોમાં જન્મથી જ છુપાયેલી નૈસર્ગિક કળાને બહાર લાવવા માટે જરૂરી નથી કે ખાનગી શાળાઓને જ પ્રાધાન્ય અપાય. ધારે તો સરકારી શાળાઓના શિક્ષકો પણ આ દિશામાં પ્રયત્ન કરીને પોતાના વિદ્યાર્થીઓમાં છૂપાયેલી આવડત પારખીને એને પ્રોત્સાહન આપી શકે છે. આજે અંકલેશ્વર નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓના વિદ્યાર્થીઓ તેમજ વિદ્યાર્થીનીઓની આ ગીત, સંગીત અને નૃત્યની આવડત ખરેખર પ્રભાવિત કરી ગઈ છે. આ બદલ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના પદાધિકારીઓ તેમજ પ્રાથમિક શાળાઓના શિક્ષકોને અભિનંદન પાઠવું છું.

'રંગોત્સવ'ના નામે યોજાયેલ આ સાંસ્કૃતિક કાર્યક્રમમાં અંકલેશ્વર નગરપાલિકાના પ્રમુખ દક્ષાબેન શાહ, ઉપપ્રમુખ નીલેશ પટેલ, સત્તા પક્ષના નેતા જનક શાહ, પૂર્વ પ્રમુખ સંદીપ પટેલ ઉપરાંત અંકલેશ્વર નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન કિંજલ ચૌહાણ, વાઇસ ચેરમેન ગણેશ અગ્રવાલ, શાસનાધિકારી કેયુર ઉપાધ્યાય સહિત શિક્ષણ સમિતિના સભ્યો તેમજ નગરસેવકો ઉપસ્થિત રહ્યા હતા. મોટી સંખ્યામાં વાલીઓ પણ આ સાંસ્કૃતિક કાર્યક્રમમાં પોતાના સંતાનની આવડત નિહાળવા માટે ઉપસ્થિત રહ્યા હતા.

નવસારીમાં વિના મુલ્યે આયુર્વેદિક શિબિર

કરિશ્મા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારાઇલેકટ્રોપેથી, નેચરોપૈથી, આયુર્વેદિક એક સાથે લકવો, એડી, ઘુટણ, કામર અને સાંધાના દુ:ખાવા માટે વિનામૂલ્યે શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિર તા.૧૪ થી૧૬ તથા તા.૨૧ થી ૨૩ ફેબ્રુઆરીના રોજ કરિશ્મા ચેરીટેબલ ટ્રસ્ટ, અલકાપુરી સોસાયટી, શિવાજીચોક પાસે, વિજલપોર નવસારી ખાતે યોજાશે. નામ નોંધણી રૂબરૂ તથા ટેલીફોન નંબર-૯૮૯૮૬ ૩૦૭૫૬ પર કરી શકાશે. તેમ કરિશ્મા ચેરીટેબલ ટ્રસ્ટના ડાલ.આર.આર.મિશ્રા દ્વારા જણાવાયું છે.

ટીકટોક સ્ટાર કિર્તી પટેલને ઘુવડ સાથેના વીડિયો મામલે ૨૫ હજારનો દંડ ફટકાર્યો

સુરત

સુરતની ફેશન ડિઝાઇનર અને ટીકટોક સ્ટાર કીર્તિ પટેલનો એક ઘુવડ સાથેનો ટીકટોક વિડ્યો સોશિયલ મીડિયા પર વાઇરલ થયો હતો. વાઈલ્ડ લાઈફ પ્રોટેકશનમાં આવતુ સંરક્ષિત વન્ય જીવ ઘુવડ સાથે રમત કરતા વીડિયો બનાવીને ટીકટોક પર મૂક્યો હતો. જેના પગલે સુરત વન વિભાગ દ્વારા ૨૫ હજારનો દંડ ફટકારવામાં આવ્યો હતો. જેની રસીદ સાથેનો વીડિયો પણ કિર્તી પટેલે બનાવી સોશિયલ મીડિયામાં મૂક્યો હતો.

ઘુવડને પકડવુ તે વાઈલ્ડ લાઈફ પ્રોટેક્શન એક્ટ મુજબ ગુનો બને છે. ગુજરાત સરકાર દ્વારા સંરક્ષિત પ્રાણીઓની કેટેગરીમાં આવતા ઘુવડ સાથે કીર્તિ પટેલે વીડિયો વાઈરલ કર્યો હતો. ઘુવડને હાથમાં પકડીને વીડિયો ઉતારતા જીવ દયાપ્રેમીઓમાં નારાજગી વ્યાપી ગઇ હતી. જેથી સુરત વન વિભાગે કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં કિર્તી પટેલને ૧૫ હજાર અને તેને સાથ આપનારને ૧૦ હજારનો દંડ ફટકારવામાં આવ્યો હતો.

અડાજણ પાલ ખાતે આવેલી સુરત વન વિભાગની ઓફિસ ખાતે કિર્તી પટેલ દ્વારા ૨૫ હજારનો દંડ ભરવામાં આવ્યો હતો. જેની રસીદ સાથે કિર્તી પટેલે એક વીડિયો પણ સોશિયલ મીડિયામાં મૂક્યો હતો અને કહ્યું હતું કે, દંડ ભરી આવી છું. આ તેની રસીદ છે.

ડિંડોલી જ્ઞાનમંજરી વિદ્યાપીઠમાં માતૃ-પિતૃ પૂજન દિન ઉજવાયો

માતા-પિતા સંદર્ભે બાળકોએ નાટય કૃતિ પણ રજૂ કરી

સુરત

આચાર્યશ્રીની અખબારી યાદીમાં જણાવાયું છે કે ડીંડોલી સ્થિત જ્ઞાનમંજરી વિદ્યાપીઠમાં "માતૃ-પિતૃ પૂજન દિવસની" શાનદાર ઉજવણી કરવામાં આવી.જેમાં શાળાના વિદ્યાર્થીઓએ માતા-પિતાની વિધિવત્ પૂજા-અર્ચના કરી સન્માર્ગે ચાલવાની પ્રતિજ્ઞા લીધી હતી.કાર્યક્રમની શુભશરૂઆત સરસ્વતી વંદના અને દીપ પ્રાગટ્ય સાથે કરવામાં આવી હતી સાથે સાથે બાળકો દ્વારા માતા-પિતાને ઉદ્દેશીને એક સરસ મજાનું નાટક તેમજ અભિનય ગીત રજુ કરવામાં આવ્યું હતું.શાળાના ટ્રસ્ટી શ્રીરમેશભાઈ બાંભણીયા, શ્રીલાલજીભાઈ નકુમ, શ્રીનરેશભાઈ બાંભણીયા, સંચાલક શ્રીઅશોકભાઈ બાંભણીયા, શ્રીરમેશભાઈ નકુમ,આચાર્ય શ્રીચંદુભાઈ ભાલીયા,કિરણબેન શર્મા તેમજ બહોળી સંખ્યામાં વાલીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

બાળકો દ્વારા માતા-પિતાના પૂજન બાદ વાલીઓ દ્વારા પણ પોતાના માતા-પિતાની સેવા કરવાનો સંકલ્પ લેવડાવવામાં આવ્યો હતો.વાલીઓમાં આ કાર્યક્રમને લઈને અનેરો ઉત્સાહ અને ઉમંગ જોવા મળ્યો હતો. કાર્યક્રમમાં શાળાના ટ્રસ્ટી શ્રીલાલજીભાઈ નકુમનાં ઉદબોધન સાથે આજના આ દિન વિશેષની ઉજવણી કાર્યક્રમની પુર્ણાહુતિ કરવામાં આવી હતી આ ઉત્સવમાં શાળાના તમામ વિદ્યાર્થીઓતેમજ શાળાના દરેક સારસ્વત ભાઈ-બહેનો દ્વારા ભારે જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળતા પૂર્વક સંપન્ન કરવામાં આવ્યો હતો.

પ્રેમલગ્ન બાદ પત્નીની હત્યા કરી નાસતો-ફરતો પતિ ૮ વર્ષે ઝડપાયો

સુરત

સુરત કતારગામ વિસ્તારમાં આવેલ ઉકલનગર ખાતે ૨૦૧૨ના માર્ચ મહિનાની ૧ તારીખે રીકુ નામની મહિલાની તેના મકાનમાં હત્યા કરાયેલ હાલતમાં લાશ મળી આવી હતી. મહિલાની હત્યા ગળું દબાવી કરવામાં આવી હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યુ હતું. પોલીસે તપાસ કરતા મારનાર મહિલા રીકુ શેટ્ટી મૂળ ઓરિસાના મખણપુર ગામની વતની હતી, અને તેણે ઓરિસ્સાના ગંજામ જિલ્લા બાંભણપુર ગામના વતની અને સુરતમાં રહેતા અને એમ્બ્રોડરી કામ કરતા કાલુચરણ ગૌડ સાથે પ્રેમ સબંધ બંધાતા, આ યુવતીને સુરત ખાતે ભગાડી લાવીને તેની સાથે લગન કાર્યા હતા.

લગન બાદ તેણે એક પુત્રીને જન્મ આપ્યો હતો, પણ પુત્રી થયા બાદ પતિ-પત્ની વચ્ચે સતત ઝગડા થતા હતા, તેમાં ૮ મહિનાની સ્વેતા નામની પુત્રી તેની નથી અને પત્ની પર ચારિત્ર અંગે શંકા પણ રાખતો હતો, ત્યારે એક દિવસે આ બાબતે પતિ પત્નીનો ઝગડો થતા આવેશમાં આવેલા કાલીચરણે પત્નીનું ગળું દબાવી હત્યા કરી, બાળકીને તરછોડીને ભાગી છૂટ્યો હતો. જોકે પોલીસે આ મામલે ગુનો નોંધી આરોપીને પકડી પાડવા સખત મહેનત કરી હતી.

આરોપી હત્યા બાદ પોતાના વતન જઈને રહેવા લાગ્યો હતો અને પોતાના વતન ખાતે કડિયા કામ કરીને પોતાનું ગુજરાન ચલાવતો હતો. હત્યાના એક વર્ષ બાદ તે આરામથી અન્ય મહિલા સાથે લગન કરી પોતાનું જીવન જીવતો હતો.

પોલીસને બાતમી મળતા આ યુવાનને તેના વતન ખાતેથી હત્યાના ૮ વર્ષ બાદ ઝડપી પાડવામાં સફળતા મળી હતી, તેને તેના વતનમાંથી લઇને પોલીસ સુરત ખાતે લઇ આવી હતી. હાલમાં પોલીસે હત્યારા આરોપી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી વધુ તપાસ શરુ કરી છે.

હજીરા-સુંવાલી માઈનોર સિંચાઈમાં પાણી નહીં છોડાતા ઉભા પાકને ખતરો

પાણી છોડવા હજીરા ગ્રુપ પિયત સહકારી મંડળીની માંગ

સુરત

ઉકાઈ ડેમમાં પુરતુ પાણી હોવા છતાં પણ કાકરાપાર-જમણા કાંઠા હસ્તકની હજીરા-સુંવાલી માઈનોરમાં સિંચાઈ માટેનું પાણી છોડવામાં નહીં આવતા હજીરા ગ્રુપ ગ્રામ પિયત સહકારી મંડળીએ કલેક્ટરને મળી રજૂઆત કરી આંદોલન કરવાની ચીમકી આપી હતી.

કલેક્ટરને અપાયેલા આવેદનપત્રમાં જણાવ્યા મુજબ હજીરા વિસ્તારમાં આવેલ ઔદ્યોગિક એકમોમાં અહીંના સ્થાનિક ખેડૂતોની ફળદ્રુપ ખેતીની જમીન સંપાદન કરવામાં આવેલ છે. છતાં આ વિસ્તારના શિક્ષિત યુવાનોને રોજગારી મળતી નથી. આ વિસ્તારનાં યુવાનો બેકાર અને બેહાલ છે. જેથી બાકી રહેલી જમીનમાં આ વિસ્તારનાં ગરીબ બક્ષીપંચ તથા આર્થિક રીતે પછાત વર્ગના ખેડૂતો ડાંગર, ઘઉં, શાકભાજી જેવા પાકો મેળવી તથા પશુપાલનનો વ્યવસાય કરી જીવન નિર્વાહ ચલાવે છે.

પરંતુ હાલ ઘણાં સમયથી હજીરા વિસ્તારનાં ખેડૂતોને સિંચાઈના પાણી માટે ઘણો અન્યાય થાય છે. હાલમાં આ વિસ્તારનાં ખેડૂતો ડાંગરની રોપણી કરી રહેલા હોય પણ પુરતા પ્રમાણમાં પાણી વહેવડાવવામાં આવતું નથી અને અપુરતા પાણી અને સમય મર્યાદામાં સિંચાઈનાં પાણી ન મળવાથી ડાંગરની રોપણી તેમજ ઘઉંનો પાક નિષ્ફળ જાય એમ છે.

આ વર્ષ દરમ્યાન સમગ્ર રાજ્યમાં સારો વરસાદ થવાનાં કારણે ઉકાઈ ડેમમાં પણ પુરતા પાણીનો સંગ્રહ હોવા છતાં સિંચાઈ વિભાગની બેદરકારીને કારણે નહેરની સમયસર સફાઈ થતી નથી અને સમયસર ખેડૂતોને પુરતું પાણી મળતું નથી. વારંવાર લેખિત તેમજ મૌખિક રજૂઆતોને નજર અંદાજ કરવામાં આવે છે આને કારણે હજારો એકર જમીન પડતર રહે છે. હાલમાં સિંચાઈના પાણીનો પ્રશ્ન અમારા જીવન નિર્વાહ માટે ઘણો જ મહત્ત્વનો હોય જો અમોને તાકીદે સિંચાઈના પાણી નહીં આપવામાં આવશે તો અમો આ વિસ્તારનાં તમામ ખેડૂતો ગાંધી ચિંધ્યા માર્ગે આપની કચેરી સમક્ષ આંદોલન કરવાની ફરજ પડશે અને તેમાં જે કંઈ ઘટના બનશે તેની તમામ જવાબદારી આપના ખાતાની રહેશે.

સરથાણા સ્વામી નારાયણ મંદિરમાં ભક્તિભાવથી પાટોત્સવ ઉજવાયો

શ્રી ઘનશ્યામ પ્રભુને ભવ્ય અન્નકૂટ ધરવામાં આવ્યો

સુરત

શ્રી સ્વામિનારાયણ ભગવાને સંતો અને એવા હરિભક્તો સામર્થ્યવાન બનાવ્યા હતા કે, તેઓ પણ જીવોનું કલ્યાણ કરી શકતા હતા.- સદ્ગુરુ શાસ્ત્રી શ્રી જિતેંદ્રિયપ્રિયદાસજી સ્વામી

મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન સંચાલિત શ્રી સ્વામિનારાયણ મંદિર –સરથાણા, સુરતમાં શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીશ્રી મહારાજની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર,સરથાણા-સુરત મુકામે આજે ૧૧મો પાટોત્સવ ભક્તિભાવથી ઉજવાયો.

સવારે ધ્વજારોહણ કાર્યક્રમથી પાટોત્સવવિધિનો શુભારંભ થયો.ત્યારબાદ ષોડશોપચારથી શાસ્ત્રોક્ત વિધિ અનુસાર મહાપ્રભુનું પૂજન કરવામાં આવ્યું. સૌ ભાવિક ભક્તોએ આરતીના લહાવા લીધા હતા. આ પ્રસંગે પારાયણ અમૃતપાન કરાવતા સદગુરુ શાસ્ત્રી શ્રી જિતેંદ્રિયપ્રિયદાસજી સ્વામીએ જણાવ્યું હતું કે, પ્રભુને રાજી કરવા પૂર્વેના અનેક ભક્તોએ માન મૂકીને, સંસાર ગૌણ કરીને પ્રભુને રાજી કર્યા હતા. પોતાનું મનગમતું મૂકીને પ્રભુની આજ્ઞા પ્રમાણે વર્તવાથી આલોક અને પરલોકમાં સુખની પ્રાપ્તિ થાય છે. શ્રી સ્વામિનારાયણ ભગવાને અનેક જીવોના કલ્યાણ કર્યા હતા. સાથે સાથે સંતો અને હરિભક્તોને પણ એવા સામર્થ્યવાન બનાવ્યા હતા કે, તેમના આશીર્વાદથી પણ જીવોનું કલ્યાણ થતું હતું. આવા પરમ કૃપાળુ પ્રભુનું આપણને શરણું મળ્યું છે. આપણે સૌએ પણ સદાચાર,નીતિમત્તા અને પ્રામાણિકતાના માર્ગે ચાલીને પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત કરવી જોઈએ.

આજે ભક્તોએ ભક્તિભાવથી ભગવાનને અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે વિવિધ ગામ અને શહેરોથી સંતો તેમજ હરિભક્તો પધાર્યા હતા.

સહાય માટે ખેડૂત પોર્ટલ પર સુરતના ૭૭૩૦ ખેડુતોની અરજી મંજૂર: પરમાર

બારડોલીમાં કૃષિ મેળાને ખુલ્લો મુકતા સામાજિક ઈશ્વરભાઈ પરમાર

સુરત

ખેડુતો કૃષિક્ષેત્રે નવીનત્તમ સંશોધનો અને પ્રાકૃતિક ખેતીના સમન્વય થકી ઓછા ખર્ચે વધુ ઉત્પાદન મેળવીને નવી હરિયાળી ક્રાંતિ તરફ પ્રયાણ કરે તેવા ઉમદા હેતુથી આત્મા-એ ગ્રીકલ્ચર ટેકનોલોજી મેનેજમેન્ટ એજન્સી, બારડોલી અને ખેડુત તાલીમ કેન્દ્રના સંયુકત ઉપક્રમે આયોજીત બે દિવસીય કૃષિમેળાને સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ઈશ્વરભાઈ પરમારના હસ્તે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો.

જેનો ખેડુતો તા.૧૪મીના રોજ પણ લાભ લઈ શકશે.બારડોલીના ખેડૂત તાલીમ કેન્દ્ર ખાતે આયોજિત મેળામાં કૃષિક્ષેત્રના નવા સંશોધનો, પ્રાકૃતિક ખેતી આધારિત ડેમો પ્રદર્શન, બાગાયતી પાકો અંગે માર્ગદર્શન, કૃષિના સાધનો, સંશોધિત નવા બિયારણો, રાજય સરકારની કૃષિ આધારિત યોજનાઓ વગેરે આધારિત ૩૫ થી વધુ સ્ટોલ પ્રદર્શન દ્વારા કૃષિલક્ષી માહિતીનો લાભ ખેડુતોએ લીધો હતો. કૃષિ મેળા પ્રારંભ અવસરે મંત્રીશ્રી પરમારે જણાવ્યું હતું કે, જગતના તાતને મુશ્કેલીના સમયમાં સધિયારો આપવાની સાથોસાથ અનેક કિસાનલક્ષી યોજનાઓથી સુરત જિલ્લાના ખેડૂતોની આર્થિક સમૃદ્ધિના દ્વાર ખૂલ્યા છે. યોજનાઓના લાભોની વિગતો આપતા મંત્રીશ્રીએ કહ્યું કે, સુરત જિલ્લામાં વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન આઈ ખેડૂત પોર્ટલ પર ૭૭૩૦ ખેડૂતોની અરજીઓને મંજૂરી આપવામાં આવી છે. જે પૈકી ટ્રેક્ટર ખરીદીમાં ૫૫૯ ખેડુતોને રૂા.૨૯૨ લાખની સહાય તેમજ ફાર્મ મિકેનાઈઝેશન સહાય ઘટક હેઠળ વિવિધ ઓજારો માટે ૫૬૫ જરૂરતમંદોને રૂા.૧૮૮ લાખ, સિંચાઈના સાધનો માટે ૭૧૨ લાભાર્થીઓને કુલ રૂા. ૮૮.૭૨ લાખની સહાય ચુકવવામાં આવી છે. શાકભાજીના વાવેતર માટે ૮૫૧ ખેડુતોને ૧૧૪ લાખ, બાગાયતી યાંત્રીકરણના મિની ટ્રેકટર માટે ૮૮ લાભાર્થીઓને ૪૩.૩૫ લાખ તેમજ ગ્રીન-નેટ હાઉસના ૧૬ લાભાર્થીઓને ૧૬૮ લાખથી સહાય આપવામાં આવી છે. મંત્રીશ્રીએ જણાવ્યું કે, ખેડુતો હવે રાસાયણિક ખાતરોનો ઓછો ઉપયોગ કરીને સુભાષ પાર્લેકર આધારિત પ્રાકૃતિક ખેતી કરતા થાય તે સમયની માંગ છે. આ ખેતીના કારણે ઓછા ખર્ચે વધુ ઉત્પાદન મેળવી શકાય છે. જેના કારણે પોતાના પરિવારની સાથે સમાજના લોકોની તંદુરસ્તી પણ જળવાઈ રહેશે. જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ પ્રિતિબેન પટેલે જિલ્લાના ખેડુતોને જિલ્લા પંચાયતના સ્વભંડોળમાંથી ખેડુતોને આપવામાં આવેલ વિવિધ સાધન સહાય તથા તાલીમની વિગતો આપી હતી.

કૃષિ મેળામાં ત્રણેક મહિના પહેલા પ્રાકૃતિક ખેતીની તાલીમ લઈ ખેતી કરતા મહુવા તાલુકાના ખેડુત એવા પ્રકાશભાઈ પટેલે પોતાના અનુભવો વર્ણવતા જણાવ્યું કે, રાસાયણિક ખાતરોના અતિરેકના પરિણામે મારી જમીન ખૂબ જ કડક થઈ છે. જેમાં ટ્રેકટર પણ મુશ્કેલીથી ચલાવી શકીએ છીએ. પરંતુ હવે હું સુભાષ પાલેકરની પ્રાકૃતિક ખેતી તરફ વળ્યો છું. લોકોના મનમાં ખોટી લઘુતાગ્રંથિ બંધાયેલી છે કે, રાસાયણિક ખાતર વગર પાક થાય નહી, પરંતુ આ વાત સરાસર અસત્ય છે. પ્રાકૃતિક ખેતી દ્વારા પાકની ગુણવત્તાની સાથે ઉત્પાદનમાં વધારો થાય છે. એક દેશી ગાયના આધારે થતી આ ખેતીના પરિણામે આપણે ઝેરમુકત રાસાયણિક ખાતરોની ચુંગાલમાંથી બચી શકીશું. જો આવનારી પેઢીને તંદુરસ્ત રાખવી હશે તો પ્રાકૃતિક ખેતી કર્યા વિના છુટકો નથી. ઘર, આંગણામાં શાકભાજી ઉગાડીને પૌષ્ટિપક અને ગુણવત્તાસભર ખોરાક મેળવવાનો અનુરોધ તેમણે કર્યો હતો.

આ વેળાએ તાલુકા પંચાયતના પ્રમુખ શ્રીમતિ રમીલાબેન રાઠોડ, ઉત્પાદન સહકાર સિં.સમિતિના અધ્યક્ષશ્રી સામસિંગભાઈ વસાવા, અગ્રણીશ્રી ભાવેશભાઈ પટેલ, રાજુભાઈ પટેલ, ભાવિનીબેન પટેલ, રીનાબેન, દેવુભાઈ ચૌધરી, જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી કમલેશ પટેલ, નાયબ બાગાયત નિયામકશ્રી ડી.કે.પડાલીયા, નાયબ ખેતી નિયામક(તાલીમ) અને આત્માના પ્રોજેકટ ડાયરેકટરશ્રી એન. કે. ગાબાણી તેમજ મોટી સંખ્યામાં ખેડુતો ઉપસ્થિત રહ્યા હતા.

વ્યાજે લીધેલા રૂપિયાના બદલામાં શારીરિક સંબંધ બાંધવા દબાણ થતાં મહિલાએ ફીનાઈલ પીધું

સુરત

અઠવાલાઈન્સ ખાતે પોલીસ કમિશનર કચેરીમાં એક મહિલાએ ફીનાઈલ પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. ત્યારબાદ ખાનગી વાહનમાં મહિલાને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. હાલ મહિલાની સારવાર ચાલી રહી છે. મહિલાએ આપઘાતનો પ્રયાસ વ્યાજખોરોના ત્રાસથી કર્યો હોવાનું અનુમાન કરવામાં આવી રહ્યું છે. રૂપિયાના બદલામાં શારીરિક સંબંધ બાંધવા દબાણ થતાં મહિલાએ આપઘાતનો પ્રયાસ કર્યાનું સુત્રો દ્વારા જાણવા મળી રહ્યું છે.

પોલીસ કમિશનર કચેરીએ મૂળ નવસારીની રહેવાસી મહિલા પોલીસ કમિશનર કચેરી આવી હતી. પોલીસ કમિશનર કચેરીએ ફિનાઈલ પીવાની કોશિષ કરી હતી ત્યારે પોલીસે તેને ફિનાઈલ પીતી રોકવાનો પ્રયાસ કર્યો હતો.રોકવા છતાં મહિલા ફિનાઈલ પી ગઈ હતી. જેથી તેને ખાનગી વાહનમાં સારવાર માટે ખસેડવામાં આવી હતી. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ મહિલાએ વ્યાજખોરોના ત્રાસથી તથા શારીરિક સંબંધ બાંધવાની માંગણીને લઈને આ પગલું ભર્યું છે. કમલેશ કહાર અને રાજેશ કહાર બન્ને ભાઈઓ પાસેથી વ્યાજે ૩ લાખ લીધા બાદ નવ લાખ પરત આપી દીધા હોવા છતાં રૂપિયાની માંગ કરવામાં આવતી હોવાથી મહિલાએ આપઘાતનો પ્રયાસ કર્યો હોવાનું સુત્રોએ જણાવ્યું હતું.

ચાલક રીંગ લોક સાથેની રીક્ષા લઈને ફરાર થતા ફરિયાદ નોંધાઈ

સુરત

વરાછા લાભેશ્વર ચોક નજીક રસ્તા વચ્ચે ટ્રાફિકને અડચણ રૂપ પાર્ક ઓટો રીક્ષામાં ટ્રાફિક પોલીસે મારેલું રીંગ લોક સાથે ચાલક રીક્ષા લઈને ચાલ્યો જતા આ અંગે વરાછા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાય છે.

શહેર પોલીસની ટ્રાફિક શાખાના સર્કલ ૨ના રીજીયન ૧માં ફરજ બજાવતા હે. કો. મહેશ વામનરાવ હત રોજ દિવસ દરમ્યાન સ્ટાફ સાથે વરાછા વિસ્તારમાં ટ્રાફિકને અડચણ રૂપ વાહનોને લોક મારવાની કામગીરી કરી રહ્યા હતા તે દરમ્યાન વરાછા લાભેશ્વર ચોકી સામે રસ્તાની વચ્ચે ટ્રાફિકને અડચણ રૂપ ઓટો રીક્ષા નં. જીજે-૫ એવી-૦૯૮૮ પાર્ક હોવાથી તેના ચાલકની શોધખોળ કરી હતી.

પરંતુ ચાલક નહિ મળતા હે. કો મહેશે રીક્ષાના આગળના વ્હીલમાં રીંગ લોક માર્યુ હતું અને રીક્ષાના કાચ પર બોમ્બે માર્કેટ ગોડાઉન ઉપર આવવું એવું લખેલું સ્ટીકર ચોંટાડયું હતું. પરંતુ રાત્રે ૮.૩૦ કલાક સુધી રીક્ષા ચાલક ગોડાઉન પર આવ્યો ન્હોતો. જેથી હે. કો મહેશ વામનરાવે પુનઃ લાભેશ્વર ચોકી પાસે જઈ રીક્ષાની શોધખોળ કરતા જાણવા મળ્યું હતું કે રીક્ષા ચાલક રીંગ લોક સાથેનું વ્હીલ કાઢીને લઈ ગયો છે.

જેથી આ અંગે હે. કો મહેશ વામનરાવે ઓટી રીક્ષા નં. જીજે-૫ એવી-૦૯૮૮ના ચાલક વિરૂધ્ધ સરકારી રીંગ લોકની ચોરીની ફરિયાદ નોંધાવી હતી. પોલીસે રીક્ષાના રજીસ્ટ્રેશન નંબરના આધારે રીક્ષા ચાલક સુધી પહોંચવાની કવાયત હાથ ધરી છે.

માર્ચ મહિનામાં સમસ્ત બ્રાહ્મણ સમાજ સુરતનો જીવન સાથી પસંદગી મેળો

લગ્ન ઉત્સુક યુવક-યુવતીઓએ નિર્ધારિત મુદ્દતમાં ફોર્મ ભરી દેવા

સુરત

તા. ૨૯ માર્ચ ૨૦૨૦નાં રવિવારના રોજ સવારે ૮.૩૦ થી સુરત મ્યુનિસિપલ કોમ્યુનિટી હોલ, દિવાળી બાગ સોસા. પાસે , રૂષભ ટાવર સામે અડાજણ પાટીયા, રાંદેર રોડ, સુરત મુકામે ભરાશે. જેમાં ઉમેદવારી નોંધાવવા માટેના ફોર્મ નીચેની જગ્યાએથી મળશે. ભરેલા ફોર્મ સ્વીકારવાની છેલ્લી તા. ૦૫.૦૩.૨૦૨૦.

સમાજનું કાર્યાલય, યુજી-૨૨ , સંઘવી ટાવર, ગુજરાત ગેસ સર્કલ પાસે, અડાજણ રોડ, સુરત ઓફિસ સમય સોમવારથી શનિવાર બપોરે ૩.૩૦ થી ૫.૩૦ ટે.ના. ૦૨૬૧-૨૭૮૨૬૩૭, મો. નં. ૮૧૪૧૮૮૮૦૬૬. શ્રી તરૂણભાઈ દવે, ચાન્સેલર બિલ્ડિંગ, બીજો માળ, કૃષિ મંગલ હોલ સામે, મજુરાગેટ, રીંગ સુરત, મો. ૦૨૬૧-૨૬૬૭૬૫૫ , સમય સવારે ૧૧.થી સાંજે ૫. શઅરી રાજેશ જાની, આમલીરાન, સંસ્કૃત પાઠશાળાની સામે, અંબાજી રોડ, સુરત નંબર. ૦૨૬૧-૨૪૨૮૦૧૬, મો. નં ૯૮૨૫૮૦૨૬૦૦. શ્રી નરેશભાઈ જાની, શિવમ બુક સ્ટોલ, સરગમ શોપીંગ સેન્ટર, દુકાન નં ૧, ઈચ્છાનાથ રોડ સુર. ફોન-૦૨૬૧૦૨૨૨૯૨૬૪, મો. નં ૯૮૯૮૧-૩૩૦૪૦, શ્રી કિશોરભાઈ એલ.શુકલ, ૧૦ મહાવીર નગર સોસાયટી, સાંઈબાબા પેટ્રોલ પંપ સામે, અમરોલી રોડ, કતારગામ, સુરત-૪મો. નં. ૯૮૨૫૮૭૦૨૧૮. શ્રી સુર્યકાંતભાઈ પુરોહિત, ૪૭, પુષ્પક કો.ઓ.હા.સોસાયટી, આઈ.એન.ટેકરાવાલા સ્કુલ પાસે, રાંદેર રોડ, સુરત. મો. નં ૯૮૭૯૧ ૦૪૪૧૫. સમસ્ય બ્રાહ્મણ સમાજ સુરતના જીવનસાથી પસંદગી સમ્મેલનની માહિતી પુસ્તકમાં જાહેર ખબર આપવા ઓફીસ ઉપર સંપર્ક કરવો.

૧૫મીએ વસ્તી ગણતરી સંકલન સમિતિની બેઠક

વલસાડ જિલ્લામાં વસતિ ગણતરી-૨૦૨૧ની કામગીરીના પ્રશ્નો)ના નિરાકરણ માટે જિલ્લા કક્ષાની વસતિ ગણતરી સંકલન સમિતિની બેઠક તા.૧૫/૨/૨૦૨૦ના રોજ બપોરે ૩-૦૦ કલાકે કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે મળશે. આ બેઠકમાં સંબંધિત અમલીકરણ અધિકારીઓને હાજર રહેવા નિવાસી અધિક કલેક્ટર એન.એ.રાજપૂત દ્વારા જણાવાયું છે.

વસીમ બિલ્લા હત્યા પ્રકરણ

રાજસ્થાન-મહારાષ્ટ્ર ગયેલી સુરત પોલીસ તપાસ ટીમ પરત આવી

આરોપીઓના રોકાણ અંગેના સંખ્યાબંધ પુરાવા પોલીસે એકત્ર કર્યા

સુરત

ઝાંપાબજારના માથાભારે વસીમ બિલ્લા હત્યા કેસમાં રાજસ્થાન, ઓરિસ્સા અને મહારાષ્ટ્ર ખાતે મોકલવામાં આવેલી પોલીસની ટીમો સુરત ખાતે પરત થઈ ગઈ હોવાનું તપાસ કરનારા અધિકારી પીએસઆઈ કિર્તિપાલે જણાવ્યું હતું. જ્યારે ઓરિસ્સા આરોપીઓના આશ્રય સ્થાનો શોધવા માટે પહોંચેલી પોલીસની ટીમનો પડાવ હજુ ત્યાં જ હોવાનું તેમણે જણાવ્યું હતું.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર શહેરના માથાભારે અને ખંડણીખોર વસીમ બિલ્લાની ગત ૨૪મી જાન્યુઆરીના રોજ સાંજના સુમારે નવસારી-છાપરા રોડ પર ફાયરિંગ કરી ઘાતકી હત્યા કરી નાંખવામાં આવી હતી. પોલીસે આઈપીસી ૩૦૨ તથા આર્મ્સ એક્ટનો ગુનો નોંધી બે શાર્પ શૂટર સહિત ત્રણ ઈસમોની ધરપકડ કરી હતી. પોલીસે હથિયાર અને તેના આશ્રય સ્થાનોની તપાસ માટે વિવિધ ટીમો ત્રણ રાજ્યોમાં મોકલવામાં આવી હતી. તે સુરત ખાતે પરત આવી ગઈ હોવાનું જાણવા મળ્યું હતું.

સૂર્યા મરાઠીની ઓફિસની અંદર સીસીટીવી કેમેરા નથી : પોલીસ

આરોપીઓ પકડાયા બાદ પ્રથમ હુમલો કરનાર અંગે માહિતી જાણવા મળશે

સુરત

વેડરોડ અખંડ આનંદ કોલેજ ઓમસાંઈ એપાર્ટમેન્ટ ખાતે રહેતા સૂર્યા મરાઠાની ઓફિસની ચેમ્બરમાં કોઈ સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા નથી. જોકે, આખી પ્રિમાઈસીસમાં અંદાજે ૧૨ સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા હોવાની વાત ચોકબજાર પોલીસ મથકના પીઆઈ એ.એ. ચૌધરીએ જણાવી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મંગળવારે બપોરે વેડરોડ અખંડ આનંદ કોલેજ પાસે આવેલ ઓમ સાંઈ એપાર્ટમેન્ટમાં રહેતાં અને શહેરના માથાભારે ટપોરી સૂર્યા મરાઠી પર ૬થી ૭ ઈસમોએ ઘાતક હથિયારો સાથે ધસી જઈ જીવલેણ હુમલો કરી હત્યા કરી નાંખી હતી. ચોકબજાર પોલીસે વાઉચર અમોલની ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી હતી. જોકે, આ બિલ્ડિંગમાં અંદાજે ૧૨ સીસીટીવી કેમેરા લગાડવામાં આવ્યા હતા. આ કેમેરા પૈકી એક પણ કેમેરો સૂર્યા મરાઠીની ચેમ્બરમાં નહીં લગાડાયો હોવાની વાત તેમણે જણાવી હતી. હાર્દિક પર હુમલો કોણે કર્યો ? તેની સાચી હકીકત આરોપીઓ પકડાયા બાદ તેઓના નિવેદનથી જ બહાર આવશે.

સૂર્યા મરાઠી-હાર્દિક પટેલ હત્યા કેસમાં પોલીસે ૬૦ શકમંદોની પૂછપરછ કરી

માથાભારે તત્ત્વોની લડાઈનું મૂળ કારણ જાણવા પોલીસના પ્રયાસો

સુરત,

સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં હાહાકાર મચાવનારા માથાભારે સૂર્યા મરાઠી તથા હાર્દિક પટેલની બેવડી હત્યા પ્રકરણમાં ચોકબજાર પોલીસે ૬૦થી ૭૦ શંકાસ્પદ ઈસમોની અટક કરી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર આજથી ચારેક દિવસ પહેલાં મનુ ડાહ્યા હત્યા કેસમાં નિર્દોષ છુટેલા સૂર્યા મરાઠીએ તેના એક સમયના ખાસ મિત્ર હાર્દિક પટેલની પત્નીની નવરાત્રિના દિવસો દરમ્યાન છેડતી કરી હતી. આ બાબતે હાર્દિક તથા સૂર્યા મરાઠી વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. છેવટે હાર્દિક તેનું ઢીમ ઢાળી દેવાનો નિર્ણય લીધો હતો. મંગળવારના રોજ હાર્દિક તથા તેના સાગરીતો લઈને સૂર્યા મરાઠી પર હુમલો કરી હત્યા કરી નાંખી હતી. ચોક પોલીસે આઈપીસી ૩૦૨ મુજબનો ગુનો નોંધી ૬૦ થી ૭૦ શકમંદોની અટક કરી પૂછપરછ શરૂ કરી હતી. જોકે, સંખ્યાબંધ હુમલાનો ભોગ બનેલા સૂર્યાએ જ હાર્દિકની હત્યા કરી છે કે કેમ ? કે પછી હાર્દિકના માણસો દ્વારા કરવામાં આવી તેનો જવાબ આરોપીઓ ઝડપાયા બાદ જ ખબર પડશે.

ડ્રગ્સ-ફુડ વિભાગ દ્વારા મેળવાયેલા સેમ્પલ પૈકીના સાત નમુના નાપાસ

સેમ્પર સબ સ્ટાન્ડર્ડ જણાતા વેપારીઓ સામે કેસ

વલસાડ

ખોરાક અને ઔષધ નિયમન તંત્ર વલસાડ દ્વારા ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ-૨૦૦૬ અને તે અન્વયેના નિયમો તથા રેગ્યુલેશન-૨૦૧૧ હેઠળ માહે જાન્યુઆરી-૨૦૨૦ના વલસાડ જિલ્લાના મ્યુનિ. વિસ્તારના જુદા જુદા સ્થળોએથી ફુડ ઈન્સ્પેક્ટ ર કે. જે. પટેલ અને ડી.એ.નાયક દ્વારા લેવાયેલા ૩૬ અને અગાઉના બાકી ૩૨ નમૂનાઓ પૈકી ૪૨ નમૂનાઓ પાસ અને ૭ નમૂનાઓ નાપાસ થયા હતા.

નાપાસ થયેલા નમુનાઓ પૈકી જબ્બામર ચંદનસિંહ રાજપુરોહિત, (એફ.બી.ઓ. અને મેનેજર) હોટલ પુરોહિત, ગીરીનગર, બસ સ્ટોપ નજીક, મુ.સાપુતારા, તા.આહવા જી.ડાંગ પાસેથી લીધેલા ઘી(લુઝ)ના નમુના સબસ્ટાન્ડર્ડ, સતીષા મહાબાલા શેટ્ટી, (એફ.બી.ઓ., વેન્ડાર અને મેનેજર) ઉષા કેટરર્સ, રેમન્ડ લી. ખડકી-મધુરી, પારડી. જી-વલસાડ પાસેથી લીધેલા દહીં (લુઝ)ના નમુના સબસ્ટાન્ડર્ડ, જે.પી.ફુડસ (બુધ્ધાસ પીઝા) તીથલ રોડ જી-વલસાડ પાસેથી લીધેલા શેઝવાન સોસ(લુઝ)ના નમુના સબસ્ટાન્ડર્ડ તથા જશારામ પુનમાજી પ્રજાપતિ, મે.ગીતા ખમણ હાઉસ, દુકાન નં-૮, ૯, વ્રજભુમી કોમ્પ., જયશ્રી કોમ્પ.ની પાસે, ચલા, દમણ રોડ, વાપી પાસેથી લીધેલા ગ્રાઉન્ડ નટ ઓઈલ (લુઝ)ના નમુના સબસ્ટાન્ડર્ડ જણાતા આ તમામ વેપારીઓ સામે એફ.એસ.એ. એક્ટ,-૨૦૦૬ હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યાલ છે.

કયુબા બેકર્સ, ભાગડાવાડા, વલસાડ પાસેથી લીધેલા સ્પેશીયલ ઈરાની બટર ૫૦૦ ગ્રામ પેક.ના નમુના મીસબ્રાન્ડેડ, એસ. પી. સુપર સ્ટો ૨, ૯૧૪/૩,૯૧૪/૪, કાકવાડી, જીવનજયોત ફળીયા, વાયા ડુંગરી,વલસાડ પાસેથી લીધેલા પ્લેમટેનીયમ પ્રીમીયમ જહીદી ડેટસ (ખજુર) ૫૦૦ ગ્રામ પેક.ના નમુના મીસબ્રાન્ડેડ૪ડ, વેરસીંગ દીપસીંગ રાજપુત વિરાત્રા જનરલ સ્ટોર, દેગામ રોડ, ડુંગરી ફળીયા, ડુંગરા, વાપી પાસેથી લીધેલા સોનપાપડી ૪૦૦ ગ્રામ(પેક) નમુના મીસબ્રાન્ડેડ જણાતા આ તમામ વેપારીઓ સામે એફ.એસ.એ. એક્ટ૨-૨૦૦૬ હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યા છે.

શિવરાત્રી નિમિત્તે લોક મેળા માટે વધારાની બસો દોડતી કરાશે

એસ.ટી.નિગમે આગોતરુ આયોજન કર્યું

વલસાડ

મહાશિવરાત્રી નિમિત્તે કછોલી(ગંગેશ્વર), ઘડોઈ, ભૈરવી-ખેરગામ, શુકલેશ્વર (અનાવલ), બાલચોંડી અને બરૂમાળ શ્રી સદગુરૂધામ(ધરમપુર) ખાતે તા.૨૧-૦૨-૨૦૨૦, વાંસકુઈ મહુવા ખાતે ગોળીગરના મેળા તા.૦૮-૦૩-૨૦૨૦ તથા સુથારપાડા ખાતે તા.૦૮-૦૩-૨૦૨૦ થી ૧૦-૦૩-૨૦૨૦ દરમ્યોન લોકમેળામાં દર્શનાર્થીઓને જવા-આવવા માટે વલસાડ એસ.ટી.વિભાગ દ્વારા નવસારી, બીલીમોરા અને ધરમપુર ડેપોથી વધારાની બસો દોડાવવામાં આવશે. જેમાં સુથારપાડા મેળો 'લોકલ' ભાડાથી અને ગોળીગર મેળા માટે 'એક્ષપ્રેસ' ભાડાથી વધારાની બસો દોડાવવામાં આવશે તથા ડેપો દ્વારા મુસાફરોના પ્રમાણમાં વધારાની એસ.ટી.બસોનું સંચાલન કરવામાં આવશે. જેનો લાભ તમામ મુસાફર જનતાને લેવા વિભાગીય નિયામક એસ.ટી.વલસાડ દ્વારા જણાવાયું છે.

માર્ગ સલામતી અંગે આરટીઓ દ્વારા શેરી નાટકોની ભજવણી

સુરત

સુરત આર.ટી. ઓ. દ્વારા સુરતવાસીઓને શેરી નાટકો ભજવીને માર્ગ સલામતીનું મહત્વ સમજાવતી જન જાગૃતિ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જે સંદર્ભે રેલવે સ્ટેશન પાસે જાહેર માર્ગ પર સુરત આર.ટી. ઓ. અને વાત્સલ્ય વિલા નાટક કંપની દ્વારા માર્ગ સલામતી અને ટ્રાફિક નિયમ પાલન અંગેનું નાટક ભજવી સુરતવાસીઓને જાગૃત કરાયા હતા. નાટક દ્વારા ૩૫૦ થી વધુ નાગરિકોને વાહન ચલાવતા સમયે ટ્રાફિક નિયમોનું પાલન કરે, હેલ્મેટ અને સીટ બેલ્ટનો ઉપયોગ કરે તેમજ ટ્રાફિક પોલિસને સહયોગ આપે તે માટે પ્રેરિત કરાયા હતા. નાટક પૂર્ણ થયા બાદ આર.ટી.ઓ.ના રોડ સેફટી ટ્રેનર શ્રી મહેશ પરમાર દ્વારા ટ્રાફિક જનજાગૃતિ વિષયક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

મગોબમાં દારૂ ભરેલી ગાડી પોલીસે ઝડપી

સુરત

મગોબ વિસ્તારમાંથી પુણા પોલીસે ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો ભરેલી ગાડી જપ્ત કરી હતી. પોલીસે દારૂનો જથ્થો, ગાડી અને મોબાઈલ ફોન મળી કુલ રૂા.૩,૩૧,૪૦૦ની કિંમતનો મુદ્દામાલ કબજે કરી ગાડી ચાલકની ધરપકડ કરી હતી. પુણા પોલીસે મગોબ પાસે બોલેરો ગાડી નંબર જીજે-૨૦-એક્સ-૦૯૨૧ જપ્ત કરી દારૂનો જથ્થો કબજે કર્યો હતો. પોલીસે કુલ રૂા.૩,૩૧,૪૦૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી ગાડી ચાલક દિનેશગીરી અમરગીરી ગોસ્વામીની ધરપકડ કરી હતી. જ્યારે સંજય નામના વ્યક્તિને વોન્ટેડ જાહેર કરાયો હતો.

તા.૧૮એ શ્રી સિંધ્ધાવૈ માતા મંદિરનો ૨૧મો પાટોત્સવ

શ્રી સિંધ્ધાવૈ માતાજી મંદિર, ઊંટડી ખાતે મંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા નો ૨૧મો પાટોત્સવ તથા નવચંડી યજ્ઞનું આયોજન તા.૧૮-૦૨-૨૦૨૦ મંગળવારના રોજ કરવામાં આવ્યું છે. જેમાં સવારે ૦૮.૦૦ કલાકે યજ્ઞ પ્રારંભ, ૦૨.૦૦ કલાકે જળયાત્રા, સાંજે ૦૫.૦૦ કલાકે યજ્ઞ પૂર્ણાહુતિ તથા સાંજે ૦૫.૩૦ કલાકે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં જાહેર જનતાને લાભ લેવા શ્રી સિંધ્ધાવૈ માતાજીના મંદિર કમિટિ, નવયુવક પ્રગતિ મંડળ, ઉંટડી તથા સમગ્ર ગ્રામજનો દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

તા.૧૫મીએ વલસાડ જિલ્લા ટાસ્કફોર્સ કમિટિની બેઠક મળશે

વલસાડ જિલ્લામાં બેટી બચાવો, બેટી પઢાઓ યોજનાના અસરકારક અમલીકરણ, તેમજ યોજનાની સમીક્ષા માટે બનાવાયેલી જિલ્લા ટાસ્કફોર્સ કમિટિની બેઠક વલસાડ કલેક્ટર સી.આર.ખરસાણની અધ્યક્ષતામાં તા.૧૫/૨/૨૦૨૦ના રોજ સાંજે ૪-૦૦ કલાકે કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે મળશે. આ બેઠકમાં સંબંધિત અમલીકરણ અધિકારીઓને હાજર રહેવા મહિલા અને બાળ અધિકારી વલસાડ દ્વારા જણાવાયું છે.

કલગામના હનુમાન મંદિરનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના કલગામ ખાતે સુપ્રસિદ્ધ હનુમાન મંદિરના પાટોત્સવ અવસરે વન અને આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી રમણલાલ પાટકરે આપી હનુમાનજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. ભાવિક ભક્તોના આસ્થાનું કેન્દ્ર એવા આ મંદિરના પાટોત્સવમાં હજજારો શ્રદ્ધાળુઓએ ભાગ લઈ આશીર્વાદ મેળવ્યા હતા. મંત્રીશ્રીની મુલાકાત વેળાએ વાપી નગરપાલિકા ચીફ ઓફિસર દર્પણ ઓઝા, સરપંચ દિનેશભાઈ, કેન્દ્રિય એફ.સી.આઈ.ના સભ્ય હિતેશ સુરતી, અગ્રણી મહેશભાઈ ભટ્ટ, મુકેશભાઈ પટેલ વગેરે હાજર રહ્યા હતા.

સિવિલમાં સારવાર લેતી બાળકીને વોર્ડમાં છોડી તેના માતા-પિતા ફરાર, નવજાતનું મોત

સુરત

સુરત શહેરમાં નવજાત બાળકોના રસ્તે રઝળતી હાલતમાં નિષ્ઠુર માતા સહિતના વ્યક્તિઓ દ્વારા તરછોડવાના કિસ્સા વધી રહ્યા છે ત્યારે હવે સુરત નવી સિવિલ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલી બાળકીને વધુમાં તેના માતા-પિતા તરછોડી ગયા હતા બાદમાં બાળકીનું સારવાર દરમિયાન ગઈકાલે રાત્રે મોત નીપજ્યું હતું.

નવી સીવીલ હોસ્પિટલથી મળેલી વિગત મુજબ દમણના ભીમપુરગામમાં રહેતી ૩૦ વર્ષીય રજનીદેવી બ્રિજેશ યાદવની ૧૧ દિવસની પુત્રીનું રાત્રે નવી સિવિલ હોસ્પિટલમાં એનઆઈસીયુમા સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે રજનીદેવીની દમણ રોડની હોસ્પિટલમાં ગઈ તા ૨જી પ્રસુતિ થઈ હતી.

જો કે બાળકીને આતરડા તકલીફ હોવાથી ગઈ તારીખ ચોથી રાત્રે વધુસારવાર માટે તેની માતા અને પિતા સુરત નવી સિવિલ હોસ્પિટલમાં લઈને આવ્યા હતા જ્યાં બાળકીની ડોક્ટરે એનઆઈસીયુમાં દાખલ કર્યા બાદ માતા-પિતા બાળકીને વોર્ડમાં છોડીને ક્યા ભાગી ગયા હતા જેથી બાળકીની સારવાર સાથે સાર સંભાર વોર્ડમાં ડોક્ટર અને નર્સ દ્વારા કરવામાં આવતી હતી શું કે કેસપેપર લખાવેલા મોબાઈલ નંબર પર માતા પિતા નો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો પણ તેમનો સંપર્ક થઈ શકયો ન હતો આખરે બાળકીને વોર્ડમાં છોડી ગયા હોવા અંગે વોર્ડના ડોક્ટરે ખટોદરા પોલીસને જાણ કરી હતી જેથી ખટોદરા પોલીસે આ અંગે ફરિયાદ નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

સુરત શહેરની શાળાઓમાં માતા-પિતાની પૂજા કરી વેલેન્ટાઈન દિવસની ઉજવણી

વેલેન્ટાઈન ડે નિમિત્તે સ્કૂલોમાં વાલીઓને તેડાવાયા : વેલેન્ટાઈન ડે ઉજવણી સાથે પુલવામા હુમલાના શહીદ વીરોને શ્રદ્ધાંજલી અર્પણ કરાઈ

સુરત

૧૪મી ફેબ્રુઆરીના વેલેન્ટાઈન ડેના દિવસે શહેરની શાળાઓમાં વિદ્યાર્થીઓ માતા-પિતાનું પૂજન કરીને પ્રેમનો દિવસ મનાવી રહ્યા છે. દેશભરમાં ૧૪મી ફેબ્રુઆરીએ લોકો 'વેલેન્ટાઈન ડે'ની ઉજવણી કરતા હોય છે. તેવામાં ભારતમાં પણ લોકો મોટી સંખ્યામાં 'વેલેન્ટાઈન ડે'ની ઉજવણી કરતા હોય છે. આમ, ભારતીય સંસ્કૃતિ ભૂલાય રહ્યા હોવાનું જણાય આવતા જિલ્લા શિક્ષણાધિકારી એચ. એચ. રાજયગુરૂએ શહેરની તમામ શાળાને ૧૪મી ફેબ્રુઆરીએ માતા-પિતા દિવસ મનાવવાનો આદેશ કર્યો હતો. જેથી શાળાઓમાં આજે માતા-પિતા પૂજનનો કાર્યક્રમ રાખી વેલેન્ટાઈન ડેની ઉજવણી કરવામાં આવી હતી.

ગત શિક્ષણાધિકારીના પરિપત્ર બાદ આજે વેલેન્ટાઈન ડે નિમિતે શહેરની શાળાઓમાં માતા-પિતા પૂજન કરી ઉજવણી કરવામાં આવી રહી છે. શહેરમાં આવેલી પ્રેસિડેન્સી શાળામાં માતા-પિતાનું પૂજન કરી વેલેન્ટાઈનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં વાલીઓ સ્કૂલે હાજર રહ્યા હતા અને ડીઈઓના પરિપત્રને સમર્થન આપ્યું હતું. આ સાથે જ વિદ્યાર્થીઓ અને વાલીઓ દ્વારા સમાજની દરેક વ્યક્તિ અને રાષ્ટ્રને પ્રેમ કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. દરમિયાન બાળકો, વાલી. શિક્ષકો દ્વારા પુલવામાં શહિદ થયેલા સૈનિકોને શ્રદ્ધાંજલિ પણ અપાઈ હતી.

પરિપત્રમાં લખાયું હતું કે, શાળાએ દસ વાલી દંપતીને આમંત્રણ આપવાનું રહેશે. આ સાથે શિક્ષણ સમિતિના સભ્ય, કોર્પોરેટર, શિક્ષણવિદો કે કોઈ સમાજના મુખ્યાને પણ આમંત્રણ આપવાનું રહેશે. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ માતા-પિતાને તિલક કરી હાર પહેરાવીને પ્રદક્ષિણા કરીને મો મીઠું કરાવીને પૂજન કરવાનું રહેશે. તે સાથે વિદ્યાર્થી અને વાલીઓ સંસ્કૃતિ અને જીવનનું મહત્વ સમજાતું વ્યક્તવ્ય રજૂ કરશે. તે સાથે કાર્યક્રમના ફોટા શાળાએ જિલ્લા શિક્ષણાધિકારીને મોકલવાના રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી એચ. એચ. રાજયગુરૂએ જણાવ્યું હતું કે, ૧૪મી ફેબ્રુઆરીના દિવસે ઘણા ભારતીય યુવાધન અને બાળકોમાં ભારતીય સંસ્કૃતિ ભૂલાય રહ્યા હોવાનું જણાય આવે છે. જેથી બાળકોને બાળપણથી જ ભારતીય સંસ્કૃતિ સમજતા થાય અને ભગવાન સમાન માતા-પિતાનું મહત્વ સમજે, તેમને આદર આપે, તેમને તરછોડવા કે પછી ઘરડા ઘરમાં મોકલવાની ઘટનાઓમાં ઘટાડો થાય, તેવાં શુભ આશયથી તમામ શાળાઓને પરિપત્ર કરીને માતા-પિતા પૂજન દિવસ મનાવવાનો આદેશ કર્યો હતો.



ડેડીયાપાડામાં નરેગાના કામ બાબતે રીસ રાખી લગ્નના વરઘોડામાં એક પર હુમલો કરી મારી નાંખવની ધમકી



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જીલ્લાના ડેડીયાપાડા ના પાનુંડા ગામ માં લગ્ન ના વરઘોડા દરમિયાન એક પર હુમલો કરી જાન થી મારી નાંખવાની ધમકી આપી હોવાની ફરિયાદ થઈ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર પાનુડા ગામમાં રહેતા રોશનભાઈ નાનુભાઈ વસાવા એ આપેલી ફરિયાદ મુજબ તે ગામમાં રાજકુમાર રમેશભાઈ વસાવાના લગ્નમાં ગયેલ તે વખતે (૧) સતીષ ભાઈ ભગાભાઈ વસાવા (૨) રાકેશભાઈ ભંગાભાઈ વસાવા(૩) સતીષભાઈ રૂપસીગભાઈ વસાવા ત્રણેય રહે. પાનુડા તા. દેડીયાપાડા જી.નર્મદા તથા(૪) અર્જુનભાઈ વિરજીભાઈ વસાવા રહે ખરચીપાડા તા દેડીયાપાડા જી.નર્મદા એ નરેગાના કામ બાબતે ની રીસ રાખી રોશન વસાવા વરઘોડા માં નાચતા હતા તે વખતે સતીષભાઈ રૂપસિંગ વસાવા એ ધક્કો મારતા ધક્કો કેમ મારે છે તેમ કહેતા તેની સાથે ના સતીષભાઈ ભગાભાઈ વસાવા,રાકેશભાઈ ભંગાભાઈ વસાવા અને અર્જુનભાઈ વિરજીભાઈ વસાવા ત્યાં આવી રોશનભાઈને વરઘોડા માંથી બાજુમાં લઈ જઈ ઢાકીપાટુનો માર મારી ગાળો બોલી ત્યારબાદ સતીષ વસાવા એ નજીકમાં પડેલ લાકડુ માથામાં મારી ઈજા કરી જાનથી મારી નાંખવાની ધમકી આપી એકબીજાની મદદગારી કરતા આ બાબતે રોશન વસાવા ની ફરિયાદ ના આધારે પોલીસે ચાર વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

અકસ્માત અંગે બસ ડ્રાઈવરે મોપેડ સવારને સળીયાથી માર્યો

લક્ઝરી બસના ડ્રાઈવરે બે વખત મોપેડને ટક્કર મારી

સુરત

કાપોદ્રા વિસ્તારમાં લક્ઝરી બસવાળાની ગુંડાગીરી બહાર આવી હતી. મોપેડ ચાલકને બબ્બે વખત ટક્કર મારતા મોપેડ ચાલક કહેવા જતાં શ્રી ગાયત્રી ટ્રાવેલ્સની લક્ઝરી બસના ચાલકે મોપેડ ચાલક ઉપર લોખંડના સળીયાથી હુમલો કરી માર માર્યો હતો. આ બનાવ કાપોદ્રા ફાયર સ્ટેશન પાસે બન્યો હતો.

મોપેડ ચાલક બાબુભાઈ કોરાટ રહે. માતૃછાયા બંગ્લોઝ, સરથાણાએ કાપોદ્રા પોલીસ સ્ટેશને લક્ઝરી બસ નં.જીજે-૧૪-ઝેડ-૦૧૯૫ના ચાલક વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ ફરિયાદી બાબુ કોરાટ પોતાની મોપેડ લઈને કાપોદ્રા ફાયર સ્ટેશન પાસેથી પસાર થતા હતા. ત્યારે બે વખત લક્ઝરી બસવાળાએ ટક્કર મારી હતી. આ અંગે મોપેડ ચાલક કહેવા જતા બસ ચાલકે લોખંડના પાઈપથી હુમલો કર્યો હતો કાપોદ્રા પોલીસે ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

રાજપીપળા શહેરમાં પુનઃ રખડતા ઢોરોનો આતંક વધ્યો



(ભરત શાહ દ્વારા) રાજપીપળા

રાજપીપળા શહેર માં રખડતા ઢોરો ની વધતી સમસ્યા માં આખલાઓ નો આતંક વધતા નગરજનો માટે જોખમરૂપ તો છે જ સાથે નગરપાલીકા માટે પણ હેડેક બની ચૂકેલી આ સમસ્યા બાબતે સરકારે કોઈ કડક કાયદો કે અન્ય વ્યવસ્થા ઉભી કરી કાયમી ઉકેલ લાવવો રહ્યો,ગતરોજ ફરી શહેર ના લીમડા ચોક વિસ્તારમાં આખલા નો આતંક જોવા મળ્યો જેમાં કેટલાક વાહનો અને દુકાનોને નુકસાન પહોચાડ્યું હતું. ખાસ કરીને શાળા એ જતા આવતા બાળકો ના સમયે આખલા યુદ્ધ થાય ત્યારે એ જીવલેણ સાબિત થઈ શકે છે માટે આ સમસ્યા નો કાયમી ઉકેલ જરૂરી છે.

રાજપીપળા એમ.આર.આર્ટસ એન્ડ સાયન્સ કોલેજમાં વેલેન્ટાઈન ડેની અનોખી ઉજવણી કરાઈ



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

૧૪ મી ફેબ્રુઆરીએ દેશભરમાં ગુલાબનું ફૂલ આપીને યુવક-યુવતીઓનો પ્રેમનો એકરાર કરી પશ્ચિમી સંસ્કૃતિનું અનુકરણ કરે છે.તેની સામે રાજપીપળાની એમ.આર.આર્ટસ એન્ડ સાયન્સ કોલેજના બધા કોલેજ ના વિદ્યાર્થીઓ એ પ્રાધ્યાપકો,પ્રિન્સિપાલ પ્રિન્સિપાલ શૈલેન્દ્રસિંહ માંગરોલાને ગુલાબના ફૂલ આપી કુમકુમ તિલક કરી ગુરુવંદના કરી વેલેન્ટાઈન ડે ની અનોખી ઉજવણી કરી હતી.આ દિવસે કોલેજના કમ્પાઉન્ડમાં કોલેજના તમામ પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓને ભેગા કરી ભરૂચ જિલ્લા આદિવાસી કેળવણી મંડળ અને સેવા સંઘના આદ્યસ્થાપક સ્વ.રત્નસિંહ મહિડાની પ્રતિમાને પુષ્પાંજલિ આપી તથા તમામ વિદ્યાર્થીઓએ પોતાના ગુરુજનોને કુમકુમ તિલક કરી ગુરુ વંદના કરી હતી.

કોલેજના પ્રિન્સિપાલ શૈલેન્દ્રસિંહ માંગરોલા જણાવ્યું હતું કે નર્મદા જિલ્લો પશ્ચિમી સંસ્કૃતિથી હજી ઘણી દૂર છે, અહીં અમારી કોલેજમાં વેલેન્ટાઈન ડે અલગ રીતે ઉજવાય છે.આ દિવસે અમારા વિદ્યાર્થીઓએ પોતાનો પ્રેમ ગુરુભાવ તરીકે વ્યક્ત કરી પોતાના એકરાર સ્વરૂપે ગુરુવંદનાના કાર્યક્રમમાં જોડાઈને વેલેન્ટાઈન ડેની ઉજવણી કરી હતી.

ડુમસના લારી-ગલ્લાઓનું દબાણ ખસેડવાના મુદ્દે વિરોધ પ્રદર્શન

સ્થાયી ચેરમેન ગોપલાણીએ અસરગ્રસ્તોને સમજાવતા વિરોધ કાર્યક્રમ મોકૂફ

સુરત

ડુમસ સીફેઝ ડેવલોપમેન્ટ માટે મહાનગરપાલિકા દ્વારા લારી ગલ્લાવાળાઓને ખસેડવાની કામગીરી કરતા અસરગ્રસ્તો દ્વારા ડુમસમાં બ્યુટીફિકેશન ઓપનિંગ કાર્યક્રમના વિરોધમાં ધરણા પ્રદર્શન યોજી કાળા વાવટા ફરકાવ્યા હતા. સ્થાયી અધ્યક્ષ અનિલ ગોપલાણી દ્વારા અસરગ્રસ્તોને સમજાવી બેઠક યોજવાની અપીલ કરી હતી.

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ મહાનગરપાલિકા દ્વારા ડુમસના દરિયા ખાતે સીફેઝ ડેવલોપમેન્ટ કામગીરી ચાલી રહી છે. આ કામગીરી દરમ્યાન દરિયા કિનારે લારી ગલ્લા ચલાવી રોજગારી મેળવતા સ્થાનિક લોકોને પાલિકા દ્વારા લારીગલ્લા ખસેડી લેવા માટે નોટીસ આપી છે. જેનો સ્થાનિક લોકોમાં ભારે વિરોધ સર્જાયો છે. આજે ડુમસ ખાતે પાલિકા દ્વારા નવનિર્મિત બ્યુટીફિકેશનનું ઉદ્ઘાટન કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં પાલિકાના તમામ પદાધિકારીઓ હાજર રહેવાના હોવાથી અસરગ્રસ્ત લારીગલ્લા વાળાઓ દ્વારા કાળા વાવટા ફરકાવી વિરોધ કરવાનો નિર્ણય લીધો હતો. સ્થાનિક કોર્પોરેટર અને સ્થાયી સમિતિ અધ્યક્ષ અનિલ ગોપલાણી દ્વારા અસરગ્રસ્તોને સમજાવી તમામને ન્યાય આપવાની ખાતરી આપી વિરોધ છોડી મનપા સાથે બેઠક યોજવા માટે જણાવ્યું હતું. મેયર સહિત મહાનુભવો ડુમસ બ્યુટીફિકેશન કાર્યક્રમમાં આવે તે પહેલાં અનિલ ગોપલાણીએ અસરગ્રસ્તોને સમજાવી લેવામાં સફળ થયા હતા.

સુરત રોબોટથી ગટરની સફાઈ કરનારું રાજ્યનું પ્રથમ શહેર બનશે

સુરત

ફાયર વિભાગમાં રોબોટનો ઉપયોગ કરવાના નિર્ણય બાદ હવે મહાનગર પાલિકા ડ્રેનેજની કામગીરી માટે પણ રોબોટનો ઉપયોગ કરશે. અત્યારસુધીમાં ભારત દેશના ૧૨ જેટલા શહેરોમાં ડ્રેનેજની સફાઈ માટે રોબોટ છે, પરંતુ ગુજરાતમાં રોબોટ ઉપયોગ કરનારી સુરત મહાનગર પાલિકા પહેલી બનશે. આ રોબોટની કિંમત ૪૦ લાખ રૂપિયા છે. સૌપહેલા માત્ર એક રોબોટની ખરીદી કરવામાં આવશે, ત્યાર બાદ તમામ ઝોન માટે એક એક રોબોટ ખરીદવામાં આવશે.

જૂના સુરત વિસ્તારમાં વર્ષો જૂની ડ્રેનેજ લાઈન હોવા ઉપરાંત હાલ વસ્તી અને વિસ્તાર વધતાની સાથે ડ્રેનેજ નેટવર્કમાં પણ વધારો થયો છે. હાલ શહેરમાં ૧૧૪ જેટલા મશીનથી કામગીરી કરવામા આવે છે. ૨૦૦૬થી સુપ્રીમ કોર્ટના આદેશ બાદ ડ્રેનેજના મેઈન હોલમાં કામદારોને



ઉતારવાનું બંધ કરાયું છે. તંત્ર દ્વારા સીસી કેમેરા સાથે સુપર સકર મશીન, સુવર જેટિંગ મશીન, ગલ્પર મશીન, ગ્રેબ બકેટ જેવી મશીનરીનો ઉપયોગ કરીને ડ્રેનેજ સફાઈની કામગીરી કરાવાય છે.

હવે ડ્રેનેજની કામગીરી વધુ સઘન બને તે માટે રોબોટિક ક્લિનિંગ કન્સેપ્ટ લાવી રહી છે. મુંબઈ મહાનગરપાલિકા દ્વારા રોબોટ મારફતે ડ્રેનેજની સફાઈ કામગીરી સારી રીતે કરાવાય છે. જેથી સુરત મ્યુનિ.એ પણ આવા રોબોટ ખરીદવા નિર્ણય કર્યો છે. ૪૦ લાખ રૂપિયાનો રોબોટ ડ્રેનેજનું ઢાંકણ ખોલવાની કામગીરી પણ કરશે. ૨૫ ફૂટની ઊંડાઈ સુધી જઈને સફાઈની કામગીર કરશે. જેમાં એક કેમેરો પણ હશે. જો ગેસ ચેમ્બરમાં વધુ પડતો ગેસ હશે તો તેની પણ માહિતી રોબર્ટ આપશે. આ પ્રકારે ડ્રેનેજની સફાઈની કામગીરી કરતું ગુજરાત રાજ્યનું પહેલું રાજ્ય બનશે.

પુરૂષનું મગજ ભ્રમિત કરીને ગઠીયા દાગીના ઉતારી ગયા

મોરાભાગળ પાસે આધેડ પુરૂષને ગઠીયા ભેટી ગયા

સુરત

આધેડ પુરૂષને વાતોમાં ભોળવી મગજ ભ્રમિત કરી બે અજાણ્યા ઈસમો સોનાના દાગીના ઘડિયાળ મળી કુલ રૂા.૭૫૩૦૦ની મતા ઉતરાવી લઈ નાસી ગયા હતા.

રાંદેર પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મોરાભાગળ ચાર રસ્તા ભગુનગરમાં રહેતાં અનિલ નરસિંહપ્રસાદ દવેએ આપેલી ફરિયાદ મુજબ ફરિયાદી અનિલભાઈ દવે (ઉ.વ.૬૭)ના સોસાયટીના ગેટ પાસે હતા, ત્યારે બે અજાણ્યા ઈસમોએ આવીને ફરિયાદીનું મગજ ભ્રમિત કરીને સોનાની ચેઈન, વીંટી, ઘડિયાળ ઉતરાવી લઈ નાસી ગયા હતા. રાંદેર પોલીસે ફરિયાદના આધારે રૂપિયા ૭૫૩૦૦ની ઠગાઈ કર્યાની ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

અસામાજિક તત્વોનો આતંકઃ કતારગામમાં ઘાતક હથિયારો સાથે ફરતા હોવાનો વીડિયો વાઈરલ

સુરત

કતારગામ વિસ્તારના વિજયનગર સોસાયટીનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થઈ રહ્યો છે. વાઈરલ થઈ રહેલા સીસીટીવીમાં એક અસામાજિક તત્વ પોતાના હાથમાં ઘાતક હથિયાર સાથે રિક્ષાવાળાને ડરાવી રહ્યો હોવાનું સામે આવી રહ્યું છે.

૧૩મી ફેબ્રુઆરીના રાત્રિના સમયે અસામાજિક તત્વ હાથમાં ચપ્પુની અણીએ રિક્ષાચાલકને ધાક ધમકી આપી રહ્યો હોવાનું સામે આવી રહ્યું છે. કતારગામ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવતા વિજયનગર વિભાગ ૨નો આ વીડિયો હોવાનું કહેવામાં આવી રહ્યું છે. કતારગામ વિસ્તારમાં અસામાજિક તત્વોના વધતા આતંક સામે સ્થાનિકો પોલીસ પેટ્રોલિંગને લઈને સવાલો ઉભા કરી રહ્યાં છે.

રાજપીપળા ખાતે શહીદોને શ્રદ્ધાંજલિ અપાઈ





(ભરત શાહ દ્વારા) રાજપીપળા

રાજપીપળા સફેદ ટાવર ખાતે વીએચપી અને આર એસ એસ ના હોદેદારો દ્વારા શહીદોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી જેમાં પુલવામાં શહીદ થયેલા જવાનો તેમજ નાંદોદ તાલુકા ના વતની અને ઈન્ડિયન આર્મી માં ફરજ પર જઈ રહેલા જવાન યોગેશભાઈ વસાવા ને શ્રદ્ધાંજલિ આપી હતી.આ શ્રદ્ધાંજલિ માં વિશ્વ હિન્દુ પરિસદ/આર એસ એસ ના હોદેદારો સાથે ભાજપ ના આગેવાનો એ પણ શહીદવિરોને કેન્ડલ સળગાવી શ્રદ્ધાંજલિ આપી હતી.

બેગમપુરા તુલસી ફળીયામાં ફરી પોલીસ ત્રાટકી : ૧૨ જુગારી ઝબ્બે

આજ સ્થળેથી અગાઉ પણ જુગાર પકડાયો હતો

સુરત

બેગમપુરા તુલસી ફળીયામાં વધુ એક વખત પોલીસે દરોડા પાડી ૧૨ જુગારીની ધરપકડ કરી હતી. પાંચ-પાંચ વખત આ વિસ્તારમાં પોલીસે જુગારધારા અન્વયે દરોડા પાડ્યા હતા. છતાં પણ ખુલ્લેઆમ જુગાર રમાય રહ્યો છે.

મહિધરપુરા પોલીસે મળેલી બાતમીના આધારે તુલસી ફળીયામાં ખ્વાજા એપાર્ટમેન્ટના પાર્કિંગમાં જુગાર રમતાં જશવંત રતિલાલ રાણા, ચંદુ ભગત, રફીક ઈબ્રાહીમ શેખ, સિરાજુદ્દીન ઉર્ફે કાલુ ઉસ્તાદ, જાવેદખાન પઠાણ, મોહંમદ જાકીર યુસુફ, ફિરોજ નિશાર, ઐયાઝ અહેમદ કુરેશી, સુરેશ ભગુ નાયકા, દિપુ દિનેશ દંતાણી, સલીમ મયુદ્દીન શેખ, મો.શફી મો. ઈસ્માઈલની ધરપકડ કરી રોકડા રૂપિયા ૧૬૪૦૦ કબજે કર્યા હતા. તમામ વિરૂદ્ધ મહિધરપુરા પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી હતી.

બર્થ-ડે પાર્ટી મનાવવા સગીરાને ઘરે બોલાવી શરીરસુખ માણનાર યુવકની ધરપકડ

નવસારી

નવસારીમાં બર્થ ડે પાર્ટી હોવાનું કહીને એક યુવકે સગીરાને ઘરે બોલાવી હતી. જે બાદ યુવકે સગીરાએ ના પાડવા છતાં શરીરસુખ માણ્યું હતું.

ઘટનાની વિગતમાં વાત કરીએ તો, નવસારીના કાગદીવાડ ટેક્નિકલ સ્કૂલની સામે રહેતાં કેવલ રાઠોડનો બર્થ ડે હતો. એટલે તેણે પોતાના ઘરે બર્થ ડે પાર્ટી હોવાનું કહી પોતાની એક સગીરાને બોલાવી હતી. હવે પ્રેમીનો બર્થ ડે હોવાથી સગીરા પણ સેલિબ્રેટ કરવા માટે યુવકના ઘરે પહોંચી હતી. પણ ઘરે પહોંચ્યા બાદ યુવકે સગીરાને ઘરે બોલાવવાનો અસલી ઈરાદો દેખાડ્યો હતો.

યુવક અને સગીરા જ્યારે બેડ પર સૂતા હતા ત્યારે કેવલે સગીરા પાસે શરીરસુખની માગણી કરતાં શારીરિક સંબંધ બાંધવા કહ્યું હતું. પણ સગીરાએ યુવકને સ્પષ્ટ ના પાડી હતી. સગીરાએ અનેક વખત ના પાડવા છતાં યુવકે અંતે સગીરાને લગ્નની લાલચ આપી ફોસલાવી હતી. અને સગીરા સાથે શારીરિક સંબંધ માણ્યો હતો. આ મામલે સગીરાએ પોલીસમાં ફરિયાદ કરતાં પોલીસે પોક્સો એક્ટ હેઠળ આરોપી યુવાન કેવલની ધરપકડ કરી હતી.